कर भला होगा भला

- છગનભા



વર્ષ : 6 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2016
સળંગ અંક : 36

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

શિક્ષકે ઉચ્ચારેલો એકાદ શબ્દ કોઈ ભાવી મહાજનના સૌજન્યની આધારશિલા બની રહે છે. શિક્ષક પોતાની કુલ શક્તિ કરતાં અનેકગણું પરિણામ નિપજાવી બેસે છે.

શિક્ષક ડાબે હાથે જે કાંઈ ઓરે છે તેનો પણ મબલક પાક ઊતરે છે. એટલે તો એ શું ઓરે છે, શું પૉરે છે, એ અંગે પોતે પૂરો સાવધ હોવો ઘટે.

આવાં માસૂમ ફૂલો માણસના હાથમાં સોંપવાનું સાહસ પરમેશ્વર જ કરી શકે.

ઉત્તમમાં ઉત્તમ માનવમાળીઓ બાળકેળવણીના કામમાં રોકાયેલાં ન હોવા જોઈએ?

સત્યયુગની, સત્યયુગ કરતાંય અદકી શક્યતાઓ ક્યાંય ચમકી રહી હોય તો તે બાળકોની કીકીઓમાં.

આ ચેતનની ખેતી છે ને લણણી છે જીવનની.

✳

દેશની ધર્મસમૃદ્ધિ બેચાર બ્રહ્મજ્ઞાનીઓથી નહિ પણ સમગ્ર પ્રજાની ધાર્મિક વર્તણૂકથી મપાય. ગાંધીજી પછી બ્રહ્મજ્ઞાનીઓની પણ આ દેશમાં કસોટી છે. જેમાંથી મેદાનોને ફળદ્રુપ કરતી ગંગા ન વહે તેને હિમાલય કહેતાં સૌ ખચકાશે. સામાન્ય સમાજનું આત્મિક પોત સુધરે એ આપણી એક મોટી જરૂરિયાત છે. તેને માટે ગુફામાં નાક પકડીને બેસવાની જરૂર નથી, કાર્યના કેન્દ્રમાં પડેલી વિરતિ માટે મથવાનું છે. **धर्मो रक्षति रक्षित:** – ધર્મનું આપણે રક્ષણ કરીશું તો ધર્મ આપણું રક્ષણ કરશે.

**ઉમાશંકર જોશી**



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદ દ્વારા 'કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવૉર્ડ – વર્ષ ૨૦૧૫' એનાયત કરી રહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી






ડૉ. સી. એલ. પટેલને વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદ દ્વારા 'કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવૉર્ડ – વર્ષ ૨૦૧૬' એનાયત કરી રહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૬, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૬; સળંગ અંક : ૩૬

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : વિશ્વ ગુજરાતી સમાજ : શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા અવૉર્ડ : વર્ષ ૨૦૧૫ -૨૦૧૬
  – પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
  – ડૉ. સી. એલ. પટેલ
  મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : સ્વ. ભોળાભાઈ પટેલ ૧૪

૧. પારેવડા-કુટી
ઉમાશંકર જોશી ૧૫
૨. ગુજરાતી લોહીની પરખ મોહનલાલ પટેલ ૧૮
૩. વાસ્તવિક સંખ્યાઓ
વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૧
૪. વફાદારીની પહેલ પ્રહ્‌લાદભાઈ છ. પટેલ ૨૫
૫. વાચનની તવારીખના ખાંભા જયંત મેઘાણી ૨૬
૬. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૨૭
– જૈન વિશ્વકોશ / સંપા. ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા
– ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક : મીમાંસા પર્વ/ સંપા. સિતાંશું યશશ્ચંદ્ર
૭. સંસ્થા સમાચાર
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૪
– શાળા વિભાગ ૪૪


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### વિશ્વ ગુજરાતી સમાજ : શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા અવૉર્ડ : વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬

વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદના ઉપક્રમે સ્વ. કનૈયાલાલ દેસાઈ સ્મારક ટ્રસ્ટ, સુરતના સહયોગથી ગુજરાતના સામાજિક જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરનારા મહાનુભાવોને 'કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા અવૉર્ડ' એનાયત કરવામાં આવે છે. આ અન્વયે વર્ષ ૨૦૧૫નો અવૉર્ડ લબ્ધપ્રતિષ્ઠ સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને અને ૨૦૧૬નો અવૉર્ડ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ 'શિક્ષણમહર્ષિ' ડૉ. સી. એલ. પટેલને અર્પણ કરવા માટેના સમારોહનું આયોજન ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના મુખ્યમહેમાન પદે તથા જ્ઞાનપીઠ અવૉર્ડ વિજેતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં અને વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી કૃષ્ણકાંત વખારિયાના પ્રમુખપદે તા. ૧૯ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના હીરક મહોત્સવ ખંડમાં કરવામાં આવતાં માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે આ બંને મહાનુભાવોને પ્રસ્તુત અવૉર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અન્વયે પ્રત્યેકને પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂપિયા એક લાખની રકમ અર્પણ કરવામાં આવી હતી. ખાસ નોંધપાત્ર બાબત એ કે આ ગૌરવશીલ અવૉર્ડ સ્વીકાર્યા બાદ

ડૉ. કુમારપાળ દેસાઈએ આ અવૉર્ડની રકમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ને અર્પણ કરવાનું જાહેર કર્યું હતું. અને ડૉ. સી. એલ. પટેલે વિનમ્રભાવે જણાવેલ કે પોતે કોઈ અવૉર્ડની ધનરાશિ સ્વીકારતા નથી તેથી તેમણે આ રકમ 'વિશ્વ ગુજરાતી સમાજ'ને સાદર પરત કરી હતી.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ બૃહદ સર્વ વિદ્યાલય પરિવાર તરફથી આ બંને મહાનુભાવોને હાર્દિક અભિનંદન પાઠવતાં હૃદયનો રાજીપો અનુભવવાની સાથે ગર્વની લાગણી અનુભવે છે.

❖

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જૈન ધર્મ અને દર્શનનાં અહિંસા, અનેકાન્તવાદ, સ્યાદવાદ વગેરે તત્ત્વોથી અનુપ્રાણિત; માંગલ્ય-પથ-પ્રેરક સાહિત્યના સર્જક પિતા જયભિખ્ખુ (૧૯૦૮-૧૯૬૯)ની અણમોલ સાંસ્કૃતિક વિરાસતને ઉજમાળનાર તથા પિતાશ્રીએ પોતાના અવસાનના પ્રાયઃ એકાદ માસ પૂર્વે લખેલી રોજનીશીમાં પરિવાર માટે આપેલ વિદાયસંદેશનું અંતિમ વિધાન 'સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું'ને જિંદગીની બુનિયાદ તરીકે સ્વીકારીને તેનું અણિશુદ્ધ નિર્વહણ કરનાર તેમ જ ગુજરાતી ભાષા-સાહિત્યના દીપસ્તંભ સમાન સર્જકો સર્વશ્રી મધુસૂદન પારેખ, અનંતરાય રાવળ, ધીરુભાઈ ઠાકર, નગીનદાસ પારેખ, યશવંત શુકલ, ઉમાશંકર જોશી, પ્રબોધ પંડિત વગેરેને પોતાના ગુરુજનો તરીકે મેળવીને તેમનું શિષ્યત્વ ચરિતાર્થ કરી રહેલ કુમારપાળ દેસાઈ (૧૯૪૨) ભારતીય અસ્મિતાનું એક ગૌરવ શિખર છે. તેમણે શબ્દબ્રહ્મની ઉપાસના થકી સાહિત્ય (ચરિત્ર, વિવેચન, સંશોધન, કથા, અનુવાદ, સંપાદન, બાળસાહિત્ય વગેરે), ધર્મ-દર્શન, શિક્ષણ, પત્રકારત્વ, રમતગમત વગેરે ક્ષેત્રોને પોતાનાં પ્રાણવતાં અને મૂલ્યનિષ્ઠ પ્રકાશનોથી સમૃદ્ધ કર્યાં છે. તેમણે ઐતિહાસિક અને ધાર્મિક કથાનકો - ચરિત્રોનું અધ્યયન - દોહન કરીને - 'ઇતિહાસપુરાણાભ્યાં વેદાર્થમ્ ઉપબૃહયેત્ – ઇતિહાસ દ્વારા જીવનના રહસ્યજ્ઞાનને' રસળતી અને પ્રવાહી શૈલીમાં ઉદ્‌ઘાટિત કરી આપીને માનવસમાજની મોટી સેવા કરી છે - કરી રહ્યા છે. અહીં તેમનું સ્વધર્મના પાલનમાં પ્રતિબદ્ધ અધ્યાપક અને સંશોધકનું પાસું સ્વતઃ ઉજાગર થતું જોવા મળે છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં પૂર્ણતઃ પ્રતિબદ્ધ અને સમર્પિત ભાવે સેવાઓ આપતાં તેના પર્યાય બની રહેલા કુમારપાળભાઈ આ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી વિશ્વકોશ'ના મુખ્ય સંપાદક તથા પોતાના ગુરુ સ્વ. ડૉ. ધીરુભાઈ ઠાકરનાં સ્વપ્નો સાકાર કરવામાં તેમનો પડતો બોલ ઝીલીને આ ટ્રસ્ટને સાહિત્યિક — સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના જીવંત કેન્દ્રમાં પરિવર્તિત કરીને ભારતીય ભાષા-સાહિત્યના વિશ્વકોશ કાર્યાલયમાં આ કાર્યાલય / ટ્રસ્ટને એક ઉદાહરણ સ્વરૂપ સંસ્થા તરીકે પ્રસ્થાપિત કરી આપી છે. જેમાં અહીં આપણને તેમનાં વહીવટીય કોઠાસૂઝ, સંકલ્પશક્તિ અને કઠોર પુરુષાર્થનાં અનેરાં દર્શન થાય છે. પોતાનાં સેવાકાર્યોની સુવાસ, જનસમુદાયનો પ્રાપ્ત કરેલો વિશ્વાસ અને સર્જક - પ્રતિભાના ત્રિવેણી સંગમથી અનેકવિધ યોજનાઓ હેઠળ દાતાશ્રીઓ પાસેથી દાન મેળવીને આ ટ્રસ્ટને આર્થિક રીતે પગભર કરવામાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. આ સાથે નોંધવું રહ્યું કે એક ગૂર્જર જૈનધર્માવલમ્બી તરીકે જૈન ધર્મ - દર્શનના પ્રચાર - પ્રસારમાં પોતાનાં વિદ્વત્ત અને લોકભોગ્ય બહુવિધ પ્રકાશનો, ભાષણો તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જૈન સંગઠનોમાં પોતાની પ્રત્યક્ષ અને સક્રિય ભાગીદારી / નેતૃત્વથી જૈન સમાજ અને તેની સાથે ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે. આવું જ એક મોટું શ્રેય જૈન ધર્મના પ્રથમ વિશ્વકોશનું ગુજરાતી ભાષામાં ગુણવંત બરવાળિયાના સહસંપાદકત્વ સાથે દષ્ટિવંત 'જૈન વિશ્વકોશ, ભાગ-૧' (૨૦૧૬)નું યશોજ્જ્વલ પ્રકાશનના માધ્યમથી ગુજરાતી ભાષા અને ગુજરાતને અપાવ્યું છે. આ બધીય ઉપલબ્ધિઓને વળોટી જાય તેવું તેમનું નિખાલસ અને નમ્રતાપૂર્ણ વ્યક્તિત્વ, સદાય પ્રસન્નવદને આર્દ્રતા સાથે - માનવીય ઉષ્મા સાથે સૌને મળવાનો તથા પરગજુપણાનો તેમનો પ્રકૃતિદત્ત સ્વભાવ સ્પર્શી જાય છે. પરિણામે કુમારપાળભાઈ સૌના બની રહ્યા છે.

સંશોધક - વિવેચક તરીકે તેમની પરિપક્વ પ્રતિભાની પ્રતીતિ તેમણે પીએચ.ડી. ડિગ્રી હેતુ ડૉ.

ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધપ્રબંધ 'આનંદઘન : એક અધ્યયન' અને આ જ શીર્ષક હેઠળ ૧૯૮૦માં પ્રગટ કરેલ ગ્રંથના માધ્યમથી થાય છે. પ્રાયઃ અજ્ઞાત એવા આ મધ્યકાલીન દાર્શનિક - કવિના સઘન અધ્યયન હેતુ મલ્લિનાથી આદર્શને ધ્યાને લઈને વિવિધ જ્ઞાનભંડારો ફંફોસી જોઈને આનંદઘનની કૃતિઓની ૪૦૦ જેટલી હસ્તપ્રતો તથા અન્ય પ્રકાશિત સાહિત્યનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અવલોકન કરીને પ્રમાણભૂત વિગતો ઉજાગર કરી આપી છે. વળી, નોંધપાત્ર બાબત એ કે ઉપાધિ મેળવ્યા બાદ પણ આનંદઘન અને મધ્યકાલીન સાહિત્યને પોતાના રસ અને અધ્યયન સંશોધનનો વિષય બનાવીને સંશોધનકાર્ય ચાલુ રાખતાં તેમની પાસેથી 'આનંદઘન : જીવન અને કવન' (૧૯૮૮), જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તબક (૧૯૮૦), અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ (૧૯૮૨), મેરુસુંદર ઉપાધ્યાયરચિત અજિતશાંતિ સ્તવનો અને બાલાવબોધ (૧૯૯૦), વગેરે કૃતિઓ સાંપડી છે. 'સ્તબક'ના સંપાદનમાં મોતીચંદ કાપડિયાના સંપાદનની મર્યાદાઓ - મૂળ પાઠના સ્થાને આધુનિક શબ્દોનો વિનિયોગ-ને તારવી બતાવી છે. આ ગ્રંથને આવકારતાં પંડિત દલસુખ માલવણિયાએ લેખકની સંશોધનશક્તિની ઘણી ઊંડાણ સુધી પહોંચની નોંધ લીધી છે. 'અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ'માં ૨૨ કૃતિઓનું સંપાદન કર્યું છે. આ ગ્રંથના અંત ભાગમાં સંક્ષેપમાં કવિ-પરિચયો, કાવ્યરસાસ્વાદ અને પ્રત્યેક કૃતિના મૂળસ્રોતનો કાળજીપૂર્વક કરેલ ઉલ્લેખ તથા આ સંપાદનમાં 'ભલે મોટી' શીર્ષક હેઠળની કવિતા કક્કો કઈ રીતે શીખવાડાય છે તે સંબંધી છે, જે અનેકવિધ રીતે ધ્યાનાર્હ બની રહે છે. 'શબ્દસમીપ' તેમનો પ્રતિનિધિસ્વરૂપ વિવેચન ગ્રંથ છે, જેને ભોળાભાઈ પટેલે લેખકની 'વાઙ્મય ઉપાસનાનો દ્યોતક' ગણાવ્યો છે. અહીં કુલ ૨૯ લેખો ગ્રંથસ્થ છે, જેમાં હેમચંદ્રાચાર્યથી શરૂ કરીને સામ્પ્રતકાલીન સર્જકો - ભારતીય અને પાશ્ચાત્ય, સાહિત્યસ્વરૂપો, કૃતિઓ વગેરે વિષયક સ-રસ અભ્યાસનિષ્ઠ વિવેચનો ગ્રંથસ્થ છે, જે તેમની અધ્યાપકીયનિષ્ઠા અને વ્યાપક વાંચનની સાહેદી પૂરે છે. આ ઉપરાંત 'શબ્દસંનિધિ' (૧૯૮૦), 'હેમચંદ્રાચાર્ય' (૧૯૮૮, સંશોધિત સંસ્કરણ ૨૦૧૫), 'ભાવન-વિભાવન' (૧૯૮૮), 'સાહિત્યિક નિસબત' (૨૦૦૮) વગેરે તેમના વિવેચન ગ્રંથો છે.

સમાજના વિવિધ સ્તર અને રસરુચિ ધરાવતી વ્યક્તિઓ / પ્રતિભાઓના ચરિત્રાલેખનમાં કુમારપાળભાઈના સર્જકત્વ અને સંશોધકીય અભિગમનો સુભગ સમન્વય સધાવવાના પરિણામે તેમનાં ચરિત્રચિત્રણો હૃદયસ્પર્શી અને પ્રમાણભૂત બની મહોરી રહ્યાં છે. ચરિત્રનાયકના જીવનસંબંધી માહિતી મેળવવા માટે ભારે પુરુષાર્થ કરવાના પરિણામે ઘણી અજ્ઞાત માહિતી ઉજાગર કરી શક્યા છે, જેથી આ ચરિત્રો તાજગીસભર અનુભવાય છે. પ્રેમચંદભાઈના ચરિત્રચિત્રણ માટે લેખકે માહિતી શોધ અને સંશોધન માટે એક મિસાલ સમાન કાર્ય કર્યું છે. તેમણે સ્વયં નોંધ્યું છે કે 'એક વિરાટ પ્રતિભાને વ્યાપમાં લેવા માટે લાંબું ભ્રમણ કર્યું. પુષ્કળ સંશોધન કર્યું.' તેમણે ૨૦ જેટલા ચરિત્રગ્રંથોનું સર્જન કર્યું છે, જેમાં ૧૫૦થી અધિક ચરિત્રોનો સમાવેશ થાય છે. આ પૈકી મહાત્મા ગાંધીજીના આદર્શોને વાસ્તવમાં સાકાર કરનાર દેશપ્રેમી પ્રેમચંદ વ્રજપાળનું ચરિત્ર 'માનવતાની મહેક' (૨૦૦૦), જીવન જીવવાની આશા ગુમાવી દેનારના જીવનમાં નવસંચાર પેદા કરી પુરુષાર્થ કરવા પ્રેરે તેવા ઉદ્યોગપતિ યુ. એન. મહેતાની જીવનકથા 'આફતોની આંધી વચ્ચે સમૃદ્ધિનું શિખર' (૧૯૯૯), 'ભારતીય સંસ્કૃતિનો આત્મા : વીરચંદ રાઘવજી ગાંધીનું ચરિત્ર' (૨૦૦૯), જીવતરની વાટે અક્ષરનો દીવો' (૨૦૧૪), 'તીર્થંકર મહાવીર' (૨૦૦૪), અપંગનાં ઓજસ (૧૯૭૩), 'લાલ ગુલાબ' (૧૯૬૫), મહામાનવ શાસ્ત્રી, (૧૯૬૬) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. બાળકો માટે લખાયેલું 'લાલ ગુલાબ' લાલ બહાદુર શાસ્ત્રીના જીવનની ઘટનાઓનું રસપ્રદ આલેખન કરે છે, જેની ૬૦ હજારથી અધિક નકલો વેચાઈ ચૂકી છે. વીરચંદ રાઘવજીના ચરિત્ર ચિત્રણના પ્રારંભમાં લેખકે નોંધેલ શબ્દો : 'જે સમાજ પોતાના ભૂતકાળનું વિસ્મરણ કરે છે, એનો ભવિષ્યકાળ હોતો નથી. વીરચંદ રાઘવજી ગાંધીના વિસ્મરણથી ઘણી મોટી કિંમત સમાજને ચૂકવવી પડી છે... (તેમને) ભારતીય સંસ્કૃતિનો આત્મા તરીકે ઓળખવાની અને રાષ્ટ્રમાં સ્થાપન કરવાની જરૂર છે.'માં લેખકનાં દેશદાઝ

અને વીરચંદ ગાંધીના સાહિત્યના સઘન અધ્યયનનાં પ્રતીતિકારક બની રહે છે. 'જીવતરની વાટે અક્ષરનો દીવો' (૨૦૧૫)માં અક્ષરના આરાધક અને પ્રેરણાદાયી જીવન જીવી જનાર પોતાના ઝિંદાદિલ પિતા જયભિખ્ખુના જીવનચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. જીવનચરિત્ર એ ઇતિહાસ તથા ચરિત્રનાયકની આગવી ઓળખ રજૂ કરતો શોધગ્રંથ હોવાની સભાનતા સાથે પ્રાપ્ત સાહિત્યને કાળજીથી તપાસી જઈને એક પ્રમાણભૂત ચરિત્ર આપ્યું છે. અહીં લેખકનાં અવલોકનશક્તિ, વસ્તુસંકલના અને રંગપૂરણીકળા પ્રભાવક રહ્યાં હોવાથી વાચકને રસિક અને મૂલ્યબોધથી હર્યા ભર્યા ચરિત્રગ્રંથનું ઉમંગથી વાંચન કરવા પ્રેરે છે. ગુજરાતી ચરિત્રસાહિત્યનું આ એક મૂલ્યવાન ઉમેરણ બની પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે છે.

'ગુજરાત સમાચાર'માં ૧૯૫૪થી ચાલતી લોકપ્રિય કૉલમ 'ઈંટ અને ઇમારત'ના લેખક જયભિખ્ખુનું ૧૯૬૯માં અવસાન થતાં આ કૉલમ ચાલુ રાખવા માટે પ્રસ્તુત પત્રના અધિપતિ શાંતિલાલ શાહે લેખકના યુવાનપુત્ર કુમારપાળની શક્તિઓને પારખીને આ જવાબદારી સાંપતાં આજે ૪૭ વર્ષથી કૉલમ ચાલુ છે. આ કૉલમમાં તેમનો ઉર્દૂ કવિતા પ્રત્યેનો પ્રેમ છલકાઈ આવે છે. આ જ પત્રમાં લેખકની અન્ય કૉલમો 'ઝાકળ બન્યું મોતી', 'પારિજાતનો પરિસંવાદ', 'આકાશની ઓળખ' અને 'ક્ષણનો સાક્ષાત્કાર' કૉલમો પણ ચાલુ છે, જે લેખકના શીઘ્ર, સર્જકત્વ, ચિંતનશક્તિ અને લોકપ્રિયતાનાં પ્રતીતિકારક છે.. આ ઉપરાંત પત્રકારત્વનું લાંબા સમય સુધી અધ્યાપન અને આ સંબંધી મૌલિક ગ્રંથ 'અખબારનું લેખન' તથા સંપાદિત ગ્રંથ 'સાહિત્ય અને પત્રકારત્વ' (૧૯૮૦) પત્રકારત્વ ક્ષેત્રમાં તેમના પ્રદાનનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે. રમતગમત અને સવિશેષતઃ ક્રિકેટમાં જીવંત રસ ધરાવતા હોવાની સાથે તેઓશ્રી ક્રિકેટકળાના કસબી તરીકે પણ ખ્યાત છે. સુધીર તલાટીના જણાવ્યા મુજબ કુમારપાળભાઈએ આજ સુધી રમતગમત વિશે ૩૦૦ જેટલાં ભાષણો આપ્યાં છે. ક્રિકેટ સંબંધી તેમના ગ્રંથો 'ક્રિકેટ રમતાં શીખો', 'ક્રિકેટજંગ' વગેરે તથા દિવ્યાંગોવાળા છતાં પ્રખર રમતવીરોનાં ચરિત્રો રજૂ કરતો ગ્રંથ 'અપંગના ઓજસ', 'લાલા અમરનાથ' વગેરે ભારે વેચાણ ધરાવતાં પુસ્તકો તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે આ સંબંધી એક કૉલમ પણ શરૂ કરી હતી. 'અપંગનાં ઓજસ' હિન્દી, અને અંગ્રેજીમાં અનૂદિત થઈ છે, જેની એકાધિક આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

જૈન ધર્મના અનુયાયી હોવાની સાથે સાથે તેના અધ્યેતા અને જ્ઞાતા તરીકે પણ તેઓશ્રી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત છે, જેની પ્રતીતિ તેમનાં આ સંબંધી પ્રકાશનો અને પર્યુષણ વ્યાખ્યાનોના માધ્યમથી થાય છે. વિદેશોમાં તેમનાં વિદગ્ધ વ્યાખ્યાનોએ ભારે મોટું ઘેલું લગાડ્યું છે. આ વ્યાખ્યાનોના માધ્યમથી તેઓશ્રી વિદેશોમાં જૈન દર્શન અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સંસ્કૃતિના દૂત તરીકેનું યશસ્વી કાર્ય કરી રહ્યા છે. જૈન ધર્મ અને દર્શનના હાર્દને પ્રસ્તુત કરતા તેમના ગ્રંથોની આગવી વિશેષતા એ છે કે સામ્પ્રતકાળમાં જૈન ધર્મ અને દર્શનની પ્રસ્તુતતા સમજાવવાની સાથે સાથે આજની નવી પેઢીને ગળે ઊતરે તેવી વૈજ્ઞાનિક તાર્કિકતા સાથેની સુપથ્યકારક ભાષા-શૈલી ધરાવે છે. આ સંબંધી તેમના ૧૬ ગ્રંથો અંગ્રેજીમાં અને ઘણાબધા ગ્રંથો ગુજરાતીમાં પ્રગટ થયા છે. આ પૈકી કેટલાક ગ્રંથો બંને ભાષાઓમાં પ્રકાશિત છે, જેમાં રોજિંદા જીવનમાં વણાઈ ગયેલા મંત્રના રહસ્યને સરળ ભાષામાં સમજાવતો તથા જિજ્ઞાસુઓના ઉત્તરો સાથેનો ગ્રંથ 'નવકાર મહામંત્ર', ચતુર્વિધસંઘના સાધુ-સાધ્વીઓ તથા શ્રાવક - શ્રાવિકાઓનાં ૧૦૮ ચરિત્રોને - જૈન ધર્મની ઉદાત્ત ભાવનાઓ પ્રગટાવતો ગ્રંથ 'જિનશાસનની કીર્તિગાથા - 'Glory of Jainism', 'આતમજ્ઞાની શ્રમણ કહાવે', 'અબ હમ અમર ભયે', 'A Journey of Ahimsa', 'The Pinnacle of Spirituality', 'Jainism : The Cosmic Vision' વગેરે ઉલ્લેખનીય છે. ભગવાન મહાવીરનું સામ્પ્રદાયિકતાથી પર વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જીવનચરિત્ર રજૂ કરતો સચિત્ર વિશ્વકોશીય ગ્રંથ 'તીર્થંકર મહાવીર' એક દષ્ટિસંપન્ન અને શ્રમસાધ્ય છે. ખરા અર્થમાં આ એક આકર ગ્રંથ છે. દર્શનીય ગ્રંથ છે. શિલ્પસમૃદ્ધિની દષ્ટિએ અનુપમ કલાસૌંદર્યનો ખજાનો ધરાવતું 'ત્રૈલોક્યદીપક રાણકપૂર તીર્થ' તેના વિષયવસ્તુની અભિવ્યક્તિ અને ફોટોગ્રાફીની

દૃષ્ટિએ બેનમૂન છે. લેખકે પ્રાપ્ત ચૈત્યપરિપાટીઓ અને અન્ય સાહિત્યનું અવગાહન કરીને તેનો કડીબદ્ધ ઇતિહાસ દર્શાવીને પરિચય કરાવ્યો છે. આ તીર્થ સંબંધી લેખકે પ્રયોજેલ લોકોક્તિ 'કટકુ બટકુ ખાજે, પણ રાણકપૂર જાજે' વાચકને સ્પર્શી જાય છે અને તીર્થના દર્શને જવા ઉદ્યત કરે છે.

ઇતિહાસ, પુરાણો, હકીકતજન્ય કથાઓ અને રોલ મોડલ સમ વ્યક્તિઓના જીવન આધારિત બાળસાહિત્યનું સર્જન કરવા પાછળનો તેમનો મૂળભૂત હેતુ મૂલ્યોની પ્રસ્થાપના કરવાની સાથે સાથે બાળકોના જીવનમાં ઉત્સાહ અને ચેતના પેદા કરવા ઉપરાંત પોતે પણ આવું કાર્ય કરી શકે તે માટે પ્રેરિત કરવાનો રહ્યો છે. આ અંતર્ગત લાલબહાદુર શાસ્ત્રીનું જીવનચરિત્ર 'લાલ ગુલાબ', દેશભક્તોની પ્રેરક વાતોનું 'વતન, તારાં રતન', કચ્છના વીરોની સાહસ અને બલિદાન ગાથાઓનું 'કેડે કટારી ખભે ઢાલ', સત્યઘટનાઓ આધારિત દેશનાં વીર બાળકોની બહાદુરી વર્ણવતું 'હૈયું નાનું હિંમત મોટી' તથા 'નાની ઉંમર, મોટું કામ', રાજા ભીમદેવનો ચતુર અને દેશાભિમાની મંત્રીનાં પરાક્રમો સંબંધી 'ડાહ્યો ડમરો', સમાજના મશાલચી 'બાળકોના બુદ્ધિસાગરજી'નું ચરિત્ર વગેરે તેમનાં બહુવંચાતાં બાળપ્રિય તથા પ્રૌઢવાચકોને પણ સ્પર્શી જાય તેવાં પુસ્તકો છે. આ ઉપરાંત તેમણે સાહિત્ય, બાળસાહિત્ય, સાહિત્યકારો, જૈન ધર્મ-દર્શન, પત્રકારત્વ વગેરે વિશે અભ્યાસનિષ્ઠ સંપાદનો આપ્યાં છે. સુબોધ શૈલીમાં રચાયેલું અને રસાયેલું તેમનું ચિંતનસાહિત્ય પણ પ્રશસ્ય રહ્યું છે. આ પૈકી 'ઝાકળ ભીનાં મોતી', 'ક્ષમાપના', 'ક્ષણનો સાક્ષાત્કાર', 'માનવતાની મહેક', 'મોતીની ખેતી' વગેરે ચિત્તાકર્ષક કૃતિઓ છે.

ઉલ્લેખનીય છે કે આવા આપણા ગરવા સર્જક, સમાજહિતચિંતક અને મૂઠી ઊંચેરા માનવી કુમારપાળભાઈનો જન્મ અમદાવાદમાં ૩૦ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષયમાં એમ. એ.ની ડિગ્રી મેળવ્યા બાદ નવગુજરાત આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાઈને કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જોકે આ પૂર્વે ૧૯૬૪-૬૫ના વર્ષમાં એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ફેલો તરીકે તેમણે સેવાઓ આપી હતી. નવગુજરાત કૉલેજ (૧૯૬૫-૧૯૮૩)માં સેવાઓ આપ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ (૧૯૮૩)માં પ્રારંભમાં વ્યાખ્યાતા અને ત્યાર બાદ રીડર, પ્રોફેસર તથા અધ્યક્ષ તરીકે યશસ્વી સેવાઓ આપી વર્ષ ૨૦૦૪માં સેવાનિવૃત્ત થયા છે. આ દરમિયાન યુનિવર્સિટીમાં ભાષાભવનના નિયામક (૨૦૦૧-૨૦૦૪), આર્ટ્સ ફેકલ્ટીના ડીન (૨૦૦૧-૨૦૦૪) તથા લાંબા સમય સુધી પત્રકારત્વના અધ્યાપક તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી હાલમાં ગૂજરાત વિદ્યાપીઠના એડજન્કટ પ્રોફેસર તરીકે તથા જૈન વિશ્વભારતી, લાડનૂના પ્રોફેસર ઑફ એમરીટ્સ તથા 'જૈનદર્શન અને તુલનાત્મક ધર્મ' વિષયના પીએચ. ડી.ના માર્ગદર્શક તરીકે સેવાઓ આપે છે. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતી ભાષા-સાહિત્ય, પત્રકારત્વ, જૈનદર્શન, ગાંધીદર્શન અને શાંતિ સંશોધન વિષયો હેઠળ ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. પોતાની વ્યવસાયિક ફરજો ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવનાર અહિંસા યુનિવર્સિટીના એક્ટ ઍન્ડ પ્રોજેક્ટ સમિતિના ચેરમૅન, ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ (૨૦૦૭-૨૦૦૮) તથા આ પૂર્વે તેના મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. હાલમાં ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ, શ્રી ચન્દ્રવદન મહેતા સ્મારક સમિતિ તેમજ પ્રા. અનંતરાય મ. રાવળ સ્મારક સમિતિના પ્રમુખ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના મંત્રી, ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ભારતના મેનેજિંગ ટ્રસ્ટી, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે વિવિધ સંસ્થાઓમાં સેવાઓ આપી રહ્યા છે.

આગળ ઉપર દર્શાવેલાં અનેકવિધ ક્ષેત્રોમાં તેમની બહુઆયામી અને બહુશ્રુત સેવાઓ અને અસાધારણ પ્રદાનને ધ્યાને લઈને રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરની વિખ્યાત સંસ્થાઓ દ્વારા પોતાના બહુમૂલ્ય અવૉર્ડ એનાયત કરીને તેમને વિભૂષિત કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ચર્ચાય છે કે ગુજરાતમાંથી સૌથી વધુ સંખ્યામાં ગણનાપાત્ર એવૉર્ડો - માન સન્માનો મેળવવાનું શ્રેય કુમારપાળભાઈના શિરે જાય છે, જેની સંખ્યા ૫૦થી અધિક છે. આ પૈકી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શિક્ષણ,

સાહિત્ય અને સંસ્કૃતિના કાર્ય માટે 'પદ્મશ્રી' (૨૦૦૪), ગુજરાત સરકાર દ્વારા 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' (૨૦૧૧), ગુજરાત સાહિત્ય સભા દ્વારા 'શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક' (૨૦૧૫), વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા અવૉર્ડ' (૨૦૧૫), મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અકાદમી દ્વારા 'કવિ નર્મદ પારિતોષિક' (૨૦૧૪), રાજસ્થાનની લોકસંસ્કૃતિ સંસ્થાન દ્વારા 'હનુમાનપ્રસાદ પોદાર પારિતોષિક' (૧૯૮૩), હ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા દ્વારા 'લાઈફ ટાઇમ એચિવમેન્ટ અવૉર્ડ' (૨૦૦૪), અમેરિકાની જૈન સંસ્થાઓના ફેડરેશન 'જૈના' દ્વારા 'પ્રેસિડેન્ટ સ્પેશિયલ અવૉર્ડ', ગ્રેટ બ્રિટનની ૧૭ જેટલી સંસ્થાઓ દ્વારા 'હેમચંદ્રાચાર્ય અવૉર્ડ' (૧૯૮૯), ભગવાન મહાવીર ૨૬૦૦મી જન્મકલ્યાણક સમિતિ તરફથી વિશ્વના ૨૬ જૈન અગ્રણીઓને વડાપ્રધાન વાજપેયીના હસ્તે અપાયેલા અવૉર્ડ પૈકી એક 'જૈન રત્ન અવૉર્ડ' (૨૦૦૧), જૈન સોશ્યલ ગ્રૂપ ફેડરેશન દ્વારા 'જૈન વિભૂષણ' ૯૨૦૧૨), અહિંસા ફાઉન્ડેશન, ઇન્દોર દ્વારા 'અહિંસા રત્ન અલંકરણ' (૨૦૧૬) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત તેમનાં ઘણાં પુસ્તકો અનેકવિધ સંસ્થાઓ તેમજ રાજ્ય / કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યાં છે.

આમ, સમગ્રતયા કુમારપાળભાઈ ખરા અર્થમાં એક વ્યક્તિ અને સર્જક તરીકે સમાજ હિતચિંતક પ્રતિભા-પુરુષ ઊપસી આવે છે. સ્કંદપુરાણના માહેશ્વરખંડ (૫૫/૧૩૯)ની સૂક્તિ 'कुलं पवित्रं, जननी कृतार्था वसुन्धरा भाग्यवती च तेन' કુળ દીપક – રાષ્ટ્રદીપક કુમારપાળભાઈને યથાર્થમાં લાગુ પડે છે. કવિઓના આશ્રયદાતા અને કવિ મહામાત્ય વસ્તુપાલને 'કૂર્ચાલ સરસ્વતી' = 'દાઢી વાળી સરસ્વતી' તરીકે નવાજવામાં આવતા હતા. આજના સમયમાં આ બિરુદના અધિકારી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ બની રહે છે.

### સર્જકોની દૃષ્ટિમાં

તેઓ બહુમુખી પ્રતિભાના એક વિદ્વાન અને સાહિત્યિક પત્રકાર તરીકે જે સ્થાન શોભાવી રહ્યા છે એ જ એમને પ્રથમ પંક્તિની સારસ્વતતા અર્પે છે.

**કે. કા. શાસ્ત્રી**

એમ કહેવાય છે કે વણિકજન ધન સાચવી અને પચાવી જાણે. આ વરિષ્ઠ વણિકજને સિદ્ધિઓ પણ પચાવી છે. સિદ્ધિઓને કારણે તેમના મગજમાં પવન ભરાયો નથી તેનું સૌને સાનંદાશ્ચર્ય છે. આ ભદ્રશીલ સંસ્કારસેવક ગુજરાતનું કીમતી રત્ન છે.

**ધીરુભાઈ ઠાકર**

કુમારપાળે એક સર્જક તરીકે કથાઓનું, જીવનચરિત્રોનું, બાળસાહિત્યની રચનાઓનું નિર્માણ કર્યું છે, પણ 'શબ્દસમીપ'માં તેઓ વિવેચક છે, જે સન્નિષ્ઠ અધ્યાપક પણ છે. આધુનિક વિવેચન કે વિવેચનાત્મક અભ્યાસનું ઉગમસ્થાન સાહિત્યના વર્ગની ચાર દીવાલો છે, એવા અર્થનું એલિયટનું વિધાન 'શબ્દસમીપ'ના અભ્યાસનિષ્ઠ વિવેચક સંદર્ભે યોજી શકાય એમ છે.

**ભોળાભાઈ પટેલ**

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનને જગતનાં વિવિધ નગરોના શ્રોતાઓ સમક્ષ અદ્યતન જીવંત પ્રણાલીને ઉપકારક નીવડે એ રીતે વ્યાખ્યાન આપી શકે છે અને સંવાદ સાધી શકે છે એ એમની સૌથી મોટી સિદ્ધિ છે. ગઝલના લોકપ્રિય શેર અને અનેકાંતવાદના બે ધ્રુવો વચ્ચે કેટકેટલા સહૃદયોની સંવેદના સેતુરૂપ બની હશે એ જ ઉપલબ્ધિ.

**રઘુવીર ચૌધરી**

કુમારપાળ મહાજનપરંપરાના નબીરા છે. મુત્સદીપણું ને માણસાઈ - બેયની સમતુલા દ્વારા એમણે જાહેરજીવનનાં કાર્યો સલૂકાઈથી નિપટાવવાની કળા બરોબર આત્મસાત્ કરી છે. કારકિર્દી ને કીર્તિ - બંનેય ગમે, પણ 'કુમારપાળત્વ'ના ભોગે નહીં. કુમારપાળે પત્રકારત્વનો ધર્મ સુપેરે પાળવા સાથે અધ્યાપક ને સાહિત્યોપાસકનો ધર્મ જાળવવામાં જે સજાગતા ને સક્રિયતા દાખવી છે તેનીયે નોંધ લેવી જોઈએ.

**ચન્દ્રકાંત શેઠ**

ડૉ. દેસાઈમાં અજબ-ગજબની આયોજનશક્તિ છે. કાર્યક્રમનું આયોજન ઝીણવટપૂર્વક કરવું અને એને સાંગોપાંગ પાર પાડવું એ એમને સિદ્ધહસ્ત છે... મનુષ્યપારખુ પણ ખરા શ્રોતાપારખુ પણ ! એમની દૃષ્ટાન્તસમૃદ્ધ અસ્ખલિત વાણી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે છે... એમનું સંશોધનકાર્ય 'આનંદઘન : એક અધ્યયન'થી અટક્યું નથી, અધ્યાપનની સાથે સંશોધનદીપ પણ સતત અજવાળાં પાથરતો રહ્યો છે. એની શાખ ગુજરાત યુનિવર્સિટી પ્રદત્ત ડૉ. કે. જી. નાયક

સંશોધન ચંદ્રક પૂરે છે. 'મહાવીરનું જીવનદર્શન' એમની લેખન અને પ્રકાશનદૃષ્ટિનો અપ્રતિમ નમૂનો છે.

**ચન્દ્રકાન્ત મહેતા**

કુમારપાળ એટલે મૈત્રીનો મધપૂડો.

**ધીરુ પરીખ**

ગુજરાતી ભાષા-સાહિત્યના સંનિષ્ઠ પ્રાધ્યાપક અને જૈનદર્શનના અને સાહિત્ય કે માનવીય જીવનમૂલ્યોના ઊંડા અભ્યાસી, ઉત્તમ વક્તા, સંનિષ્ઠ સાહિત્યકાર કે વિવિધ સંસ્થાઓમાં સંસ્થાપક અને એ નિમિત્તે સંસ્થાલક્ષી, પ્રવૃત્તિઓના પ્રણેતા, વિશ્વપ્રવાસી અને પદ્મશ્રી કુમારપાળ એક નખશિખ માનવપ્રેમી વ્યક્તિ છે. માણસના ઉત્તમને ચાહવું એ એમનું પાયાનું વલણ રહ્યું છે.

**બળવંત જાની**

કુમારપાળ માત્ર 'ગુજરાતી' છે એવી ઓળખ પણ એક તબક્કે અધૂરી લાગે. એ ગુજરાતી રહીને ભારતીય બન્યા છે. તેમના સર્જનમાં અને તેમના વક્તવ્યોમાં તેથી જ ભારતીય સંસ્કૃતિના વિશેષો પ્રગટ થતા રહ્યા છે. શિકાગો અને કેપટાઉનમાં યોજાયેલી પરિષદોમાં તેમણે ભારતીયને શોભે તેવી ધર્મ-સંસ્કૃતિની ચર્ચા કરી છે.

**પ્રવીણ દરજી**

કુમારપાળ દેસાઈનાં પુસ્તકો મેં વાંચ્યાં છે. એમણે ગચ્છાધિપતિ આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીનું જીવનચરિત્ર 'આતમજ્ઞાની શ્રમણ કહાવે' લખ્યું હતું. એમનું આ ગુજરાતી પુસ્તક હું એક બેઠકે વાંચી ગયો હતો. એ જ રીતે એમણે લખેલું 'ભગવાન મહાવીર'નું પુસ્તક પણ મને ખૂબ ગમી ગયું હતું... તેઓ પ્રભાવશાળી વક્તા છે. તેમને ઇંગ્લૅન્ડ, અમેરિકા, પૂર્વ આફ્રિકા, કેનેડા, સિંગાપોર, બેલ્જિયમ, હોંગકોંગ, મલેશિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં પર્યુષણ નિમિત્તે તેમજ પરિસંવાદ આદિ નિમિત્તોએ આપેલાં વ્યાખ્યાનો ખૂબ પ્રશંસા પામ્યાં છે. મેં પણ તેમનાં ઘણાં વ્યાખ્યાનો અને ભાષણો સાંભળ્યાં છે.

**શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ**

શ્રી કુમારપાળભાઈ જેવા ઉત્તમ, સંનિષ્ઠ અને માર્ગદર્શક નાગરિકો વધારે ને વધારે સંખ્યામાં ગુજરાત તથા ભારતને મળતા રહે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

**બી. જે. દીવાન**

રમતગમતના કટારલેખક તરીકે તેમની રમત પ્રત્યેની ભક્તિ અને રમતવીરોને બિરદાવવાની તેમની આવડતને કારણે કુમારપાળભાઈને જહોન આર્લોટ, બોબી તાલ્યારખાન, અનંત સેતલવાડ ઉપરાંત સુશીલ દોશી અને સ્કંદગુપ્ત જેવા ક્રિકેટ-કોમેન્ટેટરોની અગ્રિમ હરોળમાં મૂકી શકાય.

**સુરેશ સરૈયા**

કુમારપાળ સંવેદનશીલ પણ અભ્યાસી તંત્રવાહક છે. એમની શક્તિને, નૈસર્ગિક શક્તિને વ્યક્તિત્વની આ વિશેષ શક્તિના સમન્વયનો લાભ મળ્યો છે. બીજા શબ્દોમાં કહું તો એ સજ્જન છે. સાદ્યંત સજ્જન, વિધેયાત્મક દૃષ્ટિ અને વલણ એમની અસાધારણ સફળતાના મૂળમાં છે.

**હસુ યાજ્ઞિક**

અનેકવિધ ક્ષેત્રોમાં પોતાના શબ્દથી યશસ્વી પ્રદાન કરનારા ડૉ. કુમારપાળ દેસાઈ પોતાના વિચારોને શબ્દ સુધી જ સીમિત રાખતા નથી. બલકે એ વિચારોનું કર્મમાં રૂપાંતર પણ કરે છે.

**ડૉ. નલિની દેસાઈ**

❖

## ડૉ. સી. એલ. પટેલ

ગુજરાત વિદ્યુત બોર્ડમાં નોકરી ઉપર જોડાતાં સમયે પિતા લલ્લુભાઈ પટેલે શિખ આપતાં કહેલ : 'દીકરા, તું સરકારી નોકરી કરવા જાય છે પણ પગાર સિવાયની આવક ઘરમાં ન આવવી જોઈએ' તથા સોક્રેટિસ : 'આપણા વિશે લોકો શું કહેશે એની દરકાર ન કરવી. પરંતુ એ એકાકી માનવી કે જેને ન્યાય-અન્યાયની સમજણ છે તે શું કહેશે તેની દરકાર કરવી' અને રોમા રોલાં : 'મેં વારંવાર જાહેર કર્યું છે કે દુનિયા જે ભૂંડામાં ભૂંડા દૂષણથી ત્રાસ પામી છે તેનું ખરું કારણ દુષ્ટોની તાકાત નથી પરંતુ સજ્જનોની નબળાઈ છે અને આ જે નબળાઈ છે તે મોટા ભાગે ઇચ્છાશક્તિની સુસ્તી, સ્વતંત્ર મત પ્રદર્શિત કરવાનો ભય અને નીતિ વિષયમાં બાયલાપણું એમને આભારી છે'ના શબ્દોને આપ્તવિધાન તરીકે સ્વીકારીને તેમજ ચારુતર વિદ્યામંડળના પોતાના કાર્યાલયમાં કંડારી રાખીને પોતાના અભ્યાસકાળથી જ ધવલ વસ્ત્રધારી અને આ કપડાં ઉપર એક પણ ડાઘ

ન પડવા દેનાર 'ન્યૂ વિદ્યાનગર'ના વિશ્વકર્મા તરીકે ખ્યાત ડૉ. સી. એલ. પટેલે વિદ્યુત બોર્ડમાં નોકરી દરમિયાન આર્થિક પ્રલોભનોથી વિચલિત થયા સિવાય જીવના જોખમે વિટંબણાઓ વેઠીને તથા ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગરના રોલ-મોડલ પૂર્વ સૂરિઓ સર્વ શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ અને શ્રી એચ. એમ. પટેલની વિદ્યામંડળને સમર્પિત બની રહી શિક્ષણયજ્ઞને વધુ પ્રજ્જ્વલિત કરવાની ગૌરવશીલ પરંપરાનું પાલન કરતા રહીને પોતાના આધ્યાત્મિક ગુરુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું શિષ્યતત્વ ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. સમાજજીવનના એક વ્યક્તિ તરીકે અને અધ્યક્ષની પ્રાપ્ત ફરજોના પાલનમાં હરહંમેશ તેમની નજરસમક્ષ જનસમાજનો છેવાડાનો વ્યક્તિ અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રહિત રહ્યાં છે, જેની પ્રતીતિ તેમના નેતૃત્વ હેઠળ ચારુતર વિદ્યામંડળ દ્વારા સંપન્ન થયેલાં કાર્યો તેમજ હવે પછી હાથ ધરવામાં આવનાર દષ્ટિપૂત શિક્ષણ પ્રકલ્પો તથા ચારુતર વિદ્યામંડળ દ્વારા પ્રકાશિત થતા 'વિ-વિદ્યાનગર' માસિકમાં 'અધ્યક્ષસ્થાનેથી' પ્રગટ થતા રહેતા તેમના સુચિંતનીય વિચારોના માધ્યમથી સહજમાં થાય છે.

ચારુતર વિદ્યામંડળમાં પ્રારંભમાં એસ્ટેટ મૅનેજર અને ત્યારબાદ સહમંત્રી તરીકે માનદસેવાના કાર્યમાં જોડાતાં પૂર્વે તેમણે ખુમારીથી જણાવેલ કે 'હું પૂછીપૂછીને નહીં કરું, મારી રીતે કાર્ય કરીશ' ને સાદ્યંત વળગી રહીને સાહસ અને ઉદ્યમશીલતા થકી તેમણે ઝંઝાવાતો વેઠીને શાસ્ત્રી મેદાનની દીવાલ બનાવડાવવી, મંડળની માલિકીના જમીન હક્કો સુરક્ષિત કરાવવા, છાત્રાલયોની આસપાસના દબાણો હઠાવવાં, છાત્રાલયોમાં અનધિકૃત પ્રવેશ અટકાવવો, નવીન કન્યા છાત્રાલયનું બાંધકામ વગેરે કાર્યો સુચારુ રીતે સંપન્ન કરીને પોતાની વહીવટીય સૂઝ તથા વિદ્યામંડળ પ્રતિ પોતાની અનન્ય નિષ્ઠાનાં દર્શન કરાવ્યાં હતાં. આ સેવાકાર્યોની સુવાસ અને સંસ્થાભક્તિના કારણે એચ. એમ. પટેલના અવસાનથી પેદા થયેલ શૂન્યાવકાશની પૂર્તિ એક માત્ર સી. એલ. કરી શકશે તેમ જાણીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે અધ્યક્ષની ચૂંટણી લડવા જણાવતાં ગુરુની આજ્ઞાને માથે ચઢાવીને તેમાં વિજયી થઈને તા. ૯ એપ્રિલ, ૧૯૯૪થી વિદ્યામંડળનું અધ્યક્ષપદ દિનપ્રતિદિન વધુ પ્રોજ્જ્વલિત રીતે વહન કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈએ વિદ્યાનગરની સ્થાપના સમયે – 'આપણે સ્વતંત્ર ભારતના નાગરિકો તૈયાર કરવા છે. તેમને નોકરી શોધતા લૂલા પાંગળા નથી બનાવવા' – સેવેલ શમણાં અને તેના વિશ્વકર્મા ભાઈલાલભાઈની સમક્ષ તક્ષશિલા, નાલંદાનો આદર્શ તથા વિદ્યાનગરના સંવર્ધક એચ. એમ. પટેલ સમક્ષ ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, હાવર્ડનો આદર્શ રહ્યો હતો. આ બધા જ ધ્યેયો અને આદર્શો તથા ૨૧મી સદીની જરૂરિયાત અને નવાં નવાં ઉભરતાં જતાં વિદ્યાક્ષેત્રોમાં ઘર આંગણે ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાની અનિવાર્ય આવશ્યકતાને નજર સમક્ષ રાખીને કૃતસંકલ્પ સાથે ડૉ. સી. એલ. પટેલ પોતાના ઉત્તરદાયિત્વનો નિર્વાહ કરી રહ્યા છે. આ હેતુસર તેમણે દાતાશ્રીઓનો વિશ્વાસ કેળવીને માતબર દાન મેળવતા રહીને પ્યોર ઍન્ડ એપ્લાઈડ સાયન્સિસ, એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલોજી, સાયન્સ ઍન્ડ ટેકનોલોજીમાં એડવાન્સ સ્ટડી ઍન્ડ રિસર્ચ, સરદાર પટેલ વિશે સંશોધન કેન્દ્ર, સરદાર પટેલ યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ જે વિષયોના અધ્યાપનની સગવડ ન હતી તેવા કેટલાક વિષયો જેમ કે વૉટર મૅનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ મૅનેજમેન્ટ, રિઅલ એસ્ટેટ, પ્લાન્ટ મશીનરી વગેરે વિષયોના સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. સુધીના અભ્યાસની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. આ ઉપરાંત પરંપરાગત બહુવિધ વિષયોની સંસ્થાઓની પણ સ્થાપના કરી. આ સાથે કાર્યરત સંસ્થાઓનાં ભવનોનું નવીનીકરણ અને અદ્યતન સગવડો પૂરી પાડવાનું કાર્ય પણ તેટલી જ કાળજીથી કરાવ્યું.

ખાસ નોંધપાત્ર એ કે ગાના, કરમસદ અને મોગરીના ત્રિભેટેની ૧૦૦ એકર જેટલી જમીન મેળવીને 'ન્યૂ વલ્લભવિદ્યાનગર'ની સ્થાપના કરીને ઇન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગ સેન્ટર, બિઝનેસ મૅનેજમેન્ટ, ફાર્મસી, ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ, બાયોટેકનોલોજી, આયુર્વેદ, ફાઈન આર્ટ્સ, આર્કિટેકચર, લૉ ઍન્ડ જસ્ટીસ, રિન્યુએબલ એનર્જી, હ્યુમન રિસોર્સ મૅનેજમેન્ટ વગેરે બહુવિધ વિષયોની ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. આ બધા પાછળ અંદાજિત રૂપિયા

૩૦૦ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને અન્ય કેટલાક વિષયો માટે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચની યોજના વિચારણાધીન છે.

તેમનું સ્વપ્ન રહ્યું છે કે 'Our Youth must imbibe the spirit of searching mind, critical thinking and innovative ideas. The dream of India transforming into a knowledge superpower can be realized by vigorious and sustainable development in our instituitons, comparable with what is happening in the best of the instiutions of the world'. અને આ સ્વપ્ને સાકાર કરવા માટે આ બધી સંસ્થાઓનાં આલિશાન અને સુખ-સગવડોથી સમૃદ્ધ ભવનો બનાવડાવવાની સાથે સાથે વિવિધ અભ્યાસક્રમો માટે સુસજ્જ અદ્યતન ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ, અન્ય માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત જે તે સંસ્થા માટે કાર્યકુશળ આચાર્ય અને વિદ્વાન અધ્યાપકોની - નિમણૂકના ખાસ આગ્રહી રહ્યા છે. પરિણામસ્વરૂપે ઘણી ખરી સંસ્થાઓ ગુજરાત અને દેશમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકી છે અને અહીં અભ્યાસ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. પોતાની વિદેશયાત્રાઓ દરમિયાન વિદેશોની યુનિવર્સિટીઓ, શિક્ષણ અને સંશોધન સંસ્થાઓની મુલાકાત લેવી અને અદ્યતન અભ્યાસક્રમો તથા માળખાગત સુવિધાઓનો અભ્યાસ કરવો અને વિદ્યાનગરમાં આવા અભ્યાસક્રમો શરૂ કરવા એ તેમની ખ્વાહિશ રહી છે અને તેને પૂર્ણ કરવા કટિબદ્ધ બની રહ્યા છે. અલ્પવિકસિત વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓના શિક્ષણસ્તરનાં હિતને ધ્યાને લઈને ખાસ કોચિંગ વર્ગોની વ્યવસ્થા કરવાની સાથે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સ્વયંપાકી ભોજનાલયો / છાત્રાલયો પણ તેમણે શરૂ કરાવ્યાં છે. તેઓશ્રી રાજ્ય સરકારની વિદ્યાસહાયક, અધ્યાપક સહાયક વગેરેની નિમણૂકના વિરોધી રહ્યા છે અને આ પ્રથાને શિક્ષણનું અહિત કરનાર ગણાવે છે અને આ સાથે જ શિક્ષક - આચાર્ય એ ઋષિતુલ્ય ભૂમિકા ભજવવી જોઈએ તેમજ 'વ્યવસાયની પવિત્રતા નહીં જાળવનાર શિક્ષક ગુરુ ના બની શકે' તેવું સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે. શિક્ષણ સંબંધી તેમના વિચારો / સૂચનો તથા તેમના થકી સંપન્ન થયેલાં કાર્યોને ધ્યાને લેતાં તેમનામાં એક દષ્ટિસંપન્ન અને સક્ષમ શિક્ષણમંત્રીનાં દર્શન થાય છે.

વણસોલ સત્તાવીસ પાટીદાર સમાજના એક સભ્ય તરીકે – આ સમાજના એક મોભી તરીકે સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ જેમ કે દહેજપ્રથાનો વિરોધ, સમૂહ લગ્નોનું આયોજન – આ પૈકી બે સમૂહલગ્નોના આયોજનનો સંપૂર્ણ ખર્ચ પોતે ઉઠાવવો, સમાજનાં બાળકો માટે છાત્રાલયોનું નિર્માણ કરી શિક્ષણ માટે સગવડો પૂરી પાડવી, આર્થિક રીતે જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદ કરવી વગેરેમાં તેઓશ્રી હરહંમેશ અગ્રેસર રહે છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે પોતાના સમાજ ઉપરાંત અન્ય પાટીદાર કે બિન-પાટીદાર સમાજનાં જરૂરતમંદ બાળકોને મદદ કરતા રહે છે, જેની પ્રતીતિ ટીના દોશીના એક પ્રશ્નના ઉત્તરસ્વરૂપે તેમણે જણાવેલ કે 'એક કુંભારના દીકરાને ડૉક્ટર બનાવવા માટે પૂરેપૂરો ખર્ચ ઉઠાવ્યો હતો. આ પછી તો ઘણા ડૉક્ટરો – એન્જિનિયરો બનાવ્યા છે.'

વ્યક્તિગત આર્થિક મદદ ઉપરાંત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે પણ તેમણે ઉમદા ચીલો ચાતરીને ઘણા વિદ્યાર્થીઓની ફી માફી કે છાત્રાલય નિવાસ-ભોજનનો ખર્ચ માફ કરીને ઉચ્ચશિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા છે. આ ઉપરાંત સામાજિક જવાબદારીના ભાગરૂપે જેલમાં બંદીવાન ભાઈઓ - બહેનોને વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકારીને બિલોદરા જેલ, વડોદરા મધ્યસ્થ જેલ અને લાજપોર મધ્યસ્થ જેલ (સુરત)ના કુલ ૧૧૯૧ કેદીઓને વિવિધ પ્રકારની ટ્રેઇનિંગ જેમ કે વાયરમૅન, ડેટા એન્ટ્રી, અકાઉન્ટિંગ ટેલી, બ્યુટિશિયન, ફૅશન ડિઝાઇનિંગ વચ્ચે આપવામાં આવતા જેલનિવાસ બાદ નાનોમોટો વ્યવસાય કરવા સમર્થ બનાવ્યા. કાશ્મીરના ડોડા જિલ્લાના આતંકવાદીઓનો ભોગ બનેલ વાલીઓને રૂબરૂ મળીને તેમનાં ૨૫ બાળકોને વિદ્યાનગરમાં લાવવાં અને તેનો સંપૂર્ણ ખર્ચ વહન કરવો, નાગાલેન્ડ મિઝોરમના આતંકવાદથી પ્રભાવિત વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ શિષ્યવૃત્તિ જાહેર કરવી, બુક-બૅન્કની માફક લેપ-ટૉપ બૅન્ક શરૂ કરવી, કચ્છના ધોળાવીરા વિસ્તારની

ભૂકંપગ્રસ્ત ૭ શાળાઓનાં મકાન બાંધી આપવાં વગેરે સેવાકાર્યો તેમના દષ્ટિવંત નેતૃત્વ હેઠળ વિદ્યામંડળ દ્વારા કરવામાં આવ્યાં છે.

તેઓશ્રી એક મોટા ગજાના ઉમદા દાનવીર પણ છે. તેમણે અને તેમના પરિવાર દ્વારા આજ-દિન સુધી ધાર્મિક-શૈક્ષણિક ક્ષેત્રે રૂ. ૧૪.૨૭ કરોડનું માતબર દાન આપવામાં આવ્યું છે. આ પૈકી રૂ. ૧૨.૫૦ કરોડ મિલકતરૂપે દાન આપ્યું છે. તાજેતરમાં જ તેમણે રૂપિયા એક કરોડનું દાન 'શ્રી પ્રમુખ સ્વામી સ્મૃતિમંદિર' માટે જાહેર કર્યું છે. આ પૂર્વે બિરલા એન્જિનિયરિંગ કૉલેજને રૂપિયા ૧૫ લાખનું દાન આપ્યું હતું. તેમના અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે સ્નેહીજનો તરફથી પ્રાપ્ત રૂપિયા ૭૫ લાખની થેલીમાં તેમણે તથા તેમના પરિવારે તેમાં ઉમેરીને રૂપિયા અઢી કરોડ જેટલી રકમ એકત્રિત કરી આપી, જેમાંથી 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ લેંગ્વેજ સ્ટડીઝ ઍન્ડ એપ્લાઇડ સોસ્યલ સાયન્સિસ'નું ભવન નિર્માણ પામશે.

'વિ-વિદ્યાનગર'માં વર્ષ ૨૦૧૦થી 'અધ્યક્ષસ્થાનેથી' સતત પ્રગટ થતા તેમના વિચારોમાં એક આખાબોલા અને નિર્ભીક વ્યક્તિ ઉપરાંત સ્વસ્થ સમાજરચનાને ધ્યાને લઈ સમાજજીવનનાં અનેકવિધ પાસાઓ ઉદા. તરીકે શિક્ષણ, રાજકારણ, પર્યાવરણ, સામાજિક સમરસતા, ગ્રામ્ય જીવન, અંદાજપત્ર, અર્થકારણ, નાગરિક ઘડતર, સામ્પ્રતકાલીન સરકારી રીતિ-નીતિઓ, મતાધિકાર જાગૃતિ, ગાંધીજીના આદર્શો અનુસાર ગૃહઉદ્યોગોની સ્થાપના અને ગામડાં વિકસાવવાં, વિદ્યાર્થીઓનાં હિતોને ધ્યાને લઈ બસ વાહનવ્યવહારની સગવડ, ધર્મ નિરપેક્ષતા, ગૌરક્ષા, આશ્રમશાળાઓ અને વચેટિયાઓની રીતિ-નીતિ વગેરે વિશે રચનાત્મક ચર્ચા કરતા જોવા મળે છે. અહીં એક સ્વસ્થ સમાજચિંતક તરીકેની છાપ ઉપસી આવે છે. સત્તાધારી પક્ષ હોય કે કોઈ અધિકારી હોય તેને ન્યાયની પરિધીમાં રહીને રોકડું પરખાવતાં હિચકાતા નથી. આ સંબંધી તેમના કેટલાંક વિધાનો તેમના વ્યક્તિત્વને માપવાના ગજ માટે પર્યાપ્ત બની રહેશે : 'શિક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ ઓવરઓલ અભ્યાસુ અને કાર્યદક્ષ વાઈસ ચાન્સેલરની નિમણૂક થાય તે માટે સરકારે નિષ્ક્રિયતા દાખવી છે. રાજદ્વારી આગેવાનોની વગ આમાં ખૂબ કામ કરી જાય છે.'; 'ગુજરાતમાં અધિકારીઓનું આધિપત્ય છે. અધિકારીઓને શિક્ષણની બારાખડી ન આવડતી હોય તેઓ પોતાની બુદ્ધિ મુજબ સંસ્થાઓ ચલાવવાનો આગ્રહ રાખે છે'; આયુર્વેદની કૉલેજની મંજૂરી માટે કાઉન્સિલની ઇન્સ્પેકશન ટીમના સભ્યએ ખુલ્લમ ખુલ્લા નાણાંની માગણી કરતાં તેને જણાવેલ કે 'આવી કોઈ માંગણી શરૂઆતની આજ સુધી અમે સ્વીકારી નથી... હું તમને જેલમાં ધકેલી શકું તેમ છું' વગેરે. પોતે કોઈ રાજકીય પક્ષ કે સક્રિય રાજકારણમાં દિલચસ્પી ધરાવતા નથી. ખેડા જિલ્લાના સંસદસભ્ય માટે સામેથી ઑફર આવવા છતાં પણ તેનો સ્વીકાર કર્યો ન હતો. આમ છતાં રાજકારણીઓની રીતિ-નીતિ, ભ્રષ્ટાચારી રીત-રસમો, ચૂંટણી ઢંઢેરાઓ અને ઠાલાં વચનોની લહાણી, સત્તાધારી અને વિરોધ પક્ષ વચ્ચે રાષ્ટ્રીય હિતોમાં સુસંવાદિતાનો અભાવ વગેરે બાબતોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે અને દો-ટૂક શબ્દોમાં અભિવ્યક્ત પણ કરે છે. પર્યાવરણની જાળવણીની ચિંતા કર્યા સિવાય ઉદ્યોગગૃહોને જમીન ફાળવી આપવી, એક બાજુ સાલિયાણાં નાબૂદી કરવી અને બીજી બાજુ ધારાસભ્યો - સંસદસભ્યોના અમર્યાદ ખર્ચાઓ, પગાર, પેન્શન વગેરે દ્વારા ઉઘાડી લૂંટ કરવી વગેરે બાબતો પ્રતિ પોતાની સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરતા જોવા મળે છે.

સંભવ છે કે સંસ્થાનાં કાર્યો સુચારુ રીતે નિયત માપદંડો તથા નિર્ધારિત સમયમર્યાદામાં પૂરાં કરવા માટે જરૂરી કડકાઈના કારણે કોઈને તેમના ગુસ્સાનો અનુભવ થયો હશે. પોતે પણ આ ગુસ્સાની સ્વીકારોક્તિની સાથે તેનો પ્રશ્ચાતાપ વ્યક્ત કરતાં જણાવે છે કે 'ગુસ્સો મને વારસામાં મળ્યો છે... ગુસ્સો મારી નબળાઈ છે.... ગુસ્સામાં જે નિર્ણય લીધો તેનાથી કોઈને અન્યાય ન થાય એની કાળજી રાખું છું. હું ફરગેટ ઍન્ડ ફરગીવમાં માનું છું.' આ જ વાતનું સમર્થન આપતા તેમના જ્યેષ્ઠ પુત્ર શૈલેશભાઈ જણાવે છે કે : 'દુર્વાષા ઋષિ જેવો તેમનો ગુસ્સો, પણ દધિચિ ઋષિ જેવી તેમની ત્યાગ ભાવના અને પરોપકાર કરી છૂટવાનો ગુણ કદી નહીં ભુલાય' જે ધ્યાનાર્હ બની રહે છે. તેમના વ્યક્તિત્વની આ એક

આગવી ઓળખ – કોઠાગત Managerial Skill છે.

આવા ગરવા રોલ-મોડલ આર્ષદ્રષ્ટા શિક્ષણ સંચાલક તેમજ 'શિક્ષણમહર્ષિ'ના હુલામણા નામથી ઓળખાતા ડૉ. સી. એલ. પટેલસાહેબ હવે તો વિદ્યાનગર નિવાસી થયા છે, પરંતુ તેમનું મૂળ વતન આણંદ જિલ્લાનું ગામડી ગામ, જ્યાં એક ખેડૂત પરિવારમાં તેમનો જન્મ ૧૦ એપ્રિલ, ૧૯૩૫ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ ગામડી તથા આણંદની શારદા હાઈસ્કૂલ અને માધ્યમિક શિક્ષણ ડી. એન. હાઈસ્કૂલ, આણંદમાંથી મેળવ્યું હતું. મૅટ્રિક (૧૯૫૧) થયા બાદ વી. પી. સાયન્સ કૉલેજ, વિદ્યાનગરમાં પ્રથમ વર્ષનો અને ઇન્ટર સાયન્સનો એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી અભ્યાસ કર્યો હતો. ઈ. સ. ૧૯૫૬માં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં પ્રવેશ મેળવીને મિકેનિકલ વિદ્યાશાખામાં ૧૯૬૦માં ડિપ્લોમા મેળવ્યા બાદ ઇલેક્ટ્રિકલ વિદ્યાશાખામાં પણ અભ્યાસ કર્યો હતો. આ દરમિયાન ઈ. સ. ૧૯૬૧માં ગુજરાત વિદ્યુત બોર્ડમાં નોકરી મળતાં ટેક્નિકલ ઇન્ચાર્જ તરીકે જોડાયા અને એક્ઝિક્યુટીવ એન્જિનિયર સુધી બઢતી પામ્યા અને ૧૯૮૧ સુધી કાર્યરત રહ્યા હતા. નોકરીમાંથી છૂટા થયા બાદ સ્વતંત્ર ઉદ્યોગ-વ્યવસાયમાં ઝંપલાવતાં આર્થિક સમૃદ્ધિ હાંસલ કરી. આ દરમિયાન એચ. એમ. પટેલ સાહેબના નિમંત્રણથી ૧૯૮૮માં ચારુતર વિદ્યામંડળમાં પ્રારંભમાં માનદ એસ્ટેટ મૅનેજર તરીકે જોડાયા અને ત્યાર બાદ માનદ સહમંત્રી તરીકે કાર્ય કર્યું. ૧૯૮૮થી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરની કારોબારી સમિતિના સભ્ય તરીકે પ્રાયઃ ૧૫ વર્ષ સુધી ચૂંટાઈને યુનિવર્સિટીના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. ૧૯૯૩માં એચ. એમ. પટેલસાહેબના અવસાન બાદ તા. ૯-૪-૧૯૯૪થી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવીને સતત સેવાઓ આપી રહ્યા છે.

પટેલસાહેબે પ્રતિબદ્ધ અને સમર્પિત–ભાવે શિક્ષણ અને વ્યાપક રીતે સમાજસેવા ક્ષેત્રે આપેલ સેવાઓને ધ્યાને લઈને અનેકવિધ સંસ્થાઓ પોતાના બહુમૂલ્ય પુરસ્કારો એનાયત કરીને ગૌરવાન્વિત થઈ છે. આ પૈકી રોટરી ક્લબ ઇન્ટરનૅશનલ, આણંદ દ્વારા 'ચરોતર રત્ન' (૨૦૦૦), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (૨૦૦૧) અને આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી (૨૦૦૫) દ્વારા ડિ. લિટ., અનુપમ મિશન, મોગરી દ્વારા 'શાલીન-માનવરત્ન' (૨૦૦૪), ગ્લોબલ ઇકોનોમિક કાઉન્સિલ, નવી દિલ્હી દ્વારા 'રાજીવ ગાંધી શિરોમણિ અવૉર્ડ' (૨૦૦૫), સિટિઝન્સ ઇન્ટરનૅશનલ પીસ સોસાયટી, નવી દિલ્હી દ્વારા 'રાષ્ટ્રીય રત્ન અવૉર્ડ', (૨૦૦૬), સરદાર પટેલ ટ્રસ્ટ, નવી દિલ્હી દ્વારા 'સરદાર પટેલ અવૉર્ડ' (૨૦૦૮) 'દિવ્ય ભાસ્કર' દ્વારા ગુજરાતના ૧૦૦ પ્રતિભાશાળી વ્યક્તિઓ પૈકી એક તરીકે સન્માનિત (૨૦૦૮ અને ૨૦૧૧), અખિલ ભારત ગુજરાતી સમાજ દ્વારા 'ગૂર્જર રત્ન' (૨૦૧૧) અને ગુજરાત ઈનોવેશન સોસાયટી, અમદાવાદ દ્વારા 'ગુજરાત રત્ન' (૨૦૧૫), વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા અવૉર્ડ' (૨૦૧૬) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

**ચિંતન–કણિકાઓ :**

રાજ્યમાં યુજીસીના કોર્સીસની ફૅકલ્ટીમાં અભ્યાસ કરીને સેકન્ડરી-હાયર સેકન્ડરી લેવલની જેમ એજ્યુકેશનમાં ડિગ્રી પ્રાપ્ત કરવાની હોય તેવી રીતે કોઈ પણ શિક્ષણ માટે રાજ્ય સરકારે નેટ-સ્લેટ-એમ. ફિલ. કે પીએચ. ડી. માટે જે નિયમો ઘડ્યા છે તેવા જ નિયમો એન્જિનિયરિંગ ડિગ્રી - ડિપ્લોમા અને ફાર્મસી ડિગ્રી - ડિપ્લોમા માટે ઘડવા જોઈએ. આવા તજ્જ્ઞો શિક્ષણનું કામ સંભાળે તેવી અલાયદી વ્યવસ્થા ગોઠવાય તો શિક્ષણનું કાર્ય જે-તે અધ્યાપક સારી રીતે સંભાળી શકે.

⁕

દરેક જગ્યાએ શિક્ષણ અને તેની વ્યવસ્થાનું સરકારીકરણ થતું હોય તેવું જોવા મળે છે. શું આપણે ત્યાં જે મંત્રીઓ બને છે તેઓ તેમની જવાબદારી લેતા પહેલાં આ બાબતની તાલીમ કે માર્ગદર્શન મેળવે છે ખરા ? શું તેમના વિભાગમાં જે તે અધિકારીની નિમણૂક થાય છે તેમને આ ક્ષેત્રનો બહોળો અનુભવ હોય છે ? આ બધું નહીં વિચારાય તો આ દેશને જરૂર છે તેવા જ્ઞાનસભર નાગરિકોની ખોટ રહેશે.

⁕

શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાંના કોઈ શિક્ષક, પ્રાધ્યાપક કે આચાર્ય તરીકે જોડાય તેમની

જવાબદારી બાળકો, યુવાનો અને આવી જવાબદારી લેવાના હોય તેમનું ઘડતર કરવાની છે. આવા ઘડતર માટે પસંદગી પામેલાઓએ પોતાનામાં જે ગુણો વિકસાવવાના હોય તેવા ગુણો વિકસાવીને પોતાની ઋષિતુલ્ય ભૂમિકા ભજવવાની રહે છે. દરેક કાર્ય રાષ્ટ્રપ્રેમને નજર સામે રાખીને જ કરવું તે નાગરિકની ફરજ બને છે.

✳

દરેક વ્યક્તિ ચાહે તે મજૂર હોય, સેવક હોય, સમાજસેવક હોય, પ્રાધ્યાપક હોય કે રાજ્ય કે દેશની સરકાર સાથે જોડાયેલી હોય, દરેક પોતાની જાતને પૂછે કે પોતે કેટલે દરજ્જે નીતિમત્તાનાં ધોરણ પાળે છે અને કેટલી નિષ્ઠા જાળવે છે ? આવા આત્મનિરીક્ષણના તબક્કે પહોંચીને પોતાનાં આચરણ સુધારવા ભણી સમાજ આગળ વધશે ત્યારે જ ભ્રષ્ટાચાર નાબૂદ કરી શકીશું.

✳

સમગ્ર વિશ્વમાં અનન્ય એવી ભારતીય જીવનશૈલી માણસને માણસ તરીકે જોવાના સંસ્કાર બક્ષે છે. કેળવણી જ્ઞાન અને સંસ્કારલક્ષી હોવી જોઈએ. કેળવણીથી પોતાના અને સમાજનો વિકાસ કરી શકાય તેવી શક્તિ અને પ્રેરણા મળે છે.

✳

યુવાનોનું ઘડતર સાચી દિશામાં થવું જરૂરી છે. કારણ ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ જો તેમને આજીવિકા મેળવવા માટે યોગ્ય વાતાવરણ ના મળે તો આવા યુવાનો આતંકવાદી કે નકસલવાદી બને છે, તેવું આપણા દેશમાં જોઈ રહ્યા છીએ. ભારત સરકાર અને રાજ્યોની સરકારોને આવા યુવાનોના ઘડતર માટે ચોક્કસ રીતે તેમના અભ્યાસ સાથે હુન્નર ઉદ્યોગ દ્વારા ઉદ્યોગસાહસિકતા (એન્ટ્રોપ્રિન્યોરશિપ) કેળવવી પડશે.

✳

સરકારી અનુદાનવાળી સંસ્થાઓ હોય કે સ્વનિર્ભર સંસ્થાઓ હોય, ત્યાં પણ વર્ગખંડમાં અને પ્રયોગશાળામાં કાળજીભર્યું શિક્ષણ નહીં આપવાને કારણે ટ્યૂશનની હાટડી ચલાવતા લોકોને મોટી આવક કરાવે છે. દરેક શાળાએ શિક્ષકોનું મૂલ્યાંકન કરીને વર્ગખંડ અને પ્રયોગશાળામાં યોગ્ય શિક્ષણ અપાય તે માટે પૂરતી કાળજી લેવાય તેવું સરકારે અને સ્વનિર્ભર સંસ્થાઓ ચલાવતા સંચાલકોએ વિચારવું પડશે.

✳

કોઈ પણ દેશના નાગરિકોમાં ધર્મઝનૂન ઇચ્છનીય નથી, પણ પોતાના ધર્મનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાળાઓમાં પૂરતી સગવડ હોવી અનિવાર્ય છે. આજકાલ રાજ્યમાં અને દેશમાં જે ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો છે તેનું કારણ રાષ્ટ્રપ્રેમનો અભાવ, નાગરિકો માટે ઓછો પ્રેમ તેમજ સ્વાર્થવૃત્તિ છે. ઇસ્લામ અને ખ્રિસ્તિવાદના આગેવાનો તેમજ હિન્દુવાદી સંગઠનોના નેતાઓ આજકાલ જે પ્રકારનાં નિવેદનો કરીને લઘુમતી કોમો અને હિન્દુઓ વચ્ચે ટકરાવનું વાતાવરણ સર્જી રહ્યાં છે તે લાંબાગાળે દેશના હિતમાં લાગતું નથી એટલે આવાં વિવાદાસ્પદ નિવેદનો ટાળવાની દિશામાં રાષ્ટ્રના હિતનો વિચાર કરનારા સૌ કોઈને સક્રિય થવાની જરૂર છે. રાષ્ટ્રમાં વસવાટ કરતો હરેક નાગરિક ભલે તે કોઈ પણ ધર્મનો હોય તેણે 'આપણે બધા હિન્દી છીએ, નહીં કે હિંદુ' તેવો ભાવ જાળવવાની જરૂર છે.

### સમાજ ધુરીણોની દૃષ્ટિમાં

રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વમાં વહેતા શિક્ષણના નૂતન વિચારોને ઝીલવામાં અગ્રેસર બની રહી, દીર્ઘદ્રષ્ટા સુકાની તરીકે કર્મઠતા દાખવતા રહ્યા છે. અગાઉના 'સહકાર' શબ્દની જેમ 'સમર્પિતભાવ (Dedication)ના મંત્રને તેમણે વધુ દૃઢ બનાવ્યો છે.

**ડૉ. રમેશ ત્રિવેદી**

ગતિશીલ, પ્રેરક અને બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ... વ્યક્તિઓની પ્રતિભા પારખવાની, તેમની શક્તિઓની મર્યાદાઓને માપવાની, માનવીય સંબંધોને પોષવાની, ઉછેરવાની, તેનું જતન કરવાની અને અનેક વિસંગતતાઓ વચ્ચે જાળવી રાખવાની ઊંડી અને અદ્‌ભુત કુનેહ મેં નજદીકથી નિહાળી છે.

**બી. જી. પટેલ**

પોતાનાં આચાર-વિચાર, વાણી-વ્યવહાર – વર્તન, કર્તવ્યનિષ્ઠા, પુરુષાર્થ થકી આ સાત્ત્વિક અને ધર્મપરાયણ – વિદ્યાપ્રેમી મહામાનવે કુટુંબ, વ્યવસાય, સમાજ, શિક્ષણ, વહીવટ, કૃષિ આદિ અનેક ક્ષેત્રે કૌવત દાખવી

ભાતીગળ વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. એ પૈકી અનેક વિદ્યાસંસ્થાઓના સર્જન-સંચાલન સંવર્ધન થકી એક દૃષ્ટિવંત સમર્થ શિક્ષણકાર તરીકે તેમનું વ્યક્તિત્વ વિશેષ પ્રકાશિત થતાં ખ્યાતિ પામ્યું છે.

**ડૉ. રમણભાઈ પી. પટેલ**

સ્વ. એચ. એમ. પટેલના અનુગામી શ્રી સી. એલ. પટેલ પણ ત્રીજી પેઢીએ ઉત્તમ પરંપરાઓના વારસદાર જ નહિ પણ કુશળ ધુરાવાહક બની રહ્યા છે. ભાઈકાકાની માફક એ પણ એક અત્યંત કાર્યદક્ષ અને સફળ ઈજનેર, જેમણે પુરોગામીના વહીવટની વિકાસયાત્રા વધુ વિકસાવી બતાવી છે.

**કુલીનચંદ્ર યાજ્ઞિક**

Rarely, any single individual has contributed so much in such a short span of time to create educational infrastructure in the state. People of Gujarat even at future date will proudly remember the "Vishwakarma" of Vallabh Vidyanagar - Shri Bhaikaka, Shri Bhikhabhai, Shri H. M. Patel and Shri C. L. Patel.

**P. K. Laheri**

On a number of occasions, and especially during my two consecutive terms as the Vice Chancellor of Sardar Patel Univerisity, I have noticed Dr. Chhotubhai's commitment for excellence and its sustarinability. Even in the most difficult situations, I have seen him to take decisions for the sake of excellence and have, in due coures of time, witnessed his apparent tough decisions to be of great value, in hind sight... The establishment of the new campus of New Vallabh Vidyanagar in the most illustrious testimony of this synergy, which has created such reputes instituitions of higher education.

**Prof. V. S. Patel**

Indeed, it is only a great soul like Dr. C. L. Patel who can bring about such a major change in the lives of so many human beings. He has inspired all of us, and has become our role model.

**Dr. Rajendrasinh Jadeja**

He emerged as a leader elevating the competence level of all those envoled with him in th mission of education. Yes, he is none other than Dr. C. L. Patel. The capability, a rarity among many leaders, is a blessing to Dr. C. L. Patel. In true sense he is a 'Responsible Leader' what I trem as 'Orbit-shifting Leader.

**Dr. Nikhil Zaveri**

કોઈ વાર સહપાન્થીની ભૂલ થઈ હોય, નિર્ણય બરાબર ન લેવાયો હોય તો તરત જ કહી દે, 'તમે આ ખોટું કર્યું છે. આમ થવું જોઈતું હતું. હશે, હવે સમય આવે તે બરાબર કરી લેશો.' એમ કહી વ્યક્તિને ચેતવી દે અને ઉદાર દિલે માફ પણ કરી દે એવું ગજાવર દિલ.

**શનુભાઈ એમ. પટેલ**

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે જે નેતાગીરી તેમણે વલ્લભ વિદ્યાનગર અને સરદાર પટેલ યુનિવર્સિટીને પૂરી પાડી છે તે એક પરસ્પર સહકાર અને પ્રગતિનું બેનમૂન ઉદાહરણ છે.

**ડૉ. વી. એ. પટેલ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સર્વ સંસ્થાઓનો સર્વતોમુખી વિકાસ થાય, જે જે સંસ્થાઓ છે તે માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી જ સમૃદ્ધ થાય એમ નહીં, એ વિદ્વાન અને બાહોશ અધ્યાપકો - આચાર્યોથી, લાઇબ્રેરીઝ અને લેબોરેટરીઝથી, ભૌતિક - બૌદ્ધિક સંસાધનોથી પણ સત્ત્વશીલ અને સંપન્ન બને એ માટે એમણે હૈયું અને હાથ ટૂંકા નથી રાખ્યાં.

**ડૉ. નરેશ વેદ**

સર્વ પડકારોને પહોંચી વળવાની તેમની ક્ષમતા અને 'ન્યૂ વલ્લભ વિદ્યાનગર'ના નિર્માણના કરિશ્માને આકાર આપતાં તત્ત્વો અને તથ્યો એ ભાવિ પેઢી માટે, કેળવણીના આધુનિક સમર્પિતોના ઇતિહાસ લખનાર ઇતિહાસવિદ માટે સંશોધનનો વિષય બનવાના છે.

**અશોકપુરી ગોસ્વામી**

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## સ્વ. ભોળાભાઈ ચતુરદાસ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના દાતાશ્રી, આપ્તજન અને વિસનગરના લોકસેવક તથા વિસનગરને ઉત્તર ગુજરાતના શિક્ષણધામ તરીકે પ્રસ્થાપિત કરનાર આર્ષદ્રષ્ટા શૈક્ષણિક આયોજક - (Educational Planner) એવા સહૃદયી મુરબ્બી શ્રી ભોળાભાઈ પટેલના કાર્તિકી પૂર્ણિમા, તા. ૧૪ નવેમ્બરz, ૨૦૧૬ના રોજ થયેલા અવસાનના સમાચાર જાણી ઘેરા શોકની લાગણી અનુભવી. શ્રદ્ધેય સ્વ. ભોળાભાઈ પટેલે સ્વ. માણેકલાલ પટેલ અને સ્વ. નરસિંહભાઈ પટેલ સાથે ખભેખભા મિલાવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના બહુઆયામી વિકાસમાં જે ફાળો આપ્યો છે તે સુવિદિત છે જ. આ ઉપરાંત તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે પણ યશસ્વી સેવાઓ આપી હતી. વધુમાં તેઓશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) અને બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બી.સી.એ.)ના દાતાશ્રી રહ્યા છે. આ ઉપરાંત તેઓશ્રી આ મંડળ સંચાલિત ગાંધીનગરની એસ. કે. પટેલ એમ. બી. એ. અને એમ. સી. એ. કૉલેજ તથા કડીની એસ. કે. પટેલ આઈ. ટી. આઈ. સંસ્થાને માતબર દાન અપાવવામાં તેમજ આ મંડળને અન્ય નાનાં-મોટાં દાન અપાવવામાં અગ્રેસર રહ્યા હતા. જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લેતાં સર્વ વિદ્યાલય પરિવાર ગર્વ અનુભવે છે.

સ્વ. ભોળાભાઈ પટેલસાહેબ તેમની યુવા કારકિર્દીના સમયગાળાથી જ એક ઉત્સાહી અને લોકહિતૈષી નેતા તરીકે ખ્યાત રહ્યા હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન સેવાકાર્યો પાછળ સમર્પિત કર્યું હતું, જેની ફળશ્રુતિ રૂપે 'વિસનગર મજૂર સહકારી મંડળી' અને 'નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળે' તેમના નેતૃત્વ હેઠળ અભૂતપૂર્વ વિકાસ સાધ્યો તેમ જ તેના થકી લોકહિતનાં અનેકવિધ કાર્યો સંપન્ન કર્યાં. આ ઉપરાંત નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપક્રમે વિસનગરની યશકલગી રૂપ સંસ્થા 'એસ. કે. પટેલ કેમ્પસ'ની સ્થાપના કે જેમાં ઉચ્ચશિક્ષણની ટૅક્નિકલ અને ડેન્ટલ સહિતની બહુવિધ વિદ્યાશાખાઓમાં ઘરઆંગણે શિક્ષણ સુલભ કરી આપ્યું તથા આ કેમ્પસમાં મેડિકલ અને પેરામેડિકલની ૨૦૦ બેડની હૉસ્પિટલ શરૂ કરી આપી, જેનું શ્રેય તેમના શિરે રહે છે. આ કેમ્પસ તેમની ઉદાત્ત ભાવનાઓનું સાકાર રૂપ છે – જીવંત સ્મારક સમાન છે. તેઓશ્રી વિસનગર વિધાનસભા મતક્ષેત્રમાંથી ધારાસભ્ય તરીકે ૧૯૮૫ અને ૧૯૯૦ ચૂંટાઈ આવ્યા હતા. આ પૂર્વે તેમનાં પત્ની શ્રીમતી શાન્તાબહેન પટેલ પણ ૧૯૬૭માં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં. સ્વ. ભોળાભાઈ પટેલે ગુજરાત સરકારના રાજ્યકક્ષાના પંચાયત અને સહકાર મંત્રીશ્રી તરીકે પણ યશસ્વી સેવાઓ આપી હતી, જેની નોંધ લોકહૈયે લેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. ભોળાભાઈ પટેલનું મૂળવતન વિસનગર તાલુકાનું ગોઠવા ગામ. તેમનો જન્મ ૧૯૩૦માં વિજાપુર તાલુકાના કેલીસણા ગામમાં થયો હતો. તેમણે ધોરણ ૧થી ૫નું શિક્ષણ વતન અને વિસનગરમાં મેળવ્યા બાદ ધોરણ ૬થી ૧૧ (મૅટ્રિક) સુધીનો અભ્યાસ સર્વ વિદ્યાલય, કડીમાં કર્યો હતો. મુંબઈ યુનિવર્સિટીમાંથી B. Sc. (૧૯૫૦) અને ગુજરાત યુનિવર્સિટીમાં LLB (૧૯૫૨)ની ડિગ્રીઓ મેળવ્યા બાદ વિસનગરમાં વકીલ તરીકેની કારકિર્દી શરૂ કરી હતી. તેમનાં લગ્ન ઉત્તર ગુજરાતના સુપ્રસિદ્ધ સહકારી આગેવાન અને લોકનેતા સાંકળચંદ પટેલની સુપુત્રી શાન્તાબહેન પટેલ સાથે થયાં હતાં. તેમના પરિવારમાં પુત્ર શ્રી કૌશિકભાઈ અને પુત્રીઓ શ્રી નયનાબહેન અને પ્રીતિબહેન છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી શાન્તાબહેન પટેલનું અવસાન થોડાંક વર્ષો પૂર્વે થયું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ખરા અર્થમાં આપ્તજન અને વિસનગરના ગૌરવપુરુષ લોકસેવક સદ્‌ગત ભોળાભાઈ પટેલસાહેબના અવસાનથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સર્વ વિદ્યાલય પરિવાર શોકસંતપ્ત હૈયે પ્રાર્થના કરે છે કે ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

# પારેવડા-કુટી

ઉમાશંકર જોશી

**વિન્ડરમિયર : ૩૦–૭–૧૯૭૩**

ચિ. પ્રિય સ્વાતિબેન,

આ ત્રણે દિવસ તારું વિશેષભાવે સ્મરણ થતું હતું. તું તો અહીં ખૂબ લૂંટત. પરમ દિવસે સવારે લંડન છોડ્યું ત્યારે વાદળ અને ધુમ્મસ જેવું હતું. નવ વાગે ગાડીમાં બેઠો. થોડા સમયમાં જ ઉઘાડ નીકળ્યો અને વિન્ડરમિયરથી ત્રણ વાગે બસમાં બેસી ત્યાંનું વિશાળ સરોવર, અંબલસાઇડ અને રાઇડલનાં સરોવરો જોતો ગ્રાસમિયર પહોંચ્યો ત્યારે તો ડોરોથી કહે છે તેમ 'હેવન્લી' – સ્વર્ગીય મોસમ હતી.

સીધો પારેવડા-કુટીએ ગયો. પ્રવેશપત્ર માટેની ઑફિસમાં હાથથેલી અને ડગલો મૂકી કવિના ઘરમાં પહોંચ્યો. તું કહેતી હતી તેમ ઘર તો નાનકડું છે. નીચે બે ખંડ અને રસોડું, ઉપર બેસવા-જમવા-કામ કરવાનો ખંડ, સૂવાનો ખંડ, બીજો એક ખંડ અને તેની પાસે એક નાનકડો ખંડ. પાછળ ડુંગર છે, લીલીછમ ઝાડીથી છવાયેલો. રસોડું ખાડામાં છે. વહેતા પાણીને નાનકડી ઓરડીમાં પસાર થવા દઈ એ સમયમાં રેફ્રિજરેટરની સેવા લેતા તે વ્યવસ્થા જોઈ. હું ગયો ત્યારે પશ્ચિમથી સૂર્ય આગળના ઓરડાઓમાં પ્રકાશ અને હૂંફ ફેલાવી રહ્યો હતો. પાછળથી પૂર્વનો પ્રકાશ તો ડુંગરને લીધે મળવો મુશ્કેલ. બપોર સિવાયનું ખાણું તેઓ બીજા ખંડમાં (ઉપર પણ ) લેતા. જમવાનું ટેબલ સાદું, ઊપડે નહીં એવું વજનદાર હતું.

અત્યારે મકાન આગળ બે-ત્રણ મકાનો છે અને પછી મોટો રાહદારી રસ્તો છે. પહેલાં ઘરમાંથી જ ગ્રાસમિયર સરોવર દેખી શકાતું હશે. ગામ તો અહીંથી બે ફર્લાંગ દૂર છે. એટલે પારેવડા-કુટીની જગાની પસંદગી એકાંત અને સૃષ્ટિસૌંદર્યની દૃષ્ટિએ ઉત્તમ લાગે છે. ગ્રાસમિયર શરૂ થાય છે ગામ પાસેથી, પણ અહીં એ વિશાળું બને છે. લંબાઈ એક માઈલની અને પહોળાઈ વધુમાં વધુ અર્ધો માઈલ. બે હંસો તરતા હતા. બતકો પણ હતાં. પાસેની લીલી ટેકરી પર ઘેટાં, ગાયો ચરતાં હતાં. થોડાંક બતકો પણ ત્યાં હતાં. સરોવર ગિરિમાળાથી ચારે બાજુ વીંટળાયેલું છે. કવિપુત્રી ડોરાએ પારેવડા-કુટીનો સ્કેચ કરેલો છે તેમાં સરોવર અને કુટી વચ્ચે મકાન નથી અને દૂરનો હેલ્મક્રેગ સુંદર દેખાય છે.

ઘરમાં વસ્તુઓ અને ફર્નિચર છે. તેમાંનું કેટલુંક તે સમયનું છે. જોવાનું એ છે કે લખવાનું ટેબલ નથી. ચોરસ બેઠકનો એક કાટખૂણો આગળ આવે એવી સારા બે હાથવાળી બેસવાની ખુરશી છે. એક સાદો બે જણ માટેનો સોફા છે. રાજકવિપદ અર્પણ થયાનો મૂળ કાગળ આ ખંડમાં છે. ઉપરના ખંડમાં મુખ્ય તો છે જુદા જુદા સમયની કવિની અને કુટુંબીજનોની – કૉલરિજ પણ તેમાં આવી ગયા – છબીઓ. છબીઓ હૃદયસ્પર્શી છે. વૃદ્ધાવસ્થાની મૅરી સાથેની એક છબી સુંદર છે, તેમાં મૅરીના હાથમાં કલમ છે ('ડૅફોડિલ્સ'ની છેલ્લી બે પંક્તિઓ એમણે જ આપી હતીને ?) અને કવિનો હાથ ચોપડીઓ પાસે છે. એક મોટા ચિત્રકારનું ઈશુ ખ્રિસ્તના જેરુસલેમ-પ્રવેશનું ચિત્ર એ આ ઓરડાની સૌથી ઉત્તમ ચીજ છે. ટોળાંમાં ઈશુ ખ્રિસ્તની ડાબી બાજુએ વર્ડ્ઝવર્થ ચીતરેલા છે. માથું નમેલું, જમણો હાથ છાતી પર, આખી આકૃતિ તલ્લીનતાની છે. તેમની પાછળ વૉલ્તેર છે, મોઢા પર વૃદ્ધાવસ્થાની રેખાઓ અને ચિકિત્સક નજર. તેમની પછી ન્યૂટન છે, વૈજ્ઞાનિકની જેમ ખુલ્લા મગજથી જોઈ રહેલા. વર્ડ્ઝવર્થના માથા પાછળ કીટ્સ છે, આશ્ચર્યની મૂર્તિ. થોડેક દૂર હૅઝલિટ છે. આ રીતના ચિત્રની સંકલ્પના જ ગમી જાય એવી છે. વેટિકનમાં રફાયેલના એક ચિત્રમાં મસ્તકે ઓલિવ પાંદડાંનો તાજ પહેરેલા દાન્તે છે તે તને યાદ હશે. બીજો એક ઓરડો તે સમયના મહાજનો – ખાસ કરીને સાહિત્યકારો – ની છબીઓનો છે. પડખેના નાનકડા ઓરડામાં તે સમયનાં છાપાંનાં પાનાં ભીંત પર ચોટાડેલાં છે. વર્ડ્ઝવર્થ રાજ્યના સ્ટૅમ્પ્સ વગેરેનું ને લાયસન્સ આપવાનું કામ કરતા. એમણે આપેલા એમની સહીવાળા, એવા એક લાયસન્સનો નમૂનો અહીં મૂકેલો છે.

પહેલા માળને અડધે રસ્તેથી ડુંગર તરફ બગીચામાં જઈ શકાય છે, એ ભાગ અત્યંત સુંદર છે. ડોરોથીના જર્નલમાં બાગકામના ઉલ્લેખો આવે છે. મોસમનાં ફૂલો હતાં, બટરકપ હતાં. વિદાય થતાં ડેઈઝી થોડાંક હતાં. થોડાં

પગથિયાં ચઢીએ ત્યાં લાકડાની એક સુંદર બેઠક – કહો કે મંડપ છે. ત્યાંથી સરોવર જોઈ શકાય છે. ગીચ ઝાડીમાંથી પંખીઓનો અવાજ આવતો હતો. નીચે ફૂલો પર પતંગિયાં ઊડતાં હતાં. અત્યારે પણ પારેવડા-કુટી ડુંગરના પડખાની વનરાજિને પકડીને ઊભી છે, શાન્ત એકાન્ત અને પ્રકૃતિની પ્રત્યક્ષ ભૂરકીનો અનુભવ કરાવી રહે એવી.

પડખે સંગ્રહસ્થાન છે. કવિના વંશજની મદદથી એ થઈ શક્યું છે. છબીઓ, શિલ્પો, હસ્તપ્રતો, પ્રથમ પ્રકાશનો, ઘરવખરીની વસ્તુઓ, ઘડિયાળ, કવિએ પહેરેલ વસ્ત્રાદિ અહીં જોવા મળે છે. નીચેના ભાગમાં તે સમયના ગ્રામવાસીનું જીવન પ્રતિમાઓ દ્વારા સાક્ષાત્ બતાવવા પ્રયત્ન કર્યો છે. હસ્તપ્રતોમાં કવિના હસ્તાક્ષર તો ઠેર ઠેર છે જ. ઉપરાંત મૅરી અને એમનાં બહેન સારા હચિન્સનના સુંદર હસ્તાક્ષરમાં કેટલુંક છે. એક તો આખી હસ્તલિખિત મોટી પોથી છે ( – કદાચ કૉલરિજ કે એવા કોઈ માટે લખેલી.) ડોરોથીના જર્નલની હસ્તપ્રતો અહીં જોવા મળી. ડોરોથીનું ચિત્ર મળતું નથી. એમનું ગણાતું એવું એક છાયાચિત્ર (સિલહટ) અહીં મૂકવામાં આવ્યું છે. આ લોકો સંગ્રહસ્થાનને કેવી સમજદારીથી સજીવન કરે છે તેનો એક નમૂનો ટૉમસ દ ક્વીન્સી (જે પણ પછીથી પારેવડા-કુટીમાં રહી ગયેલા)નું એક વાક્ય આપેલું છે કે મિલ્ટનના 'પેરેડાઇઝ લૉસ્ટ'ની સમજૂતીના એક પુસ્તકના મુખપૃષ્ઠ સામે આપેલી મિલ્ટનની છબી (જે અહીં બતાવવામાં આવી છે)માં પોતાને વર્ડ્ઝવર્થની પોતાની કોઈ પણ છબી કરતાં વધારે વડ્ઝવર્થની આકૃતિ વરતાતી હતી. અમુક અંશે દ ક્વીન્સીની વાતમાં તથ્ય છે.

સારું થયું ઊતર્યો એવો સીધો જ હું કવિઘરે ગયો. રવિની રજા હોય છે અને સોમે સવારે મારે નીકળવાનું હતું. સાડા પાંચે બંધ થવાના સમયે નિરાંતે નીકળ્યો અને પાસેની હૉટેલમાં જગાનું પૂછ્યું. દર વધારે હતો એટલે સામાન ત્યાં રાખી ગામ સુધી જઈ આવ્યો. પણ 'જગા નથી'નાં સારી જગાઓએ પાટિયાં. ત્યાં જ રહ્યો. ઓરડીમાં બેઠાં બેઠાં સરોવર દેખાતું હતું. સાંજ ખૂબ જ સુંદર હતી.

ચા પીને નીકળ્યો. ગામમાં ગયો. દેવળ પાસેના કબ્રસ્તાનમાં અંદર ખૂણે કવિનાં કુટુંબીજનોની કબરો છે. ૧૮૧૭થી ૧૮૫૦ દરમિયાન કવિ ત્રણેક માઈલ દૂર રાઇડલ જઈને રહેલા. ત્યાં મૃત્યુ પામ્યા, પણ એમની આરામગાહ યોગ્ય રીતે જ, ગ્રાસમિયરમાં છે. એક સલેટિયો પથ્થર સ્મારકરૂપે ઊભો છે. કબર પર ઘાસ છે.

ગામમાં આમતેમ ફરી સરોવરની પ્રદક્ષિણા (ડાબી બાજુ હતું એટલે પ્ર-વામા કહેવી જોઈએ) કરવા નીકળ્યો. સાડાસાત થયા હતા. વચ્ચે વચ્ચે પૂછતો ગયો અને ચાલતો રહ્યો. એક ભાઈએ કેડી ચીંધી અને વળવાની જગ્યાનો ખ્યાલ આપ્યો. ત્યાં વળું છું, ત્યાં એ પોતે આવ્યા. કહે કે પત્ની અને બાળક હોડી ચલાવવા ગયાં છે, ક્યાંક હશે, બોલાવી લાવું. અહીંના વતની, યૉર્કશાયરમાં ઇજનેર છે. પગદંડી માર્ગે સરોવરને કિનારે કિનારે લઈ ગયા. એનાં પત્ની મળ્યાં, પણ એને અંદર લીધો નહીં. કોઈ બીજા ભાઈ હોડીમાંથી ઊતરી જંગલરસ્તે ઘેર ગયા હતા તેને મળવા દોડતા જવા પતિને સૂચના આપી. સરોવર પૂરું થાય છે ત્યાં ફરી રોધે નદી કલકલ કરતી આગળ વધે છે. ત્યાં બેઠો. નવ થવા આવ્યા હતા, પણ પશ્ચિમમાંથી પુષ્કળ અજવાળું સરોવરને ચળકાવતું હતું. પુલ ઉપર થઈને મુખ્ય રસ્તે હૉટેલ તરફ પહોંચવા માટે નીકળ્યો, ત્યાં એક કાળા કૂતરાને ફેરવવા નીકળેલી શાળાની વિદ્યાર્થિની મળી. કહેવા લાગી કે નીચેવાસ રોધે નદીનું પાણી ગંધાય છે, અંદર કચરાના થર જામ્યા છે, લોકો ગમે તે બધું સરોવરમાં ઠાલવે છે, તેનું પરિણામ. પોતે પશુચિકિત્સાનો અભ્યાસ કરે છે. કાલે રવિએ ઘણો વખત દેવળમાં આપશે. કહે કે રોમનો આવ્યા તે પહેલાંના અહીંના વતનીઓમાંની પોતે છે. ટૂંકા માપના, કાળા વાળવાળા એ લોકો (ડેઇલ્સ પીપલ) છે. રવિએ સાંજે દેવળમાં એક યુવક- મંડળ ચાલે છે, જેની પોતે સભ્ય છે.

પુલ પછી વિન્ડરમિયર-રાઇડલથી આવતો આ ધોરી માર્ગ છે. માત્ર હૉટેલ નજીક જ હતી. સાંજે મારે માટે ખાવાનું કરી આપવાની વાત કરી હતી, પણ તેઓને ફાવે તેવું ન હતું. પાસેના ભોજનગૃહની મદદ લીધી.

રવિએ નિરાંતે તૈયાર થયો. પ્રભાત ખુશનુમા અને ખૂબસૂરત હતું. ચારે તરફથી ગિરિમાળા અને લીલીછમ વનરાજિઓને વધાવતું ગ્રાસમિયર સરોવર સુંદર શોભતું હતું. કવિઘર પાસે જઈ ત્યાંથી રસ્તો લઈ ડુંગર માર્ગે રાઇડલ જવાનું વિચાર્યું. ઊંચેથી સરોવરનો અને આખી ગ્રાસમિયર ખીણનો ખ્યાલ મળતો હતો. આજકાલ પ્રવાસીઓની ઋતુ છે. રસ્તાની કોરે પડાવો. ખભે સામાન બાંધીને ચાલી નીકળેલ યુવકો-કિશોરો મળે. બે-ત્રણ વિદ્યાર્થિનીઓ પણ એ રીતે નીકળી પડેલી હોય. રોધે નદીમાં અને રાઇડલ સરોવર શરૂ થાય છે ત્યાં બાળકો તરવાના પાઠ લઈ રહ્યાં હતાં. ગામ આવ્યું. દેવળ પડખે ડાબી તરફ ચઢતાં કવિનું રાઇડલ માઉન્ટ – રાઇડલ ટીંબો – નામનું ઘર આવે છે.

ઘર ઠીક ઠીક ઊંચાઈએ છે. રાઇડલ-ખીણ ગ્રાસમિયર ખીણની જેમ કૂંડા જેવી નથી. અંબલસાઇડ તરફ

ખૂલી જાય છે. લાલિત્યમાંથી વિશાળતામાં જાણે આવ્યા. સમગ્ર ખીણ ઉપર ચોકીની જગા હોય એવી જગા છે. અહીં એ જીવનનાં પાછલાં તેત્રીસ વરસ રહ્યા. વરસ દિવસે પાંચસો જેટલા અજાણ્યા યાત્રીઓ આ નિવાસ પર અણધારી મુલાકાતે – આપણી ભાષામાં 'દર્શને' આવતા. એંસી સુધી કવિ જીવ્યા. આટલું ચઢી શકે એવી શરીરની સ્થિતિ હશે. ઘરમાં એમનો ખંડ પણ બીજે માળે છે.

આકાશમાં વાદળ ઘેરાતાં હતાં. પહેલાં બગીચો જોવા ગયો. સરોવર- દેવળ-ની દિશામાં નાનકડી ઊંચી જગા છે. ત્યાં કવિ બેસતા. સુંદર જગા છે. હાથ લંબાવો ને સ્વર્ગ ! નીચે વાડ પાસે એક પથ્થર હતો. આ સદીના આરંભમાં કોઈએ દશ વરસે મૃત્યુ પામેલા જાનવરની સ્મૃતિમાં એ મૂક્યો હતો.

આ ઘર તે 'ઘર'. સહેજ મોકળું હતું. નીચલો ખંડ વિશાળ અને બેસવાની સગવડવાળો હતો. અહીં કવિની છબીઓ વગેરે હતું. ઉપરના ઓરડામાં હસ્તપ્રતો અને પહેલી આવૃત્તિઓ વગેરે મૂકેલું હતું. રાણી વિક્ટોરિયાએ રાજકવિને આપેલી પોતાની છબી અહીં હતી. રાજકવિપદનો સ્વીકાર, થોડીક ચર્ચાને અંતે પોતાનો વાંધો નીકળી જતાં, પોતે કર્યાના સમાચાર ભાઈને આપતો કાગળ કાં તો અહીં જોયો અથવા તો ગ્રાસમિયર મ્યુઝિયમમાં. તેમના સમયમાં પ્રચલિત અને કવિએ વાપરેલાં પુસ્તકો – ખાસ તો મિલ્ટનનો કાવ્યસંગ્રહ – કવિની સહી સહિત જોયાં. એક પ્રવાસનું પુસ્તક છે. મુંબઈના પ્રવાસનું જે પાનું ખુલ્લું હતું તેમાં લખેલું હતું કે બૉમ્બે નામ પોર્તુગીઝોએ પાડેલું છે, 'બૉમ્બે' એટલે 'ગૂડ-બે' અને ખરે જ એ ગૂડ-બે છે વગેરે. (મુંબાદેવી) મુંબાઈ ઉપરથી પશ્ચિમીકરણ 'બૉમ્બે' હોવાની માન્યતા પ્રચલિત છે. ઉપર પહેલા માળે દીકરીઓનો ઓરડો છે અને અંબલસાઇડ તરફ ડોરોથીબહેનનો છે. ડોરોથીનો ઓરડો તીર્થસ્થાન જેવો લાગ્યો. બરોબર એની ઉપરનો ઓરડો કવિનો છે.

ધોધમાર વરસાદ પડ્યો. બસસ્ટેન્ડ પાસે બખોલમાં ઊભો. માથે ટોપી હતી તેથી કદાચ એક બીજી બસવાળાએ જગા આપી. ગ્રાસમિયર પહોંચ્યો. પછી સાંજ સુંદર ઊઘડી. રાઇડલથી તદ્દન સામેની દિશામાં ઊંચે કલાકેક સુધી ચાલ્યો. મોટરોના અવાજને ડુબાડતાં ઝરણાં હવે ગાજતાં હતાં. રોધે પણ ઊછળતી હતી. દસે પાછો ફર્યો. બે કાવ્યો લખાયાં. તે આ સાથે છે. મજામાં છે ને ?

**ઉમાશંકર જોશીના**
**જય વર્ડ્ઝવર્થ**
**(યાત્રી)**

---

**પૃષ્ઠ ૨૬નું અનુસંધાન**

**સન ૧૭૮૧ :** દનીસ દીદેરો નામના ફ્રેન્ચ વિદ્વાને 'ડિપ્રેશન'થી પીડાતાં પત્નીને રદ્દી ગણાતું સાહિત્ય વંચાવીને સાજાં કર્યાં. ''ધૂળ જેવી નવલકથાઓનો હું વિરોધ કરતો, પણ મેં શોધ કરી કે આવા માનસિક દરદીઓ માટે તે ઉપચાર બની શકે.'' વાચનચિકિત્સા નામે જ્ઞાનશાખા ઉદ્ભવી. એ જ વિદ્વાને એક વિશ્વકોશ રચ્યો જેનાથી પ્રેરાઈને ફ્રેન્ચ પ્રજાએ મહાન ક્રાન્તિ કરીને ગુલામીની જંજિરો તોડી નાખી.

**સન ૧૯૩૫ :** પેન્ગ્વીન નામે પ્રકાશકે કાચા પૂઠાની દસ સસ્તી ચોપડીઓનું ઝૂમખું પ્રગટ કરીને પેપરબૅક ક્રાંતિનાં મંડાણ કર્યાં.

**સન ૧૯૫૩ :** બ્રેડબરી નામના લેખકે 'ફેરનહાઈટ ૪૫૧' નામે નવલકથામાં એવા ભાવિનો ચિતાર આપ્યો કે જેમાં પુસ્તકો નાશ પામશે ને તેને જિવાડવા માટે વાચકોએ તેને અક્ષરશઃ સ્મૃતિબદ્ધ કરવાં પડશે, જીવતાં ગ્રંથાલયો બનવાનું આવશે.

**સન ૧૯૮૫ :** જગતની ૨૮% વસ્તી વાંચી શકતી નથી.

**સન ૧૯૯૬ :** અમેરિકાના વિરાટ રાષ્ટ્રીય ગ્રંથાલય લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસની જ્ઞાન-સામગ્રીની સંખ્યા દસ કરોડને આંબે છે; વરસે સાડાત્રણ લાખ પુસ્તકો - સામયિકો - ચિત્રો - નકશાઓ - રેકોર્ડો એમાં ઉમેરાય છે.

['એ હિસ્ટરી ઑફ રીડિંગ :
લેખક : આલ્બર્તો મૅંગુએલ. ૧૯૯૬ના
આધારે સાભાર]

# ગુજરાતી લોહીની પરખ

**મોહનલાલ પટેલ**

ઈ. સ. ૧૯૫૯ના ઑક્ટોબર માસમાં તત્કાલીન સરકારના માહિતી ખાતા તરફથી પત્ર મળ્યો હતો : 'નાગપુર વિભાગની યોજનાઓનું નિરીક્ષણ કરવા માટે પત્રકારો તેમજ લેખકોના એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં જોડાવા માટે તમને આમંત્રણ છે. એમાં સામેલ થવા ખુશી હો તો એ માટેની તમારી સંમતિ મોકલી આપવા વિનંતી છે. પ્રવાસ ડિસેમ્બર '૫૯ અને જાન્યુઆરી ૧૯૬૦ દરમિયાન થશે.

સંમતિ મોકલી આપ્યા પછી વિગતે કાર્યક્રમ મળ્યો.

પ્રવાસમાં જોડાનાર મહારાષ્ટ્રના આઠ પત્રકારો ઉપરાંત ગુજરાતના યશવંત શુક્લ, નગીનદાસ પારેખ, ચુ. વ. શાહ, પન્નાલાલ પટેલ, પીતાંબર પટેલ, જયભિખ્ખુ, બકુલ ત્રિપાઠી, હસિત બૂચ, હીરાબહેન પાઠક, સુભદ્રા ગાંધી, બાલમુકુન્દ દવે, મોહનલાલ પટેલ, સારંગ બારોટ, રમણલાલ સોની તેમ જ 'ઊર્મિ અને નવરચના'ના તંત્રી શ્રી મનુભાઈ જોધાણી અને 'તમન્ના' સાપ્તાહિકના તંત્રી જયંતીલાલ સુબોધ હતા.

મહારાષ્ટ્રના પત્રકાર સભ્યોમાં એક મુંબઈના અને બાકીના મહારાષ્ટ્રના અંતરિયાળ નગરો કે ગામના સભ્યો હતા.

આ પ્રવાસમાં મહારાષ્ટ્રના ભાઈઓ સાથે સંપર્ક અને સહવાસનો લાભ મળશે એ વાતે મન પ્રસન્ન હતું. પણ કમનસીબે પ્રવાસનો આરંભ થયા પછી ધીરે ધીરે મહારાષ્ટ્રના ભાઈઓના મનમાં એક એવી ગ્રંથિ બંધાવા લાગી કે પ્રવાસમાં માહિતીખાતા તરફથી વ્યવસ્થા માટે મૂકવામાં આવેલા બંને ઑફિસરો ગુજરાતી સભ્યો તરફ પક્ષપાતભર્યું વલણ ધરાવે છે. પ્રવાસમાં જે જે સ્થળોએ રોકાણ થાય છે ત્યાં આ ઑફિસરો વ્યવસ્થા એવી રીતે ગોઠવે છે કે ગુજરાતી સભ્યોની સરભરા ખૂબ સારી રીતે થાય. સમારંભો અથવા મુલાકાતોમાં પણ એ લોકો ગુજરાતી સભ્યોને આગળ ધરે છે. વાર્તાલાપ ગોઠવાય ત્યારે પણ એમના તરફથી ગુજરાતી સભ્યોને જ બોલવાનું સૂચન થાય છે.

વક્તવ્ય આપવા અંગે આ મિત્રોની ફરિયાદ દેખીતી રીતે જ પાયા વિનાની હતી. ગુજરાતી સભ્યોમાં કેટલાક તો જૈફ વયના સાહિત્યકારો હતા અને કેટલાક અધ્યાપક હતા. સમારંભમાં વક્તવ્ય માટે યશવંત શુક્લ, નગીનદાસ પારેખ કે જયભિખ્ખુ જેવા વક્તાઓ બોલે એમાં પ્રસંગોચિત વ્યવસ્થાનું આયોજન બરાબર થયેલું જણાય. વળી, મહારાષ્ટ્રના સભ્યોમાં મુંબઈના ડૉક્ટર સિવાયના સભ્યો આવા પ્રસંગો માટે અનુભવ વિહોણા જણાતા હતા. મુંબઈના ડૉક્ટર આ બાબતમાં ઇરાદાપૂર્વક અળગા રહેતા હોય એવું ચોખ્ખું જણાતું હતું.

એક વાર કોઈ બાબતમાં પૂર્વગ્રહ બંધાય એટલે એમાં ઉમેરો કરનારાં નાનાં મોટાં બહાનાં મળી રહેવાનાં. અહીં પણ એવું જ થયું. જ્યાં જુઓ ત્યાં મહારાષ્ટ્રના આ ભાઈઓને ગુજરાતી સભ્યોના ભાણામાં મોટા લાડુ દેખાવા લાગ્યા. આ સંજોગોમાં પ્રગટેલા અસંતોષમાં મહારાષ્ટ્રના ભાઈઓને ઉશ્કેરવામાં મુંબઈના પત્રકાર ડૉક્ટર આગેવાનીભર્યો ભાગ ભજવતા હતા.

એક દિવસ તો મનમાં ઘૂંટાયા કરતો મહારાષ્ટ્રના સભ્યોનો અસંતોષ એક પ્રગટ આક્રોશના રૂપમાં દેખાયો. ૨૮ ડિસેમ્બરનો એ દિવસ. અમારો મુકામ ચાંદામાં. ચાંદાથી નીકળીને અમારે સાંજે તાડોબા અભયારણ્ય ખાતે જંગલનાં પ્રાણીઓના દર્શન માટે પહોંચવાનું હતું. તાડોબા અભયારણ્ય ચાંદાથી ૩૦ માઈલ દૂર અગાઉના કાર્યક્રમોમાં વિલંબ થયા કર્યો હતો એટલે તાડોબાએ સાંજે પહોંચી જવાના બદલે ત્યાં પહોંચતાં રાતના ૧૧ વાગી ગયા ! રાની પ્રાણીઓ જોવાનો સૌથી સારો સમય દિવસ આથમવાની તૈયારી હોય તે વખતનો. હવે એ શક્ય નહોતું, એટલે પ્રાણીદર્શન પછીનો કાર્યક્રમ તે અગાઉ લીધો. સ્વાગત, પરિચયો, ભોજન વગેરેમાં ઘણો સમય પસાર થયો. એમાં સાડાબાર વાગી ગયા.

વન-અધિકારી જે અમારી સાથે રહેવાના હતા એમણે કહ્યું : વાઘ-ચિત્તા તો અત્યારના સમયે પોતપોતાની

બોડમાં ભરાઈ બેઠા હોય. બીજાં પ્રાણીઓ પણ પોતપોતાના ઠેકાણે હોય. આમ છતાં, આપણે એમને શોધી કાઢવાની પૂરી કોશિશ કરીશું.

પ્રાણીદર્શન માટે અમારે ખુલ્લી જીપ અને બસના છાપરા પર બેસીને અભયારણ્યમાં ઘૂમવાનું હતું.

બસ અને જીપ તૈયાર હતાં.

જીપ આગળ રહેવાની હતી. એમાં અત્યંત શક્તિશાળી સર્ચલાઈટની વ્યવસ્થા હતી. એને ઑપરેટ કરવા વનના એક કર્મચારી રહેવાના હતા. સ્થાનિક વન-અધિકારી પણ અમારી સાથે રહેવાના હતા.

અંધારી રાત અને કડકડતી ઠંડી હતી. પન્નાલાલ પટેલ, પીતાંબર પટેલ, બાલમુકુન્દ દવે, બકુલ ત્રિપાઠી, સારંગ બારોટ અને હું વાતો કરતા જીપ આગળ ઊભા હતા. અમે જીપમાં સ્થાન લીધું અને બાકીના આપણા સભ્યો બસના છાપરા પર ચઢીને ગોઠવાયા.

મહારાષ્ટ્રના સભ્યોમાંથી કોઈ બસના છાપરે ન ચઢ્યું. એમની નરાતાળ ઉપેક્ષા થઈ રહી છે એવી વાત આગળ ધરીને ડૉક્ટર સભ્ય રોષપૂર્વક મોટા ઘાંટે પેલા સરકારી અધિકારીઓનો ઊધડો લેવાનો પ્રયત્ન કરતા હતા. અહીં ઉપેક્ષાનો અર્થ તો એટલો જ થાય કે એમને જીપમાં બેસવાનું ન કહેવામાં આવ્યું. ગુજરાતી ભાઈઓને પણ એવું કોઈ સૂચન કરવામાં આવ્યું નહોતું. જે જીપની બાજુમાં ઊભા હતા તે સ્વયં જીપમાં ગોઠવાયા હતા. અમે જીપમાંથી ઊતરી જઈને એમને જીપમાં જગ્યા આપવાની તૈયારી બતાવી. એ સ્વીકારવા એમની તૈયારી નહોતી. કદાચ એને એ ભાઈઓ ભીખમાં મળેલું દાન સમજતા હશે. અથવા એમાં સરકારી ઑફિસર તરફથી ઑફર થયાની ચેષ્ટા નહોતી એટલે એ રીતે જીપમાં બેસવામાં એ નામોશી સમજતા હોય એમ પણ બને.

ઘણી રકઝક થઈ. એ ભાઈઓને મનાવવાનો ઘણો પ્રયાસ થયો. એમના માટે ફક્ત એમને લઈને અભયારણ્યમાં બીજું ખાસ રાઉન્ડ લેવાની તૈયારી બતાવવામાં આવી. સમયની દૃષ્ટિએ એ તો મહારાષ્ટ્રના ભાઈઓને માન્ય નહોતું.

આખરે આ સામાન્ય દેખાતી ઘટના કેવાં કેવાં રૂપમાં પરિણમી શકે એ વાતના હાઉ સામે પેલા ભાઈઓની જીદ જરા મોળી થઈ અને આખરે એ ભાઈઓ બસના છાપરે બેસવા સંમત થયા.

કાર્યક્રમ પૂરો થયો ત્યારે સવારના ત્રણ વાગ્યા હતા.

હજુ ચાંદા પરત થવા માટે ૩૦ માઈલની ખેપ કરવાની બાકી હતી.

તાડોબાથી પરત આવ્યા પછી અમારે બપોર સુધીમાં બેલારપુર પેપર મિલ અને કોલસાની ખાણની મુલાકાત લેવાની હતી. બપોર પછી ચાંદાથી ૮૦ માઈલ દૂર આવેલા આદર્શ ગામ રાજોલીને જોવા જવાનું હતું.

બપોર સુધીની મુલાકાતમાં કોલસાની ખાણમાંનું અન્ડરગ્રાઉન્ડ ભ્રમણ વધારે કષ્ટભર્યું રહ્યું. એમાંય જે વિભાગમાં ખનન (ખોદકામ) થઈ ચૂક્યું હતું એની મુલાકાત વધારે તકલીફવાળી બની રહી હતી. કામ પૂરું થયું હતું એટલે તાજી હવા અને અજવાળાની સગવડ બંધ કરી દેવામાં આવી હતી. જગ્યા અંધારા અને ભેજવાળી બંધિયાર હવાવાળી બની રહેલી હતી. શ્વાસ લેવામાં તકલીફ પડે એવી એ જગ્યા બની રહી હતી.

આગલી રાતનો ઉજાગરો અને અત્યારનો શ્રમ એ બે કારણોને લીધે જમ્યા પછીના આરામનો સમય લંબાઈ ગયો અને રાજોલી ગામ પહોંચવામાં રાત પડી ગઈ.

પ્રવાસમાં આ કાર્યક્રમ મહત્ત્વનો ગણવામાં આવ્યો હતો. ગામના ખૂણે ખૂણામાં ફરીને ગામલોકોના પુરુષાર્થને બિરદાવવાનો હેતુ એમાં હતો.

ગ્રામદર્શન પેટ્રોમેક્ષના અજવાળે થવા માંડ્યું. ગામલોકોના ઉત્સાહભર્યા સંપર્કના કારણે મુલાકાત લંબાતી ગઈ. ક્યાંય બેસીને વાત કરવાની નહોતી. બધું ઊભા પગે જ ! રાત ભાંગવા માંડી ત્યાં સુધી આ બધું ચાલ્યા કર્યું. ગઈ રાતની સાથે આ રાતનો પણ લગભગ ઉજાગરો થયો.

મુકામ રાજોલી ગામથી ચાર માઈલ દૂર સિન્દેવહી નામના ગામમાં હતો. અહીં એક તાલીમી કેન્દ્રના કારણે મોટું અને ઉત્તમ સગવડોવાળું અતિથિગૃહ હતું. અમારો ઉતારો આ અતિથિગૃહમાં હતો.

અમારા પ્રવાસમાં આ બે દિવસ ભારે દોડધામના અને કષ્ટભર્યા બની રહ્યા હતા. બબ્બે રાત્રિના ઉજાગરા અને તનાવભર્યા શ્રમના કારણે સાજો-નરવો માણસ પણ માંદો પડી જાય એવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

અને ખરેખર થયું પણ એવું જ. બપોરે જમ્યા પછી મોટા ભાગના સભ્યો અતિથિગૃહની રૂમોમાં આરામમાં હતા. પણ આપણા સભ્યોમાંના અમે પાંચેય જુવાન મિત્રો અતિથિગૃહની બહાર વાતો કરતા ઊભા હતા ત્યાં કોઈએ આવીને ખબર આપી : 'મહારાષ્ટ્રના એક સભ્યની છાતીમાં દુઃખાવો થવા માંડ્યો છે.' આ સાંભળી અમે તરત જ ત્યાં પહોંચી ગયા. પેલા ડૉક્ટર ભાઈની છાતીમાં દુઃખાવો થતો હતો. દુઃખાવો ભારે હોય એવું જણાયું. તાત્કાલિક દાક્તરી

સહાયની જરૂર હતી. અતિથિગૃહના એક સેવકને પૂછતાં જાણવા મળ્યું કે સિન્દેવરી ગામમાં ફક્ત એક જ દાક્તર છે. સંસ્થાના વાહનમાં ઝટ પહોંચી જઈને એ દાક્તરને બોલાવી લાવવા અમે આ સેવકને વિનંતી કરી.

સેવક દાક્તરને લઈને આવે ત્યાં સુધી ડૉક્ટરને સાચવી લેવાની તાતી જરૂર હતી. કોઈકે કહ્યું : દર્દીના હાથપગ ઠંડા પડતા જણાય છે. બામ ઘસવાથી થોડો ફેર પડે. આ વાત ચાલતી હતી તે દરમિયાન હીરાબહેન અને સુભદ્રાબહેન આવી પહોંચ્યાં હતાં. પન્નાલાલ એમની પાસે જે બામ હતો તે લઈ આવ્યા અને મારી પાસે અમૃતાંજન બામ હતો તે હું ઝટ લઈ આવ્યો. દર્દીની હથેળીઓ અને પગના તળિયે બામ ઘસવાનું કામ હીરાબહેન અને સુભદ્રાબહેને ઉપાડી લીધું. થોડી ક્ષણો પછી હાથપગમાં ઉષ્મા પ્રસરતી હોય એવું જણાયું. પણ છાતીમાંના દુઃખાવામાં કંઈ ફેર પડતો હોય એવું જણાતું નહોતું.

જે સેવક સ્થાનિક ડૉક્ટરને બોલાવવા ગયો હતો તે આવ્યો અને એણે કહ્યું : 'ડૉક્ટર તો ત્રણ માઈલ દૂર એક ગામે કોઈ દર્દીની વિઝિટે ગયા છે.'

સ્થિતિ હતાશાજનક હતી. ડૉક્ટરની સહાયની આશા વ્યર્થ હતી. પણ પળનો તકાદો સમજીને જયભિખ્ખુ સફાળા દોડી જઈને એમની બૅગમાંથી એક શીશી લઈ આવ્યા. એમણે એમાંથી દવાનાં ચાર-પાંચ ટીપાં પાણીમાં મેળવીને આપ્યાં. જરાવાર રાહ જોઈ દુઃખાવામાં કશો ફેર પડતો જણાતો નહોતો. થોડી વાર પછી જયભિખ્ખુએ દર્દીને દવાના ચારપાંચ ટીપાં ફરીથી આપ્યાં. પાંચેક મિનિટ પછી દર્દીને કળ વળતી જણાઈ. અને ધીરે ધીરે રાહત થતી હોય એવું લાગ્યું.

રાત્રે આપણા સભ્યોએ ડૉક્ટરની તબિયતનું બરાબર ધ્યાન રાખ્યા કર્યું. અને સવારે તો ડૉક્ટર બરાબર સ્વસ્થ જણાયા.

સંજોગો નોર્મલ જણાતાં આપણામાંથી કોઈએ જયભિખ્ખુને પૂછ્યું : 'દર્દીને તમે કઈ દવા આપી હતી ?'

જયભિખ્ખુએ જવાબ આપ્યો : 'મેં કોરોમાઈન ડ્રોપ્સ આપ્યાં હતાં. મારાથી એ દવા આપી શકાય નહીં, પણ સાહસ કરવાની જરૂર હતી એટલે એ સાહસ કર્યું. એ દવા ફરી આપવામાં વધારે જોખમ ખેડ્યું હતું. અલબત્ત, એ સાહસ અને જોખમ ડૉક્ટરનો જીવ બચાવી લેવા માટે જ હતાં. આશય શુદ્ધ હતો.'

પછીના પ્રવાસ દરમિયાન ડૉક્ટરની તબિયત વધારે ને વધારે સુધરતી રહી. અને અમે સૌ એમને ક્યાંય ઝાઝી તકલીફ ન પડે એની કાળજી રાખતા રહ્યા.

પ્રવાસને અંતે મુંબઈના ચર્ચગેટ સ્ટેશનના એક પ્લૅટફૉર્મ ઉપર અમે સૌએ મળીને એક નાનકડો અનૌપચારિક વિદાય-મેળાવડો રાખ્યો હતો.

વક્તવ્યમાં કેટલાક સભ્યોએ ઉમળકાભરી લાગણીઓ વ્યક્ત કરી.

છેલ્લે ડૉક્ટર બોલવા ઊભા થયા. એમણે કહેવા માંડ્યું : 'અમે ગુજરાતી ભાઈઓને સમજી ન શક્યા.'

આટલું બોલીને એ જરા અટક્યા. પછી ફરી શરૂ કર્યું : 'એ ભાઈઓ ન હોત તો કદાચ...'

ડૉક્ટરનું ગળું રૂંધાયું, અને આગળ એ કંઈ જ ન બોલી શક્યા...

અને એક પળ પછી તો એ ખરેખર રડી જ પડ્યા !

**મોહનલાલ પટેલ**
**સી/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ,**
**અમદાવાદ-૩૮૦૦૧૫, મો. ૯૯૦૪૪૮૦૫૨૨**



**ઉપરથી ક્લોક વાઈઝ : મોહનલાલ પટેલ, બકુલ ત્રિપાઠી, સારંગ બારોટ, બાલમુકુન્દ દવે, પીતાંબર પટેલ અને મધ્યમાં પન્નાલાલ પટેલ**

# વાસ્તવિક સંખ્યાઓ (Real Number)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

સૌથી પહેલી શોધ પૂર્ણાંકોની (Integers) થઈ. સામાન્ય રીતે બધા જ પૂર્ણાંકોના ગણને I = {1, 2, 3,....., $n$,...} વડે દર્શાવવામાં આવે છે. આ ગણમાં કેટલા પૂર્ણાંકો? અનંત (Infinity). અનંત એટલે કેટલા? એક કોથળામાં એક, બે, ત્રણ વિ. ચબરકી ઉપર લખીને નાખે રાખીએ. આ લખીને નાખવાનું ચાલુ રાખીએ, તો કોઈ દિવસ બંધ ન થાય. એવામાં ગણિતશાસ્ત્રી કેન્ટર (Cantor) આવ્યા. તેમણે થોડાંક નજીવો ફેરફાર સુચવ્યો. ધારો કે કોથળો ભરાઈ ગયો અને આપણે લખીને નાખવાનું બંધ કર્યું અને કોથળામાં ભરેલા પૂર્ણાંકોને અનંત સંપૂર્ણ પૂર્ણાંકો કહીએ. આની અસર શી?

બે ગણોને બે રીતે સરખાવી શકાય. બંનેના સભ્યો ગણીને જો બંનેમાં સરખા સભ્યો હોય તો કહી શકીએ કે બંને ગણો સરખા છે. એ વિશાળ સભાગૃહમાં આવેલા બધા પ્રેક્ષકોને બેઠક મળશે? સભાગૃહની બેઠકોની સંખ્યા અને પ્રેક્ષકોની સંખ્યા ગણવી થોડીક મુશ્કેલ છે. આને બદલે પ્રેક્ષકોને બેસી જવા વિનંતી કરવી સરળ છે. જો દરેક પ્રેક્ષકને બેઠક મળે, બેઠકને પ્રેક્ષક મળે તો આપણે કહીએ કે સભાગૃહના બેઠકોનો ગણ અને પ્રેક્ષકોનો ગણ સરખા છે. અહીંયાં આપણે પ્રેક્ષક-બેઠક, બેઠક-પ્રેક્ષકને અનુરૂપ (one to one correspondence) ગોઠવીને સરખામણી
1 ( 1)$^n$(2$n$ કરી. આ રીત બંને ગણોના સભ્યોને એકબીજાને અનુરૂપ ગોઠવીને સરખાવવા તે પણ અગત્યની રીત છે.
4

જો એક ગણના દરેક સભ્યને બીજા ગણના ફક્ત એકને એક જ સભ્યને અનુરૂપ ગોઠવી શકાય તે જ રીતે બીજા ગણના દરેક સભ્યને પહેલા ગણના ફક્ત એક ને એક જ સભ્યને અનુરૂપ ગોઠવી શકાય તો બંને ગણો સમાન ગણો (Equivalent) ગણાય. અંગ્રેજીમાં એવું કહેવાય કે આ બંને ગણોની કાર્ડિનાલિટી (Cardinality) સરખી છે.

કેન્ટરે જે સુચવેલું તે હવે જોઈએ, અને તેની અસર જોઈએ. અનંત સંપૂર્ણ પૂર્ણાંકોનો ગણ I = {1, 2, 3,....} અને અનંત સંપૂર્ણ બેકીનો ગણ E = {2, 4, 6,....} લઈને આપણને આ બે ગણોના સભ્યોને એકબીજાને અનુરૂપ નીચે પ્રમાણે ગોઠવી શકીએ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| N | 1 | 2 | 3 | 4 | 5...... | $n$...... |
| | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ |
| E | 2 | 4 | 6 | 8 | 10...... | $2n$...... |

Nના દરેક સભ્યને Eની એક જ સંખ્યા જોડે જોડી શકાય અને તે જ રીતે Eના દરેક સભ્યને Nની એક સંખ્યા જોડી શકાય. આથી I અને Eના સમાન ગણો છે. આથી તેમની કાર્ડિનાલિટી સરખી છે. એટલે કે પૂર્ણાંકો કરતાં બેકી સંખ્યા ઓછી નથી. આ પચાવી શકશો ?

ઋણ અને ધન પૂર્ણાંકો અને શૂન્યનો ગણ $\mathbb{Z}$ = {....−3, −2, −1, 0, 1, 2, 3...} છે. N અને $\mathbb{Z}$ના સભ્યોને નીચેની અનુપમ રીતે જોડી શકાય.


| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| N | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | $n$ |
| | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ |
| $\mathbb{Z}$ | 0 | 1 | −1 | 2 | −2 | 3 | −3 | 4 | −4 | |

Nના $n$ સભ્ય માટે Zનો $\frac{1 \quad ( \quad 1)^n(2n \quad 1)}{4}$ સભ્ય છે.

આથી N અને Z સમાન ગણો છે. આ પચાવી શકાશે? Z અને Nમાં સરખા સભ્યો છે. (!!) કઈ રીતે? કોથળો ભરાય એટલે ભરવાનું બંધ કરીએ છીએ. અનંત સંપૂર્ણ છે, અનંત અનંત નથી. આના પછી કેન્ટરે બહુ જ હિંમતભરી રીતે નવી વ્યાખ્યા આપી. જો કોઈપણ ગણના સભ્યોને N ગણના સભ્યોને અનુરૂપ ગોઠવી શકાય તો તે ગણ ડીનુમરેબલ અથવા કાઉન્ટેબલી ઇન્ફાઇનાઇટ (denumerable or countably infinite - ગણ્ય અનંત) છે. આ ગણ્ય અનંત ગણના સભ્યોને સંખ્યા માટે હીબ્રુ ભાષાનો પહેલો શબ્દ એલેફ નૉટ (Aleph Naught) $K_0$ કેન્ટરે પસંદ કર્યો. $\overline{M}$ એટલે M ગણની કાર્ડિનાલિટી. આથી $\overline{N} = \overline{E} = \overline{Z} = K_0$.

**અપૂર્ણાંક સંખ્યાઓ (સંમેય સંખ્યાઓ, Rational Numbers)**

અપૂર્ણાંક સંખ્યાઓના ગણે $Q = \{ \frac{a}{b} \mid a$ અને $b$ પૂર્ણાંક છે અને $b \neq 0\}$ વડે દર્શાવવામાં આવે છે. Qના સભ્યોને Nના સભ્યો જોડે જોડવામાં નીચેની રીત મદદરૂપ થશે.



આના ઉપરથી

| N | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15.... |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ↕ | ↕ | | | ↕ | ↕ | ↕ | | | ↕ | ↕ | ↕ | ↕ | ↕ | ↕ |
| Q | 0 | 1 | | −1 | 2 | $-\frac{1}{2}$ | $\frac{1}{3}$ | $\frac{1}{4}$ | $-\frac{1}{3}$ | −2 | 3 | $\frac{2}{3}$ | $-\frac{1}{4}$ | $\frac{1}{5}$ | $\frac{1}{6}$ |

જોઈ શકાશે કે એક પ્રાકૃતિક સંખ્યા સાથે એક સંમેય સંખ્યા અનુરૂપ રીતે જોડી શકાય છે. તે જ રીતે એક સંમેય સંખ્યા જોડે એક પ્રાકૃતિક સંખ્યા અનુરૂપ રીતે જોડી શકાય છે.

આથી $\overline{Q} = \overline{N} = K_0$.

અત્યારસુધી દરેક અનંત સંપૂર્ણ ગણ ગણ્યઅનંત ગણ છે, પણ 1874માં કેન્ટરે ગણ શોધી કાઢ્યા કે જે અગણ્ય અનંત ગણ છે. 1891માં તેની સરળ સાબિતિ આપી જે ખરેખર સરળ હોઈને આપણે જોઈએ.

**નોંધ :** આપણે $\frac{1}{2} = 0.5000... = 0.49999...$ દર્શાવી શકીએ. પણ સંખ્યા દર્શાવવાની અનન્યતા માટે અંતમાં શૂન્યો આવે તે રીતે સંખ્યાને દર્શાવીશું.

**પ્રમેય :** અંતરાલ (0, 1)માં આવેલી બધી વાસ્તવિક સંખ્યાઓનો ત્રણ અગણ્ય અનંત છે.

**સાબિતી :** ધારો કે અંતરાલ (0, 1)માં આવેલી બધી વાસ્તવિક સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત છે. આ ધારણાના કારણે આ ગણના દરેક સભ્યને N ગણના ફક્ત એકના એક જ સભ્યને અનુરૂપ ગોઠવી શકાય. એક જ રીતે નીચે જણાવ્યા પ્રમાણે N ગણના પ્રત્યેક સભ્યને (0, 1)ની વાસ્તવિક સંખ્યાઓના ગણના ફક્ત એકના એક જ સભ્યને અનુરૂપ ગોઠવી શકાય.

| N | (0, 1)માંની વાસ્તવિક સંખ્યાઓ |
|---|---|
| 1 | $x_1 = 0.21357....$ |
| 2 | $x_2 = 0.35678....$ |
| 3 | $x_3 = 0.44356....$ |
| 4 | $x_4 = 0.78653....$ |
| 5 | $x_5 = 0.95678....$ |
| ⋮ | |
| $n$ | $x_n = 0.a_1a_2....a_n$ |

હવે આપણે (0, 1)માંની નીચેની વાસ્તવિક સંખ્યા લઈએ. $x_1$નો પહેલો દશાંશ 2 હોઈને 2, 0 અને 9 વગરની કોઈપણ સંખ્યા લઈએ. આપણી નવી વાસ્તવિક સંખ્યા $b$નો પહેલો દશાંશ 3 લઈએ એટલે $b = 0.3$ છે. $x_2$ માં દશાંશની બીજી જગ્યાએ 5 છે. $b$નો બીજી જગ્યાનો દશાંશ 5, 0 અને 9 વગરની કોઈપણ સંખ્યા લઈએ. 6 લઈએ એટલે $b = 0.36...$ છે. હવે $x_3$ માં દશાંશમાં ત્રીજી જગ્યાએ 3 હોઈને, 3, 0, 9 વગરની 4 સંખ્યા લઈએ એટલે $b = 0.364$ છે. એ જ રીતે $x_4$ માં ચોથો દશાંશ 5 હોઈને, 5, 0, 9 વગરની 6 લઈએ એટલે $b = 0.3646...$ છે. હવે $x_5$ માં પાંચમી જગ્યાએ 8 હોઈને, 8, 0, 9 વગરની સંખ્યા 7 લઈએ, એટલે $b = 0.36467...$ છે. આ જ પ્રમાણે આગળ વધતાં જતાં $b$ મળશે, જે આપણા ટેબલમાં કોઈપણ જગ્યાએ નથી અને આ $b$ (0, 1)માં આવેલી વાસ્તવિક સંખ્યા છે. જેના માટે N ગણમાં કોઈ પૂર્ણાંક નથી. આથી આપણી ધારણા (0, 1)માં આવેલી બધી વાસ્તવિક સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત છે તે ખોટી હોઈને (0, 1)માં આવેલી બધી વાસ્તવિક સંખ્યાઓનો ગણ અગણ્ય અનંત છે.

આપણે અંતરાલ (0, 1)માં આવેલી વાસ્તવિક સંખ્યાઓ જોઈએ :

**સંમેય સંખ્યાઓ :** $\frac{1}{2}, \frac{3}{4}, \frac{1}{17}, \frac{1}{179},...$

આપણે જોયું કે આ સંમેય સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત ગણ છે.

**અસંમેય સંખ્યાઓ :** $\sqrt{0.2}, \sqrt{0.3}, \sqrt{0.7}, \frac{}{8}, \frac{e}{7},...$

આપણે આ અસંમેય સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત છે કે નહિ તે જાણવા માટે નીચેનું પ્રમેય ઉપયોગી છે.

**પ્રમેય :** જો B અને C ગણો ગણ્ય અનંત ગણો હોય, અને A = B ∪ C હોય, તો A પણ ગણ્ય અનંત ગણ છે.

સાબિતિ : B અને C ગણ્ય અનંત ગણો હોઈને

| N | 1 | 2 | 3...... | | N | 1 | 2 | 3...... |
|---|---|---|---|---|---|---|---|---|
| | ↕ | ↕ | ↕ | અને | | ↕ | ↕ | ↕ |
| B | $b_1$ | $b_2$ | $b_3$...... | | C | $c_1$ | $c_2$ | $c_3$...... |

$A = B \cup C = \{b_1, c_1, b_2, c_2, ...\}$

| | | | | | |
|---|---|---|---|---|---|
| N | 1 | 2 | 3 | 4 | 5..... |
| | $\updownarrow$ | $\updownarrow$ | $\updownarrow$ | | |
| A | $b_1$ | $c_1$ | $b_2$ | $c_2$ | $b_3$..... |

આથી $A = B \cup C$ પણ ગણ્ય અનંત ગણ છે.

**અસંમેય સંખ્યાઓ (Irrational Numbers)**

આપણે અંતરાલ (0, 1)ના સંમેય સંખ્યાઓના ગણ Q ગણ્ય અનંત ગણ સાબિત કર્યો. અંતરાલ (0, 1)ની વાસ્તવિક સંખ્યાઓના ગણ R અગણ્ય અનંત ગણ સાબિત કર્યો. ધારોકે અંતરાલ (0, 1)ના અસંમેય સંખ્યાઓનો ગણ $I_r$ ગણ્ય અનંત ગણ છે. $Q \cup I_r = R$ હોઈને Q અને $I_r$ ગણ્ય અનંત ગણો હોઈને, પ્રમેય પ્રમાણે R પણ ગણ્ય અનંત હોવો જોઈએ. આપણે સાબિત કર્યું કે R અગણ્ય અનંત ગણ છે. આથી $I_r$ ગણ્ય અનંત ગણ છે. તે આપણી ધારણા ખોટી છે. આથી ગણ $I_r$ અગણ્ય અનંત ગણ છે. આનો અર્થ શો?

અસંમેય સંખ્યાઓ સંમય સંખ્યાઓ કરતાં ઘણી વધારે છે એટલે કોઈક વખત ગણિતશાસ્ત્રીઓ એમ કહેશે કે મોટાભાગની વાસ્તવિક સંખ્યાઓ અસંમેય સંખ્યાઓ છે. જરૂરથી સંમેય સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત ગણ છે. છતાંયે અસંમેય સંખ્યાઓની સરખામણીમાં પાણીની ડોલમાં પાણીના બિંદુ બનાવાય છે. આમ તો આપણને સંમેય સંખ્યાઓ ઘણી દેખાય છે.

આ લેખ નીચેના પુસ્તકના આધારે લખ્યો છે.

(1) Williom Dunhem, Journay through Genius : The Great Theorems of Mathematics, John Wiley & Sons, In, 1990

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
**નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, જિ. ગાંધીનગર**
**મો. 9428019042**

●

**પૃષ્ઠ ૨૫નું અનુસંધાન**

કરવા પહેલ કરે છે. અહીં ઉપરી અધિકારી (વ. ગો.)ની સ્વતંત્ર પ્રજ્ઞા વફાદારીની અભિવ્યક્તિનો દોર હાથ ધરે છે. વફાદારી ઉપરથી નીચે ગમન કરે છે. અધિકારીએ સોંપેલું કામ કરવામાં આવે તો તે એકાદ-બે દિવસ યાદ રાખે છે. પણ અહીં નિયામકે (વ. ગો.) કરેલ કામ લાંબા સમય સુધી તાજું રહે છે. સમગ્ર ઘટના વફાદારીનો x-રે આપે છે.

વસંત ગોવારીકર સેટેલાઇટ લોચીંગ વહિકલના (SLU)ના નિર્માતા, પોલિમર વિજ્ઞાનના પુરસ્કર્તા ને સર્જક, ૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે જાહેર કરનારા, પેસ્ટિસાઇડ્સ અને ફર્ટિલાઇઝરનો એનસાઇક્લોપીડિયા તૈયાર કરનારા હતા. તેઓ બહુપારિમાણિક વ્યક્તિત્વ ધરાવતા ભારતીય ચોમાસાના વૈજ્ઞાનિક પરિરૂપ વિકસાવનાર અને આગાહી કરનારા હતા. ઈસરોને એક ટનના ક્રાયોજેનિક એન્જિનની શરૂઆત કરી શકે તેનું દિશાદર્શન કરાવનારા હતા. તેઓ ગણતરીપૂર્વકનું જોખમ ખેડનાર વિજ્ઞાની હતા. તેઓ તેમને અનુસરનારને સર્વગ્રાહી સ્વતંત્રતા આપતા હતા અને પ્રેરણા પણ. અવકાશ સંશોધનકર્તા વિજ્ઞાનીઓ અને સામાન્ય માણસના હૃદયમાં તેમનું અપૂર્વ સ્થાન છે.

પૂર્વાધ્યક્ષ - ભૌતિકવિજ્ઞાન વિભાગ
એમ. જી. સાયન્સ, ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯

# વફાદારીની પહેલ

પ્રહ્‌લાદભાઈ છ. પટેલ

વફાદારી વ્યક્ત કરવી એટલે શું ? તે માટે મને વસંત ગોવારીકરનો ૨૦ વર્ષ અગાઉનો એક અનુભવ યાદ આવે છે. વિક્રમ સારાભાઈ અવકાશ કેન્દ્ર દક્ષિણ ભારતના લગભગ છેડે આવેલું છે. હું ત્યાં પહેલી વખત ગયો. વસંત ગોવારીકર – ત્યાંના કેન્દ્રનો નિયામક હતો. ત્યાં વિજ્ઞાનીઓ સવારના ૮ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી તનતોડ મહેનત કરતા હતા. આ પરિદશ્ય જોઈને હું સ્તબ્ધ થઈ ગયો. રવિવારે પણ એવું જ કાર્ય કરતા હતા. રજાની વાત નહીં. કેટલીક વખત મને બેહૂદા પ્રશ્નો પૂછવાનું મન થઈ આવતું, મેં એક વિજ્ઞાનીને પૂછ્યું, શા માટે તમે રવિવારે પણ કાર્ય કરો છો ? તમે તો સરકારના નોકર છો એટલે રવિવારે તો તમારે રજા ભોગવવી જ જોઈએ. અમારા ઉપરી કડક છે આથી અમારી પાસે કોઈ વિકલ્પ જ નથી. એટલે કામ કરવું પડે છે. રવિવારે તમે કામ પર ન આવો તો તમને તમારા ઉપરી શું કરી નાખે ? (આમાં કેટલાક વિજ્ઞાનીઓ અમેરિકામાં નોકરી માટેના નિમણૂક પત્રો ધરાવતા હતા અને તે પણ અહીંના કરતાં દસ ગણા વેતનના). મેં પૂછ્યું તમને શાની ચિંતા સતાવે છે ? સાહેબ, તમને ખ્યાલ નહીં આવે તેમાંના એકે કહ્યું, ‘‘ચાર મહિનાથી નિયામક અમને રવિવારે કામ કરવા બોલાવે છે, મેં વિરોધ કરતા કહ્યું કે એક દિવસની રજા મળતી નથી, મેં મારાં બાળકોને વચન આપ્યું છે કે તમને હું આ રવિવારે સાંજના ૬ વાગ્યાના કાર્ટૂન-શોમાં લઈ જઈશ’’ આટલું કહી તે વિજ્ઞાની-ભાઈ પોતાના કામે લાગી ગયા.

થોડાક સમય બાદ નિયામક (વ. ગો.) બહાર નીકળ્યા અને જોયું કે તે ભાઈ હજુ ૫.૪૫ વાગ્યા સુધી કામમાં મગ્ન છે.

વિજ્ઞાનીએ પોતાની ઘડિયાળમાં જોયું તો ૮ વાગી ગયા છે. તેમને વચન યાદ આવ્યું. એકદમ ઝડપથી ઘરે દોડી ગયા. જોરથી બારણું ખોલ્યું, તો જોયું કે તેમની પત્ની શાંતિથી ગૂંથણકામ કરતાં હતાં, આજુબાજુ બાળકો ક્યાંયે ન દેખાયાં. પરિસ્થિતિ કંઈક અંશે વિસ્ફોટક લાગી અને બાળકો ક્યાં છે તેમ પુછાય તેમ ન લાગ્યું. એવામાં પત્નીએ ઊંચું જોઈને પૂછ્યું, તમે ભૂખ્યા થયા છો ને ? આ પ્રશ્નનો શો જવાબ આપવો તે માટે વિજ્ઞાની તો વિમાસણમાં પડ્યા. શું તમને ભૂખ લાગી હોય તો હું હાલ જ તમને જમવાનું પીરસું - પત્નીએ કહ્યું, અથવા જો તમે રાહ જોઈ શકો તેમ હોય તો બાળકો આવે ત્યારે બધાં સાથે જમીશું. તે પછી પૂછ્યું પણ ક્યાં છે બાળકો ?

પત્નીએ કહ્યું, તમને ખબર જ નથી ? તમારા નિયામક સાહેબ ૬ વાગે આપણા ઘેર આવ્યા અને બાળકોને કાર્ટૂન-શો જોવા લઈ ગયા. હવે આનું નામ વફાદારી છે. નિયામક-વિજ્ઞાનીને જોઈ રહ્યા હતા, તે ૫.૪૫ વાગ્યા સુધી કામ કરી રહ્યા હતા. તેમણે પ્રત્યક્ષ જોયું કે તે ભાઈ તો કામ કરી રહ્યા છે અને તેમને લાગ્યું કે એ હવે ઘરે નહીં જાય. નિયામકે પોતાની જાતને સવાલ કર્યો : જો આ ભાઈએ તેમનાં બાળકોને ૬ વાગ્યાના કાર્ટૂન-શોમાં લઈ જવાનું વચન આપ્યું હોય તો, બાળકો તે શોમાં અવશ્ય જવાં જ જોઈએ. નિયામકશ્રી (વ. ગો.)એ પોતાની ગાડી તૈયાર કરીને તે વિજ્ઞાનીને ઘેર પહોંચી ગયા. બાળકોને લઈને કાર્ટૂન-શોમાં વખતસર પહોંચી ગયા. નિયામક બધાનાં બાળકોને લઈ જવા બંધાયા નથી. પણ જ્યારે તમે વફાદારીપૂર્વક કામ કરો છો, અને તેનું પ્રત્યક્ષીકરણ થાય છે ત્યારે વફાદારી-શબ્દની સુગંધ સર્વત્ર ફેલાય છે.

બીજાનાં બાળકોને કાર્ટૂન-શોમાં લઈ જવાં તે કંઈ હરહંમેશની વાત નથી કે તે કામ નિયામકનું પણ નથી. કેટલીક વખત ઉપરી અધિકારી કહે ને કામ કરવું પડે, કે આપણો સાથીદાર કહે તો પણ આપણે કામ કરતા હોઈએ છીએ. તેમાં કોઈ વફાદારીની વાત નથી. પણ અહીં તો ઉપરી અધિકારી તેની નીચેના માણસનું કામ

અનુસંધાન પૃ. ૨૪ ઉપર

# વાચનની તવારીખના ખાંભા

**જયંત મેઘાણી**

**ઈ. સ. પૂર્વે. ૪૦૦૦ :** દસ ઘેટાં-બકરાંની આકૃતિવાળી માટીની તકતીઓ ઉપયોગમાં આવે છે : વાચનવિદ્યાના પ્રથમ પગરણની એંધાણી.

**ઈ. સ. પૂર્વે. ૨૩૦૦ :** એક ગ્રીક રાજકુમારીએ, જગતની પ્રથમ લેખિકાએ, પોતાનાં ગીતોમાં 'પ્રિય વાચક' એવું ઉદ્‌બોધન કર્યું.

**ઈ. સ. પૂર્વે ૪૨૦ :** સોક્રેટિસે 'વાંચતા નહીં' એવી શીખ આપી. કહ્યું : પુસ્તકો નકામાં છે, કારણ કે તેમાં કહેવાયું એ સમજાય એવું નથી હોતું. એકની એક વાતનું રટણ હોય છે.

**ઈ. સ. પૂર્વે ૩૩૦ :** માતાનો કાગળ આવ્યો છે એ વાંચવા સિકંદર સૈન્યને થોભાવે છે. સિપાહીઓએ આ અગાઉ તો મોટેથી બોલાતું જ સાંભળ્યું છે, વાંચ્યું નથી.

**ઈ. સ. પૂર્વે ૨૧૩ :** એક ચીની સમ્રાટ ફરમાન કરે છે કે ઇતિહાસનો આરંભ તેના કાળથી જ શરૂ થવો ઘટે : 'જાઓ, બાળી નાખો જૂનાં બધાં થોથાં !'

**ઈ. સ. પૂર્વે ૨૦૦ :** વિરામચિહ્નોની શોધ થાય છે.

**ઈ. સ. પૂર્વે ૫૫ :** જુલિયસ સીઝર સંદેશાઓ મોકલવા માટે છૂટાં પાનાંઓ સીવેલી પોથીઓ ('કોડેક્સ')નો પ્રથમ ઉપયોગ કરે છે. એ પહેલાં કાગળનાં ફીંડલાં ('સ્ક્રોલ') પ્રચલિત જાણ્યાં છે.

**સન ૨૩૦ :** મિસરના મોટા બંદર-શહેર અલેક્ઝાન્ડ્રિયામાં પ્રાચીનકાળનું મહાન ગ્રંથાલય હતું. એક રાજ-આદેશ થયો : પસાર થતાં વહાણોનાં પુસ્તકો લઈને લહિયાઓ પાસે તેની નકલ ગ્રંથાલય માટે કરાવી લેવી. (પછી એક દિવસ પાંચ લાખ પુસ્તકોનો એ સંગ્રહ ભસ્મીભૂત થયો.)

**સન ૧૦૦૦ :** પર્શિયાના એક અમીર અબ્દુલ કાસિમ ઈસ્માએલ પાસે એક લાખથી વધુ હસ્તલિખિત ગ્રંથો હતાં. પ્રવાસમાં પણ તેની સોબત છોડવા જીવ નહોતો ચાલતો એટલે એ આખો સંગ્રહ ચારસો ઊંટ પર લદાવતા અને પુસ્તકોનાં નામના કક્કાવાર ક્રમમાં વણજાર ચાલતી !

**સન ૧૦૧૦ :** 'ગંભીર' વાચન જે કાળે જાપાનમાં પુરુષોનો ઇજારો હતું, ત્યારે યુરાસાકી નામે રાજકુળનાં સન્નારીએ જગતની પહેલી નવલકથા 'ધ બુક ઑફ ગેન્જી' પોતાને માટે તેમજ રાજઘરાનાના નારીવર્ગ માટે લખી.

**સન ૧૧૦૦ :** મુહમ્મદ અલ-ગઝાલી નામે ઇસ્લામી ધર્માચાર્યે કુરાનના પઠન માટે નિયમાવલિ બનાવી : એક નિયમ મુજબ કુરાનનો અમુક ભાગ વાંચતી વખતે રુદન કરવું જોઈએ.

**સન ૧૨૮૪ :** ઇટલીમાં ચશ્માંની શોધ થઈ.

**સન ૧૪૫૫ :** ગુટનબર્ગે જર્મનીમાં છાપકામનાં બીબાંની શોધ કરી તેથી પુસ્તકની અનેક નકલ છાપવાની સગવડ થઈ. માનવજાતે જાણે કરવટ બદલી.

**સન ૧૫૩૬ :** વિલીઅમ ટીન્ડલ નામના સમાજહિતૈષીને લાગ્યું કે તેના બાંધવોને માતૃભાષામાં બાઇબલ મળવું ઘટે, એટલે તેણે બાઇબલનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. સજારૂપે તેમને જીવતા બાળી મૂકવામાં આવ્યા.

**સન ૧૫૫૯ :** રોમન ધર્માંધોના મંડળે પ્રતિબંધિત પુસ્તકોની નામાવલિ બહાર પાડી.

**સન ૧૭૦૩ :** એક ખ્રિસ્તી ધર્માચાર્યે સદ્‌વર્તનના નિયમો રચ્યા જેમાં સૂતાં સૂતાં વાંચવાનો નિષેધ હતો !

**સન ૧૭૪૦ :** અમેરિકાનાં કેટલાંક રાજ્યોએ કાયદા કર્યા : હબસી ગુલામોને વાંચતાં શીખવાની મના ફરમાવાઈ. પકડાય તેને ફટકાની સજા થતી, ત્રીજી વાર પકડાય તેની પહેલી આંગળીનું ટોપકું છેદી લેવાતું. એ ધારો ૧૮૬૫ સુધી અમલમાં હતો.

**અનુસંધાન પૃ. ૧૭ ઉપર**

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**જૈન વિશ્વકોશ (જૈન ધર્મનો સર્વપ્રથમ એન્સાઈક્લોપીડિયા)** : 'અ'થી ઔ (અઈમુત્તા મુનિથી ઔપશમિક ભાવ), ખંડ-૧ / પ્રેરક : શ્રી નમ્ર મુનિ મહારાજ, સંપાદકો : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા. મુંબઈ : શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ (પારસ ધામ, વલ્લભ બાગ લેન, ઘાટકોપર, મુંબઈ-૭૭), વિક્રેતા : અમદાવાદ : ગૂર્જર એજન્સી (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય), ૨૦૧૬. xxiv, ૩૯૨ પૃ. કિં. રૂ. ૧૫૦૦.૦૦ ISBN : ૯૭૮-૯૩-૮૩૮૧૪-૬૬-૪

વિશ્વનાં ઘણાં-ખરાં ધર્મ-દર્શનો ઉદાહરણ તરીકે હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ વગેરેના એકાધિક વિશ્વકોશો એક કે એકાધિક ખંડોમાં અને તે પણ બહુવિધ સ્તરના ઉપયોગકર્તાઓ – સામાન્ય જિજ્ઞાસુઓથી વિદ્વત્તજનોને પરિતોષ આપે તેવા વિધવિધ પ્રકારના સંપાદિત - પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ શ્રેણીમાં જૈનધર્મ-દર્શન વિષયક વિશ્વકોશના અભાવની પૂર્તિનું શ્રેય યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્ર મુનિ મહારાજશ્રીને અને તેમની પ્રેરણાને આત્મસાત કરી સાકાર કરનાર શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, મુંબઈ તથા કોશના પ્રતિબદ્ધ, કર્મશીલ અને વિદ્વત્ત સારસ્વત સંપાદકો સર્વ શ્રી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયાના શિરે જાય છે. જૈનધર્મની એક ઐતિહાસિક - સાંસ્કૃતિક શકવર્તી ઘટના સમાન પ્રસ્તુત વિશ્વકોશના સર્જનથી જૈનધર્મ અને ગુજરાતી ભાષા એમ બંને ગૌરવાન્વિત થયાં છે. નોંધવું રહ્યું કે આ પ્રથમ ખંડમાં જૈનવિદ્યાના વિવિધ પાસાઓને આવરી લેતાં ૪૫૦ જેટલા અધિકરણો સમાવિષ્ટ છે. આ પૈકી ૧૬૦ જેટલાં (૩૫ %) જૈન વિદુષીઓ કૃત છે, જેમાં રતનબહેન છાડવા, રશ્મિ ભેદા, ફાલ્ગુની શાહ, મધુબહેન બરવાળિયા, કલા શાહ, રેણુકાબહેન, પ્રજ્ઞાબહેન, પાર્વતીબહેન વગેરેનો સમાવેશ થાય છે. બહેનોનું આ એક અસાધારણ ઘટના સમાન ગૌરવપ્રદ પ્રદાન છે, જેની નોંધ લેવી રહી. વ્યક્તિ લેખક તરીકે કુમારપાળ દેસાઈનાં (સહકર્તૃત્વ સાથે) ૧૧૪ અધિકરણો છે, જે કુલ અધિકરણોનાં ૨૫ ટકા જેટલા થાય છે. સાધુ-સાધ્વી મહારાજશ્રીઓ કૃત ૩૦ અધિકરણો છે. આ ઉપરાંત સંપાદક ગુણવંતભાઈ કૃત ૨૨ અને ત્યાર બાદ કાન્તિભાઈ શાહ, કનુભાઈ શાહ, રૂપેન્દ્ર પગારિયા વગેરે કૃત ૧૦થી અધિક અધિકરણો છે. આ બધા ગ્રંથસ્થ અધિકરણો પૈકી કેટલાંક અધિકરણો વિશિષ્ટ લેખો સમાન છે, ઉદા. ઓરા-તેજપુંજ, અર્થશાસ્ત્ર અને જૈનધર્મ, અહિંસા, અપરિગ્રહ, આચારવિજ્ઞાન, આત્મા, આયુર્વેદ, આગમ...., અનેકાંતવાદ...., અનુપમાદેવી, અભયદેવસુરિ, આનંદઘન, આનંદસાગરસૂરિ આત્મારામ મહારાજ, ઉવસગ્ગહરં સ્તોત્ર વગેરે વાચકને સંતૃપ્તિનો અનુભવ કરાવે તેવાં સત્ત્વશીલ છે.

નિર્દેશિત કોશની 'ભૂમિકા'માં સંપાદકોએ આ કોશના પ્રાદુર્ભાવના વૈચારિક સ્તરથી શરૂ કરી તેના પ્રથમ પ્રસૂનના પ્રાક્ટય સુધીની સુચિંતનીય અને ભાવિ કોશકારો માટે માર્ગ પ્રશસ્ત કરનાર ઉદાહરણસ્વરૂપ મથામણનો એટલે કે એક અધિકૃત અને પ્રમાણભૂત વિશ્વકોશ માટે અપેક્ષિત તમામ પૂર્વતૈયારીઓ, જેમ કે આ કોશને 'સહિયારો જ્ઞાનપુરુષાર્થ' ગણાવીને તેનો વ્યાપ અને મર્યાદાઓ તથા સમાવવામાં આવનાર વિષયોની પસંદગી માટે વિદ્વાનો સાથે ગહન પરામર્શન હેતુ ગોષ્ઠિઓનું આયોજન, અધિકરણ લેખન – રજૂઆત માટે એકાધિક કાર્યશિબિરોનું આયોજન, લેખકોની પસંદગી, અધિકરણોની ગોઠવણી વગેરે અંગે એક સુરેખ આલેખ રજૂ કર્યો છે, જેનાથી આ કોશની વિશેષતાઓ અને મહત્તાની સાથે સાથે તેના સંપાદકોની કાળજીભરી ચિવટ અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે ઊપસી આવે છે. સંપાદકોએ 'ભૂમિકા'માં જૈનધર્મની વિભાવના અને તેના ગૌરવશીલ પ્રદાનને ઉજાગર કરતાં નોંધેલ શબ્દો : 'જૈનધર્મ એ કોઈ પણ જ્ઞાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી. બલ્કે માનવમાત્રને

સ્પર્શતો આત્મશુદ્ધિનો અનુપમ માર્ગ છે... વિશ્વમાં અને વિશેષ કરીને ભારતીય જનજીવનમાં જૈન ધર્મની વિચારસરણીએ ઘણું મોટું પ્રદાન કર્યું છે. કલા, વાણિજ્ય, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને રાજકારણની ભારતીય વિરાસતમાં જૈન ધર્મનું આગવું પ્રદાન છે.... જૈન ઇતિહાસનાં પૃષ્ઠો વીરપુરુષો, દાનેશ્વરીઓ, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે આહુતિ આપનાર, ઉત્તમ જ્ઞાનીપુરુષો અને શ્રેષ્ઠીઓથી ઉજ્જ્વળ છે. જૈન ખગોળ, ગણિત, જ્યોતિષ, વિજ્ઞાનને કઈ રીતે ભૂલી શકાય ? પર્યાવરણ જેવો આધુનિક ખ્યાલ પણ જૈન ગ્રંથો અને જૈન જીવનશૈલીમાં વર્ષોથી જીવંત છે' પ્રસ્તુત વિશ્વકોશના વ્યાપને સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે. અને તેથી જ અહીં જૈનધર્મ-દર્શન, જૈન સમાજ અને આનુસંગિક વિષયોને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં નજરસમક્ષ રાખીને પ્રારંભિક સ્તરે ૯૫ જેટલા પ્રમુખ વિષયોની પસંદગી કરવામાં આવી છે, ઉદા. તરીકે જૈનધર્મ-દર્શન અને પારિભાષિક પદો, જૈન સાહિત્ય, પત્ર-પત્રિકાઓ, પ્રશિષ્ટ ગ્રંથો અને તેના સર્જકો, તીર્થંકરો અને સાધુ-સાધ્વી ભગવંતો, સમાજના બહુવિધ ક્ષેત્રના પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ, લલિતકળાઓ, દેશ-વિદેશની જૈન સંસ્થાઓ : ધાર્મિક શૈક્ષણિક, સામાજિક, જ્ઞાનભંડારો વગેરે, જિનાલયો અને પવિત્ર સ્થળો, જૈન ભૂગોળ - ગણિત - વિજ્ઞાન - જ્યોતિષ, જૈન સ્થાપત્યો, વિવિધ રાજ્યોમાં જૈનધર્મ વગેરે. અને આ સાથે પ્રત્યેક પ્રમુખ વિષયના અનેક પેટાવિષયો પણ ખરા. આમ પસંદ કરવામાં આવેલા વિષયોને ધ્યાને લેતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જૈનવિદ્યા સંબંધી તમામ અપેક્ષિત વિગતો અહીં આવરી લેવામાં આવનાર છે. જૈનવિદ્યા સંબંધી ગહન - ગંભીર વિષયો ઉપરનાં અધિકરણોની સાથે સાથે સાવ સરળ વિષયો જેમ કે 'ઉકાળેલું પાણી' વિશે પણ અધિકરણ આપવામાં આવ્યું છે. બહુવિધ જૈન પારિભાષિક પદો ઉદાહરણ તરીકે અહોરાત્રિ, અંકલિપિ, અંતરાય, ઋતુ વગેરેને પણ કાળજીપૂર્વક સરળ ભાષામાં વ્યાખ્યાયિત કરી આપવામાં આવ્યાં છે. આ સાથે આ કોશની અનેકવિધ વિશેષતાઓ પૈકી ધ્યાનાકર્ષક વિશેષતા એ કે અહીં જૈનધર્મના સંપ્રદાયો જેમ કે શ્વેતામ્બર, દિગમ્બર, તેરાપંથ, સ્થાનકવાસી વગેરેને કોઈ પૂર્વગ્રહ રાખ્યા સિવાય તટસ્થતાપૂર્વક સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, પરંતુ 'વિશ્વકોશની આગવી દૃષ્ટિ મુજબ વિવાદો, સંકુચિત સાંપ્રદાયિકતા કે ટીકા -ટિપ્પણથી અળગા રહીને એક પ્રાચીન અને વિરાટ ધર્મની અનેક શાખાઓની સર્વાંગીણ માહિતી સંક્ષિપ્ત અને અધિકૃત સ્વરૂપમાં આપવાના આશય' સાથે. આ ઉપરાંત કેટલાંક અધિકરણો દસ્તાવેજી પુરાવા સમાન ૨૩૦ જેટલાં સુંદર ચિત્રો અને ફોટાગ્રાફ્સથી અલંકૃત છે. વળી, પસંદગીના અધિકરણોના કેન્દ્રવર્તી વિચારોને અલગ-અલગ રંગથી ઉપસાવીને દર્શાવવામાં આવ્યા છે. આમ, જૈનવિદ્યા સંબંધી સઘળી માહિતી વિશ્વકોશીય પદ્ધતિએ સમાવિષ્ટ કરવાનો કૃતસંકલ્પ સ્પષ્ટ પરિલક્ષિત થાય છે. પરિણામસ્વરૂપે આ કોશના બધા જ ખંડો પ્રકાશિત થઈ જશે ત્યારે 'મહાભારત' માટે કહેવામાં આવે છે કે જે 'મહાભારત'માં છે તે અન્યત્ર છે, અને જે અહીં નથી તે ક્યાંય નથીની માફક આ કોશમાંથી 'જૈનવિદ્યા' સંબંધી સઘળી જાણકારી મળી રહેશે. ભારતીય વિદ્યા ક્ષેત્રની આ એક મોટી ઉપલબ્ધિ બની રહેશે.

દેશનાં વિવિધ રાજ્યોમાં જૈન ધર્મ સંબંધી અધિકરણો પૈકી અહીં પ્રથમ ખંડમાં આસામ, ઓરિસા અને ઉત્તરપ્રદેશમાં જૈન ધર્મ વિષયક અધિકરણો સમાવિષ્ટ છે. આ પૈકી ઓરિસા અને ઉત્તરપ્રદેશના અધિકરણો પ્રાયઃ પ્રાચીન – મધ્યયુગીન સુધીની મર્યાદિત માહિતી વર્ણવીને અટકી ગયાં છે. હકીકતમાં ઐતિહાસિક પૂર્વપીઠિકાની સાથે સામ્પ્રતકાલીન સ્થિતિનો યથાતથ બહુઆયામી ચિતાર અનિવાર્ય બની રહે છે. જૈન ધર્મ અને સાહિત્યની કૃતિઓના મનભાવંત પરિચયો ધ્યાનાકર્ષક બની રહ્યા છે, આમ છતાં અહીં આ કૃતિઓનાં ચિકિત્સક સંસ્કરણ કે કૃતિના મૂળપાઠ સાથેના સંસ્કરણ કે તેના ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી અનુવાદના પસંદગીનાં પ્રકાશન સંબંધી ઉલ્લેખનો અભાવ સર્વત્ર જોવા મળ્યો છે. ક્વચિત્ મહત્ત્વપૂર્ણ ગ્રંથો ઉદાહરણ તરીકે આદિપુરાણ (૨૪૩-૪૪)નો અલ્પ કે અપર્યાપ્ત માત્રામાં પરિચય આપવામાં આવ્યો હોવાથી કૃતિઓના પરિચયોમાં એક સમાન સ્તર જળવાઈ શક્યું નથી. આ જ રીતે સાહિત્યકારો / વિદ્વાનોના પરિચયમાં તેમની મુખ્ય કૃતિઓના ઉલ્લેખ સાથે પ્રકાશન વર્ષ અપેક્ષિત બની રહે છે, જેનો અહીં સદંતર અભાવ જોવા મળે છે. સામ્પ્રતકાલીન વ્યક્તિચરિત્રોમાં પણ માહિતીની સમાનતા જળવાઈ નથી, ઉદાહરણ તરીકે અગરચંદજી નાહટા (પૃ. ૧૪-૧૫)માં તેમણે યુગકાર્ય સમાન ૪૫૦૦૦થી

અધિક મૂલ્યવાન હસ્તપ્રતો એકઠી કરીને 'અભય જૈન ગ્રંથાલય'ની સ્થાપના કરી હતી તેના ઉલ્લેખનો અભાવ જોવા મળે છે. શ્રીમતી ઇન્દુ જૈન (પૃ. ૨૯૩-૯૪)નાં માતા-પિતા, પતિ કે મેળવેલ શિક્ષણનો કોઈ ઉલ્લેખ નથી, અંજુ જૈન (પૃ. ૧૭૯)નાં માતા-પિતા, મેળવેલ શિક્ષણ-સંબંધી માહિતી નથી, અંબાલાલ સારાભાઈ (પૃ. ૧૮૪)નાં માતા-પિતાનો તથા સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ તેમના સુપુત્ર છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ નથી, તેમજ આ અધિકરણ માહિતીની દૃષ્ટિએ અપર્યાપ્ત જણાય છે, અભિષેક સિંઘવી વિશેનું અધિકરણ અભિવ્યક્તિની દૃષ્ટિએ શિથિલ છે, રાજર્ષિ કુમારપાળના મંત્રીશ્વરો ઉદયન અને આમ્રભટ્ટ પિતા-પુત્ર છે, પરંતુ આમ્રભટ્ટ વિશેના અધિકરણમાં તેના પિતા ઉદયન છે તે વિશે કોઈ ઉલ્લેખ જ નથી વગેરે. ઐતિહાસિક ચરિત્રોનાં વર્ણનોમાં પ્રબંધોમાં વર્ણિત ઘટનાઓને જે તે પ્રબંધના નામોલ્લેખ સાથે વર્ણિત કરવામાં આવે તો ઇતિહાસ - હકીકત અને કલ્પનોત્થ વિગતોને સરળતાથી તારવી શકાશે, જે વિશ્વકોશ માટે – તેની અધિકૃતતા માટે પણ જરૂરી બની રહે છે. આ જ રીતે 'આબુ-દેલવાડા'ના અધિકરણમાં 'લૂણવસહી જિનપ્રાસાદ'નાં પ્રેરક અનુપમાદેવીનો ઉલ્લેખ જ નથી, જ્યારે આ વિગતનો 'અનુપમાદેવી' અધિકરણમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. બિન-ભારતીય વ્યક્તિઓનાં નામોનાં ચરિત્રો / નિર્દેશની સાથે અંગ્રેજી ભાષામાં પણ તે નામો કૌંસમાં આપવામાં આવે તે ઇચ્છનીય છે. ઉદાહરણ તરીકે આલ્સડ્રોફ લુડવિગ વગેરે. એક સર્વસ્વીકૃત બાબત છે કે જ્યાં જ્યાં જિનાલય ત્યાં ત્યાં જ્ઞાનભંડાર. અહીં અકારાદિ ક્રમમાં આવતાં કેટલાંક જિનાલયોનો પરિચય આપવામાં આવ્યો છે, પરંતુ હસ્તપ્રત સંગ્રહ સંબંધી કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. ઉદાહરણ તરીકે ઈડર તીર્થના અધિકરણમાં હસ્તપ્રત સંગ્રહ સંબંધી મૌન સેવવામાં આવ્યું છે. હકીકતમાં આ તીર્થના જ્ઞાનભંડારમાં ૭૬૫૪ હસ્તપ્રતો સંગૃહીત છે. સંભવ છે કે આ જ્ઞાનભંડાર 'દિગમ્બર જૈન સરસ્વતી ભંડાર' તરીકે નામાભિધાનિત હોવાથી તે નામ હેઠળ અધિકરણ આપવાનો ખ્યાલ પણ હોઈ શકે તો તે અલગ બાબત છે. આ ઉપરાંત આરા અને કોબાની સંસ્થાઓના હસ્તપ્રતોના વર્ણનાત્મક સૂચિપત્રો પ્રગટ થયાં હોવા છતાં તેની પણ નોંધ સંબંધિત અધિકરણોમાં જોવા મળતી નથી. હસ્તપ્રતોનાં સૂચિપત્રો એક મહત્ત્વપૂર્ણ સાધન છે તે ધ્યાનાર્હ રહેવું જોઈએ. અનુભવે જણાયું છે કે સામાન્યતઃ હસ્તપ્રત સંગ્રહો જે તે સંસ્થા / જ્ઞાનભંડારના નામની તુલનાએ જે તે સ્થળ વિશેષના ભંડાર તરીકે વિશેષ ખ્યાત છે, તેથી વિનમ્રભાવે સૂચન છે કે હવે પછી જે તે જ્ઞાનભંડારોનો પરિચય તેમના સ્થળના અકારાદિક્રમમાં અને જ્ઞાનભંડારના નામના આડ સંદર્ભો - પ્રતિનિર્દેશો સાથે આપવામાં આવશે તો વધુ ઉપયોગી અને વ્યવહારુ થઈ પડશે, ઉદાહરણ તરીકે અમદાવાદના જૈન જ્ઞાનભંડારો, પાટણ, ખંભાત, લીમડી વગેરેના જૈન જ્ઞાનભંડારો, સિવાય કે પ્રવર્તમાન સમયમાં કોઈ ખાસ નામ હેઠળ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હોય, ઉદાહરણ તરીકે આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ વગેરે. આ કોશ કલાત્મક ચિત્રોથી ખચિત છે, જે તેનું મોટું જમા પાસું છે. ઉદાહરણ તરીકે અનુપમાદેવી (૭૫) કુંભકળા શીખવતા રાજા ઋષભદેવ (૧૩૩), ગ્રંથલેખન... (૭૭), અચ્છેરાં (૨૬-૨૭), ભગવાન મહાવીરની અંતિમ દેશના (૩૧૭) વગેરે, પરંતુ આ ચિત્રોના મૂળસ્રોતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત તો તે અનેકવિધ રીતે ઉપયોગી બની રહેત ! 'અચલગઢ તીર્થ' (પૃ. ૨૦)માં પ્રતિમાની ઊંચાઈ દર્શાવવામાં મુદ્રણ દોષ જણાય છે. અહીં સમાવિષ્ટ પ્રત્યેક અધિકરણ વિશે (સામાન્ય પરિચયાત્મક અધિકરણો બાદ કરતાં) જે તે અધિકરણના અંતમાં સંક્ષિપ્ત વાઙ્મયસૂચિ આપવામાં આવશે તો તે જૈનવિદ્યાના અભ્યાસુઓ - સંશોધકો માટે ખરે જ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી બની રહેશે. જોકે કેટલાંક અધિકરણોના નીચે આગમો ઇત્યાદિ પ્રશિષ્ટ ગ્રંથોના સંદર્ભો આપવામાં આવ્યા છે, જે આવકાર્ય છે. મુનિ ભગવંત શ્રી નમ્ર મુનિ મહારાજસાહેબ જ્યારે 'જૈન વિશ્વકોશ એટલે હજારો માહિતીનાં પગથિયાં દ્વારા પ્રજ્ઞાનાં શિખરો સર કરવાનો મહાપ્રયાસ' ગણાવે છે ત્યારે નિર્દેશિત વિવિધ પાસાઓનો સમુચિત ખ્યાલ રહે તે અપેક્ષિત બની રહે છે.

ઉચ્ચ ગુણવત્તાવાળા આર્ટ પેપર ઉપર બહુરંગી કલાત્મક ચિત્રો સાથે મુદ્રણ અને આકર્ષક સાજસજ્જા પ્રસ્તુત વિશ્વકોશની શોભામાં અનેરી વૃદ્ધિ કરે છે. જૈનધર્મ-જૈનવિદ્યાના બહુઆયામી પાસાંઓને આવરી લેતા આ સર્વપ્રથમ કોશના અવતરણ માટે શ્રુતભક્તિભાવથી પ્રેરાયેલા સંપાદકો, શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ અને જૈન

સમાજના આપણે આભારી છીએ. સવિશેષતઃ આ ગ્રંથના પ્રેરણાદાતા ગુરુભગવંત શ્રી નમ્ર મુનિ મહારાજ કોટિ કોટિ વંદનના અધિકારી બની રહે છે. ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત કોશના સંપાદક પદ્મશ્રી કુમારપાળ દેસાઈ વિશ્વકોશકલાવિદ છે, જેની પ્રતીતિ 'વિશ્વકોશ ટ્રસ્ટ'નો ઉદાહરણ સ્વરૂપ વિકાસ અને તેની પ્રવૃત્તિઓ તથા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી વિશ્વકોશ' તથા વિશ્વકોશીયસ્તરનાં અન્ય પ્રકાશનોમાં તેમના પ્રતિબદ્ધ અને સમર્પિત - commited and dedicated - પ્રદાનથી સહજમાં થાય છે. અન્ય સંપાદક ગુણવંત બરવાળિયા વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત, છતાં શિક્ષણ અને જૈનધર્મ-દર્શન અને તેના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જ્ઞાનસત્રોના આયોજનનો આકંઠ જીવ. આ એક વિરલ સંયોગનું ઉદાહરણ છે. ઉભય સંપાદકોની પ્રાપ્ત ધર્મ-ફરજ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાના સુફળ સ્વરૂપે જૈનવિદ્યા વિશે – નિઃશેષ જાણવા માટે ઉત્સુક એવા જ્ઞાનના આરાધકો કોઈ પણ ધર્માવલમ્બીઓ માટે એક વિશ્વસનીય અને અધિકૃત પ્રસ્તુત જ્ઞાનસાધન રૂપ વિશ્વકોશની પ્રાપ્તિ થઈ રહી છે, કે જેમાં 'અનેકવિધ વિષયોની ગહન, સૂક્ષ્મ, શાસ્ત્રીય તર્કબદ્ધ વિચારણા કરવામાં આવી છે.' વળી, 'જૈન ધર્મએ જીવનની પ્રત્યેક પરિસ્થિતિનો સૂક્ષ્મતમ વિચાર કર્યો છે અને ગમે તેવી પરિસ્થિતિવાળા, માનવી માટે આત્મઓળખ અને આત્મોન્નતિનો માર્ગ ચીંધ્યો છે.' તેથી ધર્મને આડે લાવ્યા સિવાય માનવ-માત્ર માટે આ કોશ ઉપયોગી બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક :** મીમાંસા પર્વ ૧થી ૩, પુસ્તક ૮૦ (૨.૩૪) - ૮૧ (૧, ૨, ૩, ૪.) : સાર્ધ શતાબ્દી વિશેષાંક : ૧થી ૩ / સંપાદક : સિતાંશુ યશશ્ચંદ્ર. મુંબઈ : ફાર્બસ ગુજરાતી સભા, (૨૦૧૬). ૨૯૬ + ૨૮૦. કિં. પ્રતિ વિશેષાંક રૂ. ૫૦૦.૦૦ ISSN ૦૫૫૯-૯૨૫૩

ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અને સંવર્ધનના હેતુસર સ્થપાયેલ 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા' (૧૮૬૫)નાં બહુઆયામી અને ગૌરવપ્રદ કાર્યો - સંશોધનપરક, સંસ્કૃતિમીમાંસા તથા સાહિત્ય અને અન્ય કલાઓ અંગે / વૈવિધ્યયુક્ત સુગ્રથિત કાર્યો – પૈકી સંશોધનકાર્ય અંતર્ગત સભા દ્વારા પ્રગટ કરવામાં આવતું સામયિક 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' (૧૯૩૬) સવિશેષતઃ તેના આદ્ય સંપાદક અંબાલાલ બુલાખીરામ જાનીથી શરૂ કરીને પ્રવર્તમાન સંપાદક સિતાંશુ યશશ્ચંદ્ર (૨૦૦૭-) સુધીનાં સંપાદકોના કૃત–સંકલ્પ અને દૃષ્ટિસંપન્ન પ્રયાસોના કારણે તેમ જ વિદ્વત્ત સર્જકો અને સમુદાર સાહિત્ય – કલાપ્રેમી ગૂર્જરપ્રજાના હૂંફાળા સહકાર તથા સ્વાગતશીલતાથી ગુજરાતી ભાષા - સાહિત્યનાં પ્રગટ થતાં સામયિકોમાં પ્રથિતયશનું અધિકારી બની રહ્યું છે. અને વળી, આ સામયિકના અંકો પૈકી એકાદ દસકા પૂર્વે વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવેલ પુસ્તક ૭૧-૨ તથા ૭૧-૩ અને સભાના સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે તાજેતરમાં પ્રગટ થયેલ 'સાર્ધ શતાબ્દી વિશેષાંક : ૧, ૨, ૩'માં શબરીનાં બોરની જેમ ચાખી ચાખીને પસંદ કરેલ ગુણસમૃદ્ધ અને રસસમૃદ્ધ એવી વૈવિધ્યપૂર્ણ સંતર્પક વાચનસામગ્રીનો મબલક રસથાળ - 'ગુજરાતનું કેટલુંક મહામૂલું વિદ્યાધન... ગુજરાતી પ્રજાના ચૈતન્યનો એક અંશ' જોઈને ફાર્બસસાહેબનો આત્મા પણ ઘણો જ હરખાતો હશે.

અનુક્રમ ઉપર નજર નાખતાં પ્રથમદૃષ્ટિએ આપણને અહીં ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ, સમાજવિજ્ઞાન, વ્યાપાર-ઉદ્યોગ, શિક્ષણ, ગુજરાતી ચિત્રકલા અને ચિત્રકારો સાથેના સાક્ષાત્કારો, શિલ્પ-સ્થાપત્ય, ફોટોગ્રાફી, કંઠસ્થ પરંપરા, પાટ પરંપરા વગેરે વિષયક ઘણા ખરા તાજા જ લખાયેલા અને કેટલાક આ પૂર્વે પ્રગટ થયેલા અને ગ્રંથસ્થ લેખો સાથે વિશેષ અનુબંધ ધરાવતા ચિંતનસભર વિવિધ પાસાંઓના લેખો અને કેટલીક અણમોલ દસ્તાવેજી સામગ્રી જોવા મળે છે. પરંતુ સહેજ ઊંડા ઊતરીને ઝીણી નજરે જોઈશું તો આપણને વિષયવસ્તુ પસંદગી અને સંકલન માટેની માવજત અને સંપાદકીય સૂઝબૂઝની પણ અનેરી પ્રતીતિ થશે જ થશે. આ ઉપરાંત ગ્રંથસ્થ પ્રત્યેક લેખની તરોતાજગી અને ગાંભીર્ય તેના વાચક માટે મર્મસ્પર્શી બની રહેશે અને તેમાં જ આ વિશેષાંકોની ખરી ઉપલબ્ધિ સંનિહિત છે. આ વસ્તુસંકલનાનું હાર્દ સ્પષ્ટ કરતાં સંપાદકે 'પ્રવેશક'માં જણાવ્યું છે કે 'ગુજરાતીઓએ જેને દોઢસો વરસથી જાળવી છે એવી એમની આ સભાનો, એના પ્રથમ પ્રમુખ

ફાર્બસસાહેબનો અને આ સભા જેમની છે એ ગુજરાતીઓનો જે બૃહદ સંદર્ભ છે, તે ત્રિવિધ સંદર્ભને ઓળખવાનો એક યત્ન અહીં કર્યો છે. એ જ પ્રમાણે ગુજરાતી સાહિત્યનો અને સાહિત્યવિચારનો ભારતીય સાહિત્ય અને સાહિત્યવિચાર સાથેનો, જાગતિક સાહિત્યમીમાંસા સાથેનો અને સાહિત્યનો બીજી કળાઓ સાથે જે ઊંડો અનુબંધ છે, એને આલોકિત કરવાનો યત્ન... તો, અનવધાનથી સમસંવેદન સુધી, તથ્યાલેખનથી ઇતિહાસન સુધી, સ્થાયીભાવરટણથી રસનિર્મિતિ સુધી જવું... (આ) કસોટીઓમાંથી ઊજળી રીતે પાર પાડી, ગુજરાતની પ્રજા કઈ રીતે પોતાનું ઘડતર કરતી આવી છે, જગતને પહેચાનતી ચાલી છે, જીવનને માણતી ચાલી છે એની વાત આ વિશેષાંકોમાં... માંડી છે.'

સંપાદકશ્રીએ આ ત્રણેય વિશેષાંકોમાં કુલ 'સોળ કડવાંઓનું આ-ખ્યાન – હૃદય – બુદ્ધિ – સંવાદ રાસો – રચવાની જે મથામણ કરી છે', તે પૈકી કેટલાક કડવાંઓનો, આવો ! આપણે આસ્વાદ માણીએ તથા તેની ઉપલબ્ધિઓ – વિશેષતાઓથી પરિચિત થઈએ.

'પ્રવેશક'માં સંપાકદશ્રીએ કંપની સરકારના અધિકારી ફાર્બસસાહેબ ૧૮૫૭ના બળવા સંદર્ભે સરકારની રીતિ-નીતિ સંદર્ભે દો-ટૂક શબ્દોમાં પોતાનો પ્રતિભાવ સર જહોન માલ્કમને જણાવેલ તે ઉદ્ધૃત કરીને આપણી ફાર્બસતાને ઢંઢાળવા સંદર્ભે પ્રશ્ન કર્યો છે કે તાજેતરમાં ગુજરાત સરકારે સંસ્કૃતિની સંસ્થાઓ – ગુજરાત સાહિત્ય એકેડેમી અને યુનિવર્સિટીઓની સ્વાયત્તતા વિશેની સ્વાયત્તતા જોખમાય એવાં ત્રણ પગલાં ભર્યાં છે, તેની સામે આજના આપણા આવા કોઈ આલા અધિકારી સરકારને કંઈ કહી શકશે ? આ ઉપરાંત 'મહાભારત'માં આવતી ભીમ – યુધિષ્ઠિર – નહુષની કથાનો સાર ઉદ્ધૃત કરીને આપણા ઇતિહાસને લગતા કેટલાક સવાલોના સાચા ઉત્તરો શોધવાની તથા સાર્ધ શતાબ્દીના સમયપટમાં સમગ્ર ભારતે કરેલ સાધનાને જાણવા અને તેમાં જોડાવા અપીલ કરી છે. આ સાથે અહીં અન્ય આનુસંગિક મુદ્દાઓની વિગતે છણાવટ કરવા ઉપરાંત વિષયવસ્તુ સંકલનના અને તેનું હાર્દ સ-રસ રીતે સમજાવ્યું છે.

પ્રથમ અંકમાં સભાની સ્થાપના સંબંધી જાણવાજોગ પાયાની દસ્તાવેજી સામગ્રી, સભાના પ્રમુખોની કાળક્રમાનુસારસૂચિ, પ્રથમ પ્રમુખ ફાર્બસસાહેબ વિશે ચુનીલાલ વર્ધમાન શાહનો રસપ્રદ લેખ અને તેના અનુસંધાનમાં ગુજરાતના ઇતિહાસના ગૌરવગ્રંથ 'રાસમાળા' માટે ફાર્બસાહેબે એકઠી કરેલી અને સભાના ગ્રંથાલયમાં સંગૃહીત સામગ્રીમાંથી પ્રબુદ્ધ સંશોધક વીરચંદ ધરમશીએ શોધેલા દસ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો કે જે અહીં તેમના દ્વારા અભ્યાસ-નોંધ સાથે રજૂ કરવામાં આવ્યા છે તે તથા સભાના ૧૯૬૮થી વર્તમાન સમય સુધીના ૬ પ્રમુખોનો પરિચય આપવામાં આવ્યો છે. સાક્ષર મનઃસુખરામ વિશે દોલતરામ પંડ્યાની શ્રદ્ધાંજલિ નોંધ એક અભ્યાસલેખ સમાન છે. અહીં ૧૮૬૫થી ૧૯૬૮ સુધીના સમયગાળાના બાકીના ૯ પ્રમુખોનો પરિચય તથા સભાનાં તમામ પ્રકાશનોની સૂચિ સભાના વિકાસની રૂપરેખા જાણવા માટે દસ્તાવેજી સામગ્રી સમાન ઉપયોગી નીવડત ! જેનો અહીં અભાવ વરતાય છે.

દ્વિતીય અંક સવિશેષતઃ ગુજરાતની સમૃદ્ધ ચિત્રપરંપરા અને સ્થાપત્યકળા માટે ફાળવેલ છે. ગુજરાત સદીઓથી ચિત્રકળાનું પુરસ્કર્તા રહ્યું છે. આ વાતનું અનવધાન ન થાય તે હેતુસર ગુજરાતની ચિત્રકળાના પ્રાચીનથી સામ્પ્રતકાલીન સુધીના મહત્ત્વના પડાવો સંબંધી કેટલાક તાજા જ તો કેટલાક પૂર્વ પ્રગટ થયેલા લેખોના માધ્યમથી ગુજરાતની ચિત્રકળાની ગૌરવપ્રદ પરંપરાની વિકાસરેખા ઉજાગર કરી આપી છે. ગુજરાતી જૈન ચિત્રશૈલીનાં પાટણ, અમદાવાદ વગેરે સુપ્રસિદ્ધ કેન્દ્રો હતાં, જેની પ્રતીતિ ઉમાકાંત શાહ સંપાદિત Treasures of Jain Bhandaras (૧૯૭૯), સારાભાઈ નવાબ, કલાઇતિહાસવિદ રતન પારિમૂ વગેરેના ગ્રંથો તથા પ્રસ્તુત વિશેષાંકોમાં પ્રગટ કરવામાં આવેલા લઘુચિત્રો તેમજ રતન પારિમૂની આ સંદર્ભેની નોંધના માધ્યમથી સહજમાં થાય છે. આ પરંપરામાં 'મોગલ કલમનાં ચિત્રો અને ગુજરાત'માં પુરુષોત્તમ વિશ્રામ માવજીએ અકબરની ચિત્રશાળાના ૬ મશહૂર ચિત્રકારો - ભીમ ગુજરાતી, કેશુ - કેશવદાસ, સૂર, શંકર, સૂરજ અને પરમજીવ ગુજરાતી અને તેમની ચિત્રકૃતિઓનો પરિચય કે જે આજે કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગયેલી માહિતી ઉજાગર કરી આપી છે, બાદશાહ જહાંગીરે કઢાવેલા કચ્છના મહારાવ રા'ભારા અને જામનગરના જામ જસાજીનાં બે ચિત્રો તથા વીરચંદ ધરમસીએ સભાના હસ્તપ્રત ભંડારમાંથી શોધીને

અહીં પ્રસ્તુત કરેલ 'રાઠોડ રાઉ રતનજીની વચનિકા'ની સચિત્ર પ્રતનાં ૯ લઘુચિત્રો અને તેનો પરિચય ધ્યાનાર્હ બની રહે છે. અહીં વિશ્વવિખ્યાત કલામર્મજ્ઞ જ્યોતીન્દ્ર જૈન કૃત કચ્છનાં ભીંતચિત્રો - કમાંગરી ચિત્રો વિશે સંશોધનાત્મક લેખ ગ્રંથસ્થ છે, જેમાં અંજારમાં સ્થિત મેકમર્ડો (૧૭૮૫-૧૮૨૦)ના બંગલામાં મુસ્લિમ કારીગરો દ્વારા હિન્દુ વિષયો આધારિત હાલમાં અસ્તિત્વ ધરાવતાં ચિત્રોનો સ-રસ પરિચય કરાવવાની સાથે રંગોની બનાવટ, પરંપરાગત ચિત્રકારોની પેઢીઓ, સ્થાનિક સંસ્કૃતિનો પ્રભાવ, આગવી પ્રાદેશિક શૈલી વગેરે વિશે પાંચ ચિત્રોની પ્રતિકૃતિઓ સાથે સમજાવ્યું છે. આ જ પ્રકારનો બીજો ઉત્તમ લેખ યુટાહ જૈન - ન્યુબાઉર (Jutta Jain - Neubaur) કૃત છે, જેમાં નવાનગર – જામનગરના શાસક રણમલજી (શાસન : ૧૮૨૦ - ૧૮૫૨) એ બંધાવેલ મહેલની દીવાલો અને છત ઉપર ચિતરાવેલ ચિત્રો – ઐતિહાસિક (ભૂચર મોરીનું યુદ્ધ, શેખપતની લડાઈ, કોડીનારની લડાઈ, રાજવી પરિવાર વગેરે,) સામાજિક, ધાર્મિક – પૌરાણિક વગેરે વિષયવસ્તુ આધારિત -નો તેના ઐતિહાસિક - સામાજિક - પૌરાણિક સંદર્ભ સાથે ઊંડાણપૂર્વકનો પરિચય કરાવવા ઉપરાંત નવાનગર અને સૌરાષ્ટ્રના ઇતિહાસની એક ઝલક પણ સુપેરે રજૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મૂળમાં આ બંને લેખો અંગ્રેજીમાં પ્રગટ થયા હતા, જેનો ભાષાપ્રજ્ઞ નાટ્યકાર વિનીત શુક્લ દ્વારા સુરેખ અનુવાદ કરવામાં આવ્યો છે. દુઃખદ ઘટના એ છે કે આ બધા ચિત્રકારો વિશે આજે કોઈ જ વિગતો પ્રાપ્ય નથી.

આધુનિક ચિત્રકલા ક્ષેત્રે ગુજરાતના ઉત્તુંગ ગૌરવશિખરો એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકારો અતુલ ડોડિયા, જેરામ પટેલ અને ગુલામમોહમ્મદ શેખની અનુક્રમે નૌશિલ મહેતા, જ્યોર્જ લેશ્નર, સૈયદ રઝા, ગુલામમોહમ્મદ શેખ, સુનીલ દાસ – અનુવાદ : પીયૂષ ઠક્કર અને જયદેવ શુક્લ દ્વારા લેવામાં આવેલ મુલાકાતોમાં સંબંધિત કલાકારના આંતરજગતને પામવા માટે તથા અન્ય આનુસંગિક માહિતી જેમ કે ભારતીય અને પાશ્ચાત્ય ચિત્રકળા અને કલાસંગ્રહો, આપણા કલા વિદ્યાર્થીઓના હાલ, વડોદરાની કળાશાળા વગેરે વિષયક અણમોલ દસ્તાવેજી સામગ્રી મળી રહે છે. અને સાથે તેમની કેટલીક ઉત્તમ કલાકૃતિઓની આર્ટ પેપર ઉપર પ્રતિકૃતિઓ રજૂ કરવામાં આવતા આ અંકો એક મૂલ્યવાન ઘરેણા સમાન બની મહોરી રહ્યા છે. આ ઉપરાંત અતુલ ડોડિયા અને જેરામ પટેલ વિષયક સ્વતંત્ર લેખો તથા આવા જ એક અન્ય મોટા ગજાના ચિત્રકાર જ્યોતિ ભટ્ટનો પરિચય અને તેમની ડાયરીની પ્રસ્તુતિ અહીં યુવા કવિ અને કળામર્મજ્ઞ પીયૂષ ઠક્કર દ્વારા કરવામાં આવી છે. આ સાથે ગુજરાતનું ગૌરવધન એવા ભારતીય શિલ્પ-સ્થાપત્ય - કલાના મીમાંસક ડૉ. દેવાંગના દેસાઈ વિષયક અનિલા વર્ગીઝના અધ્યયન - લેખનો અનુવાદ ગિરીશ જાની દ્વારા મળે છે. ગુજરાતની સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો ધરાવતા ડભોઈ અને તેની હીરા ભાગોળનો રસપ્રદ પરિચય રા. વત્સરાજની કલમે મળી રહે છે અને છેલ્લે ૧૨ વર્ષની કુમળી વયથી જ ગિરનારના અભયારણ્યમાં રખડવાનો અને ફોટોગ્રાફીનો શોખ ધરાવતા યુવા ફોટોગ્રાફર નમન દોશીની કેફિયત અને તેના દ્વારા ખેંચવામાં આવેલા વન્ય પ્રાણીસૃષ્ટિના અદ્ભુત ફોટોગ્રાફ્સની પ્રસ્તુતિ વાચકને આશ્ચર્યચકિત કરી મૂકે છે.

તૃતીય અંકમાં સવિશેષતઃ સાહિત્ય, ઇતિહાસ અને શિક્ષણ વિષયક લેખો સમાવિષ્ટ છે. નવી પેઢીના ગુજરાતના પ્રતિભાશાળી યુવા અને ખંતીલા પુરાતત્ત્વવિદ - ઇતિહાસવિદ હેમન્ત દવેએ 'અનન્યચેતસ્' આરાધક વીરચંદ ધરમસી દ્વારા અલિગ્ઝેન્ડર કનિંગમના સમકાલીન ભગવાનલાલ ઇન્દ્રજી વિશેના અંગ્રેજી તથા ગુજરાતી ગ્રંથનું સંશોધકીય અભિગમથી કરેલ અવલોકન બહુવિધ દસ્તાવેજી પૂરક સામગ્રીથી સમૃદ્ધ છે અને તેથી જ પ્રસ્તુત ગ્રંથના વાચકોએ આ લેખ પણ વાંચવો જ રહ્યો !

અહીં લેખકે પ્રસ્તુત ગ્રંથ પૂર્વે ભગવાનલાલ વિશેના લેખોની સંક્ષેપમાં નોંધ લઈને આ ગ્રંથને નવાજતાં નોંધેલ શબ્દો 'આ મહા-નર સંશોધક' વિશે હેરત પમાડે તેવી જહેમત લઈને લખાયેલું આ પુસ્તક જોતાં ઉત્તમ કાર્ય ઉત્તમ રીતે પાર પાડેલું જોઈને આનંદ થાય છે.... આ પુસ્તક એક રીતે ઓગણીસમી સદીમાં ભારતીય પુરાતત્ત્વ અથવા તો ઇતિહાસનો... પણ વિગત પ્રચુર ઇતિહાસ છે... વીરચંદ ધરમસીનું એ સમયના સાહિત્યનું અવગાહન દિલીપ ચક્રવર્તી – History of Indian Archaeology - કરતાં વધારે ગહન, વધારે વ્યાપક અને વધારે ચોક્કસ છે' અને સંદર્ભો તથા તર્કબદ્ધ રજૂઆત લેખકના પ્રસ્તુત વિષયક વ્યાપક અને ગહન અધ્યયનનાં

પ્રતીતિકારક બની રહે છે. વધુમાં, ભગવાનલાલના પાયાના સંશોધનાત્મક કેટલાંક કાર્યોને ભાઉ દાજી, ફર્ગ્સન, બર્જેસ, પીટરસન, ફ્લીટ, પદ્મનાભ જૈની વગેરેએ પોતાના સ્વતંત્ર પ્રદાન તરીકે ઓળખાવેલ છે તેવા વીરચંદ ધરમસીના મંતવ્યમાં સૂર પુરાવીને અન્ય સાધનિક પુરાવાઓ સાથે પર્દાફાશ કર્યો છે. વળી તેમણે ભગવાનલાલનાં વ્યાપક પ્રદાનોને ઉજાગર કરવા ખંતીલા સંશોધકોને અપીલ કરી છે. ત્યારે આ તબક્કે આપણને હેમન્તભાઈ જેવો 'ખંતીલો સંશોધક' ક્યાં જડશે ? આવો જ એક બીજો સ-રસ લેખ સલિલ ત્રિપાઠીનો છે, જેમાં લેખકે જર્મનીની એકાધિક મુલાકાતો લઈ બર્લિનની દીવાલ કે જે ૧૯૬૧થી ૧૯૮૯ સુધી અસ્તિત્વ ધરાવતી હતી તે વિશે અને જર્મનીનો સામ્પ્રતકાલીન ઇતિહાસ કે જેમાં વિભાજન પૂર્વેનું બર્લિન, જર્મનીનું નાઝી પ્રકરણ, શોપનહાવર, માન, હેગલ, નિત્શે, કાન્ટ, રિલ્કે, ગેટે, મેક્સમૂલર... ના દેશમાં પુસ્તકો સળગાવવાની ઘટનાઓ અને આ વસ્તુ આધારિત રે બ્રેડબરી કૃત નવલકથા 'ફેરનહાઈટ ચારસો એકાવન'નો પરિચય અને આ કૃતિ આધારિત ૧૯૬૬માં ફ્રેન્ચ દિગ્દર્શક ફ્રાન્સુઆ તૃકોએ બનાવેલી ફિલ્મ અને તેના પાત્રોના મુખે મુકેલ શબ્દો : 'અહીં અમે પચાસેક જણ છીએ... દરેક જણ એક પુસ્તકનો ખેપીયો છે... એ લોકો પુસ્તકો બાળી શકે, અમારી યાદ ગીરીને બાળી શકતા નથી... અમને કહેશે, ચાલો, પુસ્તકો, બોલો – અને અમે બોલીશું', જર્મનીની એકતા વગેરે વિશે તથ્યપરક છતાં રસપ્રદ અને હૃદયદ્રાવક ઘટનાઓ વર્ણવી છે. માનવીય ગૌરવના ઉપાસકો અને ગ્રંથસંસ્કૃતિના પુરસ્કર્તાઓએ આ લેખ ખાસ વાંચવો જ રહ્યો. આ ઉપરાંત 'લોર્ડ ક્લાઈવ', 'ઝયબૂ ઉન નિસા', 'બ્રિટિશ સામ્રાજ્ય અને હિંદનો વ્યાપાર ઉદ્યોગ' વગેરે લેખો પણ અભ્યાસનિષ્ઠ છે. અમદાવાદની કાળુશીની પોળના હાલમાં અસ્તિત્વ ધરાવતા મકાનનો ઈ. સ. ૧૭૯૭નો વેચાણ દસ્તાવેજ કે જે રાજકીય, સામાજિક, સ્થાપત્યકીય, ભૌગોલિક, નાણાકીય, ભાષા, દસ્તાવેજ લેખનકળા વગેરે દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે તેનો સ-રસ અભ્યાસનિષ્ઠ પરિચય અહીં રસિલા કડિયા દ્વારા કરાવવામાં આવ્યો છે.

શિક્ષણ વિષયક દસ લેખો સમાવિષ્ટ છે, જેમાં મહેન્દ્ર ચોટલિયાએ 'શિક્ષણના બહુસ્તરીય વાસ્તવની ખોજ : સંકેત વિજ્ઞાન'માં શિક્ષણની ભૂમિકામાં રહેલા સિદ્ધાંતો અને કેળવણીના પ્રયોગો વચ્ચેના સંબંધોને તપાસવાનો સંશોધકીય અભિગમથી પ્રયાસો કર્યો છે, જે સરાહનીય છે, જ્યારે અજય પાઠકે બાળશિક્ષણના સાધક ગિજુભાઈ બધેકાના પ્રદાનને સુપેરે ઉજાગર કરી આપ્યું છે. બાળશિક્ષણ સાથે સંકળાયેલ પ્રત્યેક વાલી અને શિક્ષકે મમળાવવા જેવો આ લેખ છે. ગિજુભાઈની બાળશિક્ષણની રીતિ-નીતિને વાસ્તવના ધરાતલ ઉપર સાકાર કરનાર પ્રો. દક્ષા ભાવસારે (ચાણસ્મા કૉલેજ) સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે ૫૦૦૦ બાળકોને મળીને વાર્તાકથનનો સંકલ્પ લીધો હતો તે, સંકલ્પ વિવિધ શાળાઓનાં ૧૭૦૦૦ બાળકોને મળીને પૂર્ણ કરેલ તેના રસપ્રદ અનુભવો વર્ણવ્યા છે, જે અન્ય અધ્યાપકો માટે પણ પ્રેરણાદાયી નીવડે તેવા બળૂકા હોઈ શ્લાઘનીય બની રહે છે. આ ઉપરાંત આશરે ૧૨૫-૧૩૫ વર્ષ પૂર્વે લખાયેલા લેખો પૈકી 'વાચનમાળા કેવી હોવી જોઈએ', 'જેતપુરમાં કાઠિયાવાડના મહેતાજીઓનું કોન્ફરન્સ', 'માટીના ખડિયા', 'સ્લેટ અને સ્લેટપેન' વગેરે લેખો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણની સ્થિતિ જાણવા માટે દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

મેહલી ભાંડૂપવાલાના ઉપનામ હેઠળ મુરલી રંગનાથન દ્વારા પ્રારંભિક ગુજરાતી મુદ્રણકળાની ઐતિહાસિક રૂપરેખા પ્રસ્તુત કરતો દસ્તાવેજી પુરાવા સહિતનો લેખ અને આ સાથે ૧૭૯૬થી ૧૮૮૧ સુધી પ્રગટ થયેલા ગુજરાતી પુસ્તકોની કાળક્રમાનુસાર સૂચિ ગુજરાતી મુદ્રણકળા સંબંધી પરંપરાગત માન્યતાઓ સામે આંખ ઉઘાડનાર બની રહે છે.

આ ત્રણેય અંકોમાં સાહિત્ય વિષયક સમાવિષ્ટ લેખો - હેમન્ત દવે અને સુહાગ દવે, હર્ષવદન ત્રિવેદી, શિરીષ પંચાલ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, જ્યાં લોતાર, ભીખુ પારેખ, નિરંજન ભગત, નરોત્તમ પલાણ, ભીમજી ખાચરિયા, દલપત પઢિયાર, અભય દોશી, દીપક દોશી, અજય પાઠક, સેજલ શાહ, દક્ષા વ્યાસ વગેરે કૃત લેખો – પોતપોતાના ક્ષેત્રમાં પ્રમાણભૂત છે.

આમ, પ્રવર્તમાન મેધાવી સંપાદક સિતાંશુ યશશ્ચંદ્રની વાઙ્મયી ઉપાસનાનાં અને વાચકને ઠોસ વિચારોત્તેજક, સંતર્પક વાચન પૂરું પાડવાની અને ચિંતનનો એક ચોક્કસ દિશા-નિર્દેશ કરવાની પ્રતિબદ્ધતાનાં દર્શન આ અંકોમાં થાય છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અભિમુખતા

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 17-9-16ના રોજ એમ. કોમ.ના વિદ્યાર્થીઓ માટે 'How to Cope up with Industrial Needs' વિષય અંતર્ગત અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મયંક પટેલ દ્વારા પોતાના અનુભવો અને ભવિષ્યની માંગને ધ્યાનમાં લઈને હાલના વિદ્યાર્થીઓએ કરવાની તૈયારી વિશે ઊંડાણથી છણાવટ કરી સમજૂતી આપી હતી.

### શ્રી અરવિંદ સાધના કેન્દ્ર

● શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજીના વિચારો વિશે આયોજિત વિચાર ગોષ્ઠીમાં બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૨૨ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે જીવન જીવવાની કળા, આદર્શ બાળક, ઓરોવિલ્લ, શ્રી અરવિંદ, શ્રી માતાજી તેમજ શિક્ષણ વ્યવસ્થા બાબતે શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજીના વિચારો વિશે વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડૉ. સી. જે. તન્ના તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### આયના

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગર દ્વારા આયના, મેગ્નેટ મૅનેજમેન્ટ પ્રદર્શન તથા વ્યવસાયિક સ્પર્ધા ''આંત્રપેન્યોર ફેસ્ટીવલ''નું આયોજન તા. ૮-૧૦ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. વ્યક્તિના જીવનમાં મિત્રનું કેટલું મહત્ત્વ છે તે થીમને કેન્દ્રમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર રાજ્યમાંથી ૩૯ શાળાના ૨૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જુદી-જુદી ૮ સ્પર્ધાઓના ૧૫ આચાર્યશ્રીઓ તેમજ ૫૮ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના ૧૩૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેતાં તેમને ઇવેન્ટ મૅનેજમેન્ટના વિવિધ પાસાઓ શીખવાનો મોક મળ્યો હતો. શાળા સ્તરે કુલ ૧૭ વિદ્યાર્થીઓ અને કૉલેજ સ્તરે ૨૪ વિદ્યાર્થીઓને પ્રથમ તેમજ દ્વિતીય વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. રાજ્ય કક્ષાના મેગ્નેટ મૅનેજમેન્ટ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે ફાઈનાન્સ, માર્કેટિંગ, માનવ સંસાધન, ઉત્પાદન વગેરેમાં ગુણવત્તાના મહત્ત્વને સમજાવે તેમજ ઉદ્યોગોમાં તેનું અમલીકરણ કેવી રીતે થાય તે દર્શાવતા ૩૨ વિવિધ પ્રોજેક્ટ્સના મોડલ્સ, ચાર્ટ, વીડિયો તેમજ કમ્પ્યૂટર પર પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા પ્રોજેક્ટર પર રજૂ કરી આબેહૂબ નિદર્શન કર્યું હતું. આ ઉપરાંત આ પ્રસંગે અલગ અલગ ૧૩ સ્ટોલ્સ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા. જેમાં વિવિધ ખાણી-પીણી તેમજ હસ્તકલાને લગતી પ્રોડક્ટ્સ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરીને રાખવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, આયના-મેગ્નેટ-આંત્રપેન્યોર ફેસ્ટીવલ ઇન્ચાર્જ ડૉ. જયેશ તન્ના, આયના ઈવેન્ટ ઈન્ચાર્જ ડૉ. નીરવ જોશી, મેગ્નેટ ઈવેન્ટ ઈન્ચાર્જ પ્રો. અમિતા પ્રજાપતિ અને સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### આરંગ્રેત્રમ

● આર. એન. લલિતકલા એકેડેમીમાં ભરતનાટ્યમની તાલિમ મેળવેલ કુ. હેલી પટેલ

(ધોરણ 9, શ્રીમતી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ, ગાંધીનગર)ના આરંગેત્રમનો કાર્યક્રમ તા. 5-12-16ના રોજ ગાંધીનગર ટાઉન હૉલ ખાતે યોજાયો હતો. આ અવસરે સમારંભના મુખ્ય મહેમાનપદેશ્રી નિર્મળાબહેન વાઘવાણી (રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી, મહિલા અને બાલ કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય) અને શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (સંસદીય સચિવ, કૃષિ અને સહકાર, ગુજરાત સરકાર), સમારંભના અધ્યક્ષપદે ડૉ. કનુભાઈ ડી. પટેલ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ) અતિથિવિશેષપદે શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી કાર્તિકભાઈ પટેલ અને ડૉ. વીણાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આરંગેત્રમની પ્રસ્તુતિ બાદ ડૉ. કનુભાઈ ડી. પટેલના હસ્તે કુ. હેલીને સંસ્થા તરફથી રૂ. 2500નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે શ્રીમતી નિર્મળાબહેન વાઘવાણી અને શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલના હસ્તે આરંગેત્રમની પદવી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે કુ. હેલી એ સંસ્થાનાં સંચાલિકા દિનાબહેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ કલાગુરુ શંકુતલાબહેન ઓઝા પાસેથી સઘન તાલિમ મેળવી હતી.

## ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 1/9, 6/9 અને 7-9-16ના રોજ ટી. વાય. બીકોમ.ના વિદ્યાર્થીઓ માટે હિન્દુસ્તાન કોકાકોલા બેવરિજ પ્રા. લિ., ખેડાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કંપનીની ઉત્પાદન પ્રક્રિયા, સંચાલનના નિયમો, માર્કેટિંગ અને જાહેરાત જેવા જુદા-જુદા પાસાઓ વિશે જાણકારી મેળવી હતી.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓ અભ્યાસક્રમની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવે તે માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાન ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહોની મુલાકાતે લઈ જવામાં આવે છે. વિદ્યાર્થીઓ ઉદ્યોગની સ્થાપનાથી લઈ તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે અને ભવિષ્યમાં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ કરે છે જે તેઓને તેમની કારકિર્દીના ઘડતરમાં ખૂબ ઉપયોગી બની રહે છે. આ અન્વયે દ્વિતીય સત્ર દરમિયાન નીચે મુજબની ઔદ્યોગિક મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને આણંદ રીજનલ કો-ઓપરેટિવ ઓઈલ સિડ્સ ગ્રોવર્સ યુનિયન (આર્કોગુલ)ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમણે સહકારી ક્ષેત્રના એકમમાં સંસ્થાકીય માળખું, માનવ સંસાધનની જાળવણી અને વિકાસ, ઉત્પાદન પ્રક્રિયા, તેમજ ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક, એડ્મિનિસ્ટ્રેશન, ઉપરાંત માર્કેટિંગ વિશે વિગતવાર માહિતી મેળવી હતી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વિશ્વનો પ્રથમ ફાઈબર લેસર કટિંગ મશીન પ્લાન્ટ સહજાનંદ લેઝર ટેક્નોલૉજી લિ., ગાંધીનગરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ કંપનીને વિક્રમ સારાભાઈ – યુવા વિજ્ઞાન પ્રદ્યોગીકરણ એવોર્ડ, નૅશનલ અવૉર્ડ એક્સલન્સી ઈન ઇલેક્ટ્રોનિક, ગેસિયા અવૉર્ડ ફૉર એક્સલન્સી તેમજ બેસ્ટ ઈનોવેશન ઈન ટેક્નોલૉજી જેવા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય અવૉર્ડ મળી ચૂક્યા છે. તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને ગાંધીનગર ખાતે આવેલ "Amtec Electronic" ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. કંપની દ્વારા મોશન કન્ટ્રોલ ઇક્વિપમેન્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. તેની સમગ્ર ભારતમાં ખૂબ માંગ રહેલી છે. કંપની તરફથી વિદ્યાર્થીઓને કંપનીની કામગીરીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આણંદ ખાતેની GMM PHAUDLER LTD કંપનીની મુલાકાત દરમિયાન વિવિધ વિભાગો જેવા કે ફેબ્રિકેશન, સેન્ડ પ્લાસ્ટિક તેમજ પેકિંગ વગેરે નિહાળ્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ વ્યવસાય વગેરે વિશે માહિતી મેળવી હતી. સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓને કચ્છ જિલ્લામાં આવેલ અદાણી ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ સંચાલિત મુન્દ્રા પોર્ટની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ અંતર્ગત વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રિફાઈનરી પ્લાન્ટ, મુખ્ય પોર્ટ અને અદાણી વિલમાર કંપનીની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના સ્વપ્નદ્રષ્ટા તેમજ સફળ ઉદ્યોગપતિ શ્રી ગૌતમભાઈ અદાણી દ્વારા વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ મુલાકાત લઈ પ્રાયોગિક તાલીમ મેળવે તે હેતુથી ત્યાં રહેવા જમવા તેમજ આવવા જવા માટે વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૧૧૭

શાળા તથા કૉલેજોના મળીને તેના ૧૬૧૫૩૭ વિદ્યાર્થીઓ અદાણી ફાઉન્ડેશન દ્વારા ચાલતા ઉડાન પ્રોજેક્ટ હેઠળ પ્રાયોગિક તાલીમ મેળવી ચૂક્યા છે.

## કાવ્યરચના

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV) ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે વિદ્યાર્થીઓ કાવ્યના વિવિધ પ્રકારો વિશે લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી તા. 20-9-16ના રોજ કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળા-કૉલેજોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કૅન્સર જાગૃતિ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 26-9-16ના રોજ હ્યુમન વેલનેસ ફાઉન્ડેશનના આયુષ પ્રોજેક્ટ અંતર્ગત કેન્સરની પ્રાથમિક જાણકારી, વ્યસનોની શરીર પર થતી અસરો અને તંદુરસ્ત જીવનશૈલી વિશે ફિલ્મ દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી. વધુમાં માત્ર વિદ્યાર્થિનીઓ તથા મહિલા અધ્યાપિકાઓ માટે ખાસ બેઠકનું આયોજન કરીને સ્તન અને ગર્ભાશય કૅન્સરની માહિતી આપવામાં આવી હતી.

## કેમ્પસ ડ્રાઈવ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 10-9-16ના રોજ ટી. વાય. બીકોમ.ના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેડ બુલ્સ કંપનીએ કૉલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓનું ઇન્ટરવ્યૂ કૉલેજ કેમ્પસમાં યોજતાં 54 વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ માટે પસંદગી પામ્યા હતા.

## થેલેસેમિયા જાગૃતિ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના N. S. S. યુનિટ દ્વારા તા. 1-8-16ના રોજ થેલેસેમિયા અંગે જાગૃતિ લાવવા માટે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના શ્રી જિજ્ઞેશભાઈ રાવલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિગતે સમજૂતિ આપીને આ અંગેનો વીડિયો પણ બતાવ્યો હતો.

## ખેલ-મહાકુંભ

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીના તાલીમાર્થી દુમાદિયા સુરેશભાઈ અરજણભાઈએ ખેલ મહાકુંભ અંતર્ગત તા. ૧૫-૧૦-૧૬ના રોજ ૧૦૦ મીટર દોડમાં અને ૨૦૦ મીટર દોડમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી ૧૫૦૦ રૂ. રોકડ ઇનામ તથા તા. ૧૬-૧૦-૧૬ના રોજ જિલ્લા કક્ષાએ ધ્રાંગધ્રામાં યોજાયેલ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ૭૫૦૦ રૂ. રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે.

## નોટબંધી કાર્યશિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે ભારત સરકાર દ્વારા ૫૦૦ તથા ૧૦૦૦ રૂપિયાની નોટબંધીથી અર્થતંત્રમાં આવનાર ફેરફાર બાબતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ પાત્રા ડેવલોપમેન્ટ ઑફિસર એલ. આઈ. સી. ઇન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય અર્થતંત્રમાં રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાની ભૂમિકા તેમજ CRR.CLR, RRR સહિતના અનેક મુદ્દાઓ વિશે તલસ્પર્શી માહિતી આપી હતી. બૅંકો પાસેથી રિઝર્વ બૅંક કઈ રીતે નાણા લે છે, અને બૅંકોને કઈ રીતે ધિરાણ આપે છે તથા અન્ય દેશોની આર્થિક વ્યવસ્થાઓની સરખામણી ભારતીય અર્થતંત્ર સાથે કરી ઉદાહરણ સાથે સમજાવ્યું હતું. આ ઉપરાંત એફડીઆઈજીએસટી તેમજ અન્ય નીતિઓથી પડનારી અસરો તેમ જ નોટબંધીથી આવનાર હકારાત્મક ફેરફારો બાબતે ચર્ચા કરી ટૂંકા ગાળાની નાની તકલીફોને અવગણી લાંબા ગાળાના હિત માટે સજ્જ થવા આહવાન કરી ફુગાવા પર તેમજ કાળા નાણા પર કાબૂ મેળવવા માટે આગામી દિવસોમાં હાલમાં લેવાયેલ નિર્ણય યોગ્ય પુરવાર થશે તેમ જણાવ્યું હતું.

## પીએચ. ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

## Biotechnology

1. Chaudhary, Spandan Arvindbhai :'Identification of Factors Responsible for Saponin Production and Accumulation in Fenugreek Seeds for Commercial Production' / Subject : Biotechnology / Guide : Dr. Surendra Kumar Chikara. Ref. No. Ph.D. / 227/ 2016. 25/06/2016.
2. Suthar, Ram Chandra : 'Development of Wilt Resistant Cultivars/Varieties of Cumin (Cuminum Cyminum) Using Biotechnological Tools' / Subject : Biotechnology / Guide : Dr.Daksha Bhatt. Ref. No. Ph.D. / 245/ 2016. 04/ 10/2016.

## Chemistry

3. Kumbhani, Jasmin Harsukhbhai : 'Studies on Potentially Bioactive Heterocyclic Compounds' / Subject : Chemistry / Guide : Dr. Parimal M. Chatrabhuji. Ref. No. Ph.D. / *218*/ 2016. 14/05/2016.
4. Mishra, Tulsi Das : 'Application of Liquid Chromatography-Tandem Mass Spectrometry (LC-MS/MS) for the Quantitation of HIV Protease Inhibitor Drugs in Biological Fluids' / Subject : Chemistry / Guide : Dr. Pranav S. Shrivastav. Ref. No. Ph.D. / 214/ 2016. 05/05/2016.
5. Shinde, Vijay Parshuram : 'LC-MS/MS Methods For Quantification of Drugs in Human Biological Matrices and their Application to Bioequivelence Study' / Subject : Chemistry / Guide : Dr. Popatbhai K. Patel. Ref. No. Ph.D. / 228/ 2016. 02/07/2016.
6. Trivedi, Vikas Rajeshkumar : 'A Comprehensive Approach of Selectivity Evaluation in LC-MS/MS Bioanalysis' / Subject : Chemistry / Guide : Dr. Mallika Sanyal. Ref. NO. Ph.D. / 244/ 2016. 03/10/2016.

## Civil Engineering

7. Patel, Yogeshkumar Shankarlal : 'Ground Water Quality and It's Improvement by Artificial Recharge in Agro-Climatic Zone' / Subject : Civil Engineering / Guide : Dr. Ghanshyam P. Vadodaria. Ref. No. Ph.D. / 252/ 2016. 22/10/2016.

## Commerce

8. Bhatt, Krupa Bharatkumar : 'A Comparative Study of SBI & ICICI Banking Services with Special Reference to Customers' Preferences' of Gujarat State' / Subject : Commerce / Guide : Dr. J. A. Sarvaiya. Ref. No. Ph.D. / 217/ 2016. 11/05/2016.
9. Patel, Mehul Ashwinkumar : 'A Comparative Study of Return on Investment and Economic Value Added of Selected Units of Indian Corporates - A Case Study' / Subject : Commerce / Guide : Dr. J. A. Sarvaiya. Ref. No. Ph.D. / 216/ 2016. 11/05/2016.
10. Patel, Siddharth Dinubhai : 'Examining the Impact of Indian Ipos on Share Prices and Interest of Stakeholders since last 10 Years' / Subject : Commerce / Guide : Dr. J. A. Sarvaiya. Ref. No. Ph.D. / 215/2016. 11/ 05/2016.
11. Thakkar, Amit Ramanlal : 'Multi Relational Classification in Multi

Relational Data Mining' / Subject : Computer Engineering / Guide : Dr. Y. P. Kosta. Ref. No. Ph.D. / 231/ 2016. 08/08/2016.

**Computer Science**

12. Trivedi, Jaydipkumar Hitendrabhai : 'Designing and Prototyping M-Commerce Model: Analyzing Driving Factors' / Subject : Computer Science / Guide : Dr. Jagdish G. Pandya. Ref. No. Ph.D. / 233/ 2016. 13/08/2016.

**Education**

13. Bhadoriya, Preeti : 'A Study of Motivational Level and Teaching Efficiency of School Teachers' / Sujbect : Education / Guide : Dr. Sanjay M. Gupta. Ref. No. Ph.D. / 253/ 2016. 24/ 10/2016.
14. Mansata, Nimisha Anilkumar : 'Effectiveness of Mathematical Problem Solving Ability Programme of Std VIII Students' / Subject : Education / Guide : Dr. Rameshbhai M. Trivedi. Ref. No. Ph.D. / 220/ 2016. 24/05/2016.
15. Patel, Bharatkumar Bhalabhai : 'An Effectiveness of Poetry Singing Method in Hindi Subject' / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah. Ref. No. Ph.D. / 229/ 2016. 09/07/2016.
16. Patel, Mineshkumar Mahipatbhai : 'Class and Gender Wise Learning Styles of Eklavya Model Residential School's Students' / Subject : Education / Guide : Dr. Bipinkumar D. Patel. Ref. No. Ph.D. / 240/ 2016. 14/09/2016.

**Electronics & Communication**

17. Lamba, Roopal Kumar : 'Receiver Front end Design Using CMOS Technology' / Subject : Electronics & Communication / Guide : Dr. C. H. Vithalani. Ref. No. Ph.D. / 226/ 2016. 25/06/2016.
18. Parikh, Urmil Bhagvandas : 'Application of Controlled Switching to Digital Protection of Transmission Lines & Transformers' / Subject : Electrical Engineering / Guide : Dr. Bhavesh Bhalja. Ref. No. Ph.D. / 237/ 2016. 19/08/2016.
19. Shah, Amisha Janak : 'Image Super Resolution' / Subject : Electronics & Communication / Guide : Dr. Suryakant B. Gupta. Ref. No. Ph.D. / 234/ 2016. 13/08/2016.
20. Sheth, Chirag Lalitbhai : 'Performance Evaluation and Optimization for Distributed Network Firewall Design' /Subject : Electronics & Communication / Guide : Dr. Rajesh A. Thakker. Ref. No. Ph.D. / 235/ 2016. 13/08/2016.
21. Vaghela, Vanarajsinh Batukbha : 'A Novel Architecture for Vehicular Traffic Control' / Subject : Electronics & Communication / Guide : Dr. Dharmesh J. Shah. Ref. No. Ph.D. / 225/ 2016. 25/06/2016.

## English

22. Pandya, Sagar Vidhyutkumar : 'Women In The Novels of Paulo Coelho- A Study' / Subject : English / Guide : Dr. Namrata Bajaj. Ref. No. Ph.D. / *213* / 2016. 30/04/2016.
23. Shah, Avni Ajaykumar : 'A Comparative Study of Use of Myth

and Folk Traditions in Select Plays of Girish Karnad and Chandrashekhar Kambara' / Subject : English / Guide : Dr.Manish A. Vyas. Ref. No. Ph.D. / 236/ 2016. 13/08/2016.

24. Thakkar, Rahul Vishwanath : 'A Critical Assessment of the Effectiveness of the Testing Practices in English (Major) at the Undergraduate Level in the Selected Universities of Gujarat' / Subject : English / Guide : Dr. Jagdish S. Joshi. Ref. No. Ph.D. / *221* / 2016. 04/06/2016.

**Gujarati**

25. Gamit, Ishvarbhai Nurjibhai : ''ગુજરાતી નવલકથાઓમાં પ્રગટતી ગ્રામચેતના (પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને ચુનીલાલ મડિયાના સંદર્ભમાં) Subject : Gujarati / Guide : Dr. Jagdish C. Patel. Ref. No. Ph.D. / 249/ 2016. 08/10/2016.

26. Patel, Ilaben Baldevbhai : ''મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્વામીનારાયણ સંપ્રદાયના પાંચ પ્રમુખ કવિઓમાં કૃષ્ણભક્તિનું નિરૂપણ (સ્વામી મુક્તાનંદ, સ્વામી બ્રહ્માનંદ, સ્વામી પ્રેમાનંદ, સ્વામી નિષ્કુળાનંદ, સ્વામી દેવાનંદ)'' / Subject : Gujarati / Guide : Dr. Bababhai S. Patel. Ref. No. Ph.D. / 24 1/ 2016. 30/09/2016.

**Hindi**

27. Oza, Bhartiben Gangarambhai : ''નયી કહાની કે પરિપ્રેક્ષ્ય મેં ભીષ્મ સાહની કી કહાનિયોં કા અધ્યયન'' / Subject : Hindi / Guide : Dr. Kirtikamal B. Vaghela / Ref. No. Ph.D. / 254/ 2016. 26/10/2016.

28. Chandrapal, Jayantilal Dhanjibhai : 'Impact of Liberalization on Indian Life Insurance Industry with Special Reference to LIC of India - Prospects and Challenges' / Subject : Management / Guide : Dr. A. C. Brahmbhatt. Ref. No. Ph.D. / 242/ 2016. 30/09/2016.

29. Chudgar, Dhara Jitendra : 'Risk Management in Life Insurance with Emphasis on Life Insurance Fraud' / Subject : Management / Guide : Dr. Anjani Kumar Asthana: Ref. No. Ph.D. / 222/ 2016. 11/06/2016.

30. John, P. G. : 'Effectiveness of Performance Management System and its Impacts on Employee Satisfaction & Commitment in Pharma Industry in India' / Subject : Management / Guide : Dr. S. O. Junare. Ref. No. Ph.D. / 230/ 2016. 04/08/2016.

31. Meghrajani, Indra Jairamdas : 'Awareness of Selected FMCG Products in Rural Areas: A Study in Selected Villages in the State of Gujarat' / Subject : Management / Guide : Dr. Anjani Kumar Asthana. Ref. No. Ph.D. / 223/ 2016. 11/06/2016.

32. Shah, Nehal Rashmikant : 'Exploring Risk Anomaly in Indian Stock Market: The Test of Market Efficiency' / Subject : Management / Guide : Dr. Shantanu Mehta. Ref. No. Ph.D. / 256/ 2016. 04/ 11/2016.

33. Vaidya, Himanshu Vasant : 'Brand Equity Measurement: Evolving a Comprehensive Consumer Centric Model' / Subject : Management / Guide : Dr. Indra Sen Singh. Ref. No. Ph.D. / 219/ 2016. 21/05/2016.

**Mathematics**

34. Patel, Ashokkumar Amrutlal : 'Analysis of Lost Sale Recapture Models in Context of Single Period

Inventory Problem with Pricing' / Subject : Mathematics / Guide : Dr. Ravi Mahendra Gor. Ref. No. Ph.D. / 239/ 2016. 10/09/2016.

35. Solanki, Krishna Pravinsinh : 'Some Models on Inventory and Pricing Decisions in the Newsboy Problem' / Subject : Mathematics / Guide : Dr. Ravi Mahendra Gor. Ref. NO. Ph.D. / 243/ 2016. 01/10/2016.

**Pharmaceutical Science**

36. Desai, Palakben Hemantkumar : 'Preclinical & Clinical Evaluation of Some Medicinal Plants in Arthritis' / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah. Ref. No. Ph.D. / 251/ 2016. 19/10/2016.

37. Gajjar, Amit Vasudevbhai : 'Role of Immune Modulators in Atherosclerosis' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Shrikalp Deshpande. Ref. No. Ph.D. / 250/ 2016. 10/10/2016.

38. Gandhi, Abhishekkumar Bharatkumar : 'Application of Liquid Chromatography-Tandem Mass Spectrometry (LC-MS/MS) For the Quantitation of Female Hormonal Drugs in Biological Fluids for Bioequivalence Studies' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Priti D. Trivedi. Ref. No. Ph.D. / 247/ 2016. 08/10/2016.

39. Kakadia, Nimisha Parshottam : 'Investigation of Some Ayurvedic Herbal Drugs For Efficacy in Post-Menopausal Osteoporosis Using Ovarietomized Rat Model' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Niranjan S. Kanaki. Ref. No. Ph.D. / 248/ 2016.08/10/2016.

40. Modi, Kushal Alkeshkumar : 'Design, Development and Characterization of Vesicular Drug Delivery Systems of Antiviral Drugs' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Pragna K. Shelat. Ref. No. Ph.D. / 224/ 2016. 11/06/2016.

41. Patel, Archita Jayendrakumar : 'Design & Development of self Micro Emulsifying Drug Delivery System (Smedds) for Poorly Water Soluble Drugs' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Anita N. Lalwani. Ref. No. Ph.D. / 232/ 2016. 11/08/2016.

42. Patel, Rajendrakumar Kodarbhai : 'Development and Validation of New Analytical Methods for Estimation of Active Plant Constituent in Selected Plants Samples and its Formulations Having Anti-Inflammatory Activity' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Priti D. Trivedi. Ref. No. Ph.D. / 255/ 2016.26/10/2016.

43. Patel, Shetul Vishnubhai : 'Prodrug Design: A Facile Approach to Enhance Bioavailability of Suitable Drugs' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Pragna K. Shelat. Ref. No. Ph.D. / 246/ 2016. 07/10/2016.

**Psychology**

44. Vanzara, Rekha Kanjibhai : 'A Study of Mental Stress, Depression and Suicidal Tendency Among Educated Un-Employed Male and Female Youth' / Subject : Psychology / Guide : Dr. Bhanubhai D. Dhila. Ref. No. Ph.D. / 238/ 2016. 08/09/2016.

## પ્લેસમેન્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગર દ્વારા કૉલેજ કેમ્પસ ખાતે જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ફ્યુચર ગ્રૂપ, યુરેકા ફોર્બ્સ લી, LIC ઑફ ઇન્ડિયા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન લી, પ્રક્ષાલ આઈ. ટી. એકેડેમી વગેરે જેવી નામાંકિત કંપનીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ઓફર કરવા માટે પોતાની ટીમ સાથે કૉલેજ કેમ્પસમાં ઉપસ્થિત રહી હતી. કંપનીઓ દ્વારા ૧૦,૦૦૦થી ૧૪,૦૦૦ સુધીના પેકેજની તેમજ તેની સાથે અન્ય લાભ આપવાની ઓફર કરવામાં આવી હતી. કૉલેજના પ્લેસમેન્ટ તેમજ ટ્રેનિંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના દ્વારા કંપનીઓના પ્રતિનિધિઓને આવકારવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ડ્રાઈવ વિશે માહિતગાર કર્યા હતા. આ પ્રિ-પ્લેસમેન્ટ જોબ ફેરમાં ૧૪૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ પૈકી ૮૨ વિદ્યાર્થીઓએ ઇન્ટરવ્યૂ આપતા ૪૨ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

## ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 4-8-16ના રોજ કૉલેજના શૈક્ષણિક સ્ટાફ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાત શ્રી જે. સી. પટેલે વર્ગખંડની સ્થિતિ, તેને તણાવમુક્ત રાખવી, શૈક્ષણિક અનુસંધાન, વિદ્યાર્થીઓનો સમગ્રતયા વિકાસ કરવો વગેરે વિષયો પર ઊંડાણથી રસપ્રદ માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે તણાવમુક્ત થવા શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે વિવિધ પદ્ધતિઓ પણ બતાવી હતી.

## મહેંદી હરીફાઈ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ માટે મહેંદી હરીફાઈનું આયોજન તા. 27 જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં 32 વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ મહેંદીના કલાત્મક નમૂના – પોતાની સખીના હાથ પર અરેબિક, પર્શિયન, માનવ આકૃતિ, દુલ્હન, પારંપરિક મહેંદી ખૂબ ચીવટપૂર્વક તથા સ્વચ્છતાપૂર્વક મૂકીને આ સ્પર્ધાને ખૂબ રસપ્રદ બનાવી હતી. સ્પર્ધાના અંતે સાત વિદ્યાર્થિનીઓને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

## યુવા-માર્ગદર્શન

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે સ્વામીનારાયણ ધામ ખાતે એક દિવસીય ધ્યાન માર્ગદર્શન શિબિર યોજાઈ ગઈ. વિદ્યાર્થીઓને મુલાકાત દરમિયાન સ્વામીનારાયણ સંપ્રદાય તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતી ધાર્મિક, સામાજિક, સ્વાસ્થ્ય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ સંતશ્રી મૂર્તિસ્વામીએ વિદ્યાર્થીઓને યુવાનીમાં સમાજ અને રાષ્ટ્ર પ્રતિ વ્યક્તિ તરીકેની ફરજોનું માર્ગદર્શન આપતાx આધ્યાત્મિક જીવન તેમજ ભૌતિક સુખ સુવિધાઓ સાથેના સંસારિક જીવન વચ્ચે તાદાત્મ્ય કેળવવા માટે જણાવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ શ્રી રામચંદ્ર આશ્રમ ખાતે એકદિવસીય ધ્યાન શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને જીજ્ઞેશભાઈ શેલત દ્વારા ધ્યાન માટેની તાલીમ આપવામાં આવી તેમજ શ્રી રામચંદ્ર મિશનની સ્થાપનાથી લઈ ત્યાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## યુવાદિવસ

વી. પી. એમ. પી. પોલિટેકનિક, ગાંધીનગરમાં તા. 12-7-16ના રોજ લાયન્સ ક્લબ, ગાંધીનગરના ઉપક્રમે 'બી ધ ગુરુભાઈ' વિષય ઉપર રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત શ્રી ફિરદોઝ કાપડિયા દ્વારા યુથ ડેવલપમેન્ટ સેમિનાર યોજાઈ ગયો. આ સેમિનારમાં લાયન્સ ક્લબ ગાંધીનગરના નવ-નિયુક્ત પ્રેસિડેન્ટ શ્રી નિમેશભાઈ રાવલ, લાયનેસ અને લિયો ક્લબના પ્રેસિડેન્ટ, પ્રિન્સિપાલ, અધ્યાપકગણ અને 400 જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## યુવક મહોત્સવ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ગુજરાત યુનિવર્સિટી આંતર-વિભાગીય યુવક મહોત્સવ અંતર્ગત તા. 31-9-2016 અને તા. 1-10-16ના રોજ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી કોલાજ અને મીમીક્રીમાં ભાગ લેતાં અનુક્રમે કુ. અંકિતા અને કુ. શ્રદ્ધા ગઢવીએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે માઈમ સ્પર્ધામાં કુ. નફીસા, કુ. જયશ્રી, કુ. શ્રદ્ધા, કુ. શીતલે

દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

### રક્તદાન શિબિર

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા 'હેપ્પી યુથ ક્લબ' દ્વારા આયોજિત રક્તદાન શિબિરનું ઉત્કૃષ્ટ સંચાલન બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ ટીમ લીડર તરીકે પ્રશંસનીય ફરજ નિભાવીને તેના સંચાલકીય પાસાઓને ધ્યાનમાં રાખી રક્તદાતાઓની સુવિધાઓ સચવાય તેવી રીતે સમગ્ર આયોજન કર્યું હતું.

### વક્તૃત્વકળા

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 1-9-16ના રોજ વિદ્યાર્થીઓમાં વક્તૃત્વકળા વિકસાવવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકાર, નાટ્ય-લેખક, નિર્માતા અને દિગ્દર્શક શ્રી કુંતલ નિમાવત દ્વારા વક્તૃત્વ, પાદપૂર્તિ, કાવ્યપઠન, સભા સંચાલન વગેરે અંગેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત તા. 16 સપ્ટેમ્બરના રોજ અસરકારક ભાષણકળાની તાલીમ માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિદ્યાર્થીજીવન

વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરમાં તા. 5, ઑક્ટોબરના રોજ વિદ્યાર્થીજીવનમાં સફળતા મેળવવાની ચાવીઓ વિશે પહેલા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે જાણીતા યોગ-શિક્ષક અને મોટિવેશનલ ટ્રેઈનર શ્રી જે. સી. પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે મનને એકાગ્ર કરીને વિદ્યાર્થી પોતાના અભ્યાસકાળ દરમિયાન નક્કી કરેલા તમામ ધ્યેયોની પ્રાપ્તિ કરી શકે છે, તેની સાથે સાથે તરુણાવસ્થામાં તણાવમુક્ત રહેવાની કેટલીક સહેલી અને પ્રાયોગિક યોગની સમજ આપી હતી. આ પ્રસંગે આચાર્ય, અધ્યાપકગણ, શ્રી હસમુખભાઈ પટેલ (નિવૃત્ત, આર. ટી. ઓ., ગુજરાત રાજ્ય) અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### વ્યાખ્યાન

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં એમ. કોમ.ના વિદ્યાર્થીઓ માટે કંપની સેક્રેટરી શ્રી નિશિથ સંઘાણીના ફોરેન એક્સચેન્જ, ફોરેન એક્સચેન્જ માર્કેટ, ડેરીવેટીવસ, ફ્યુચર ઍન્ડ ઓપ્સન્સ અને ફોરવર્ડ કોન્ટ્રાક્ટ વિશે તા. 5 અને 6 ઑગસ્ટ, 2016 દરમિયાન વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. 29-8-16ના રોજ 'ટૅક્નોલૉજી ઇન બૅન્ક્સ' વિષય પર બૅંક ઑફ બરોડા, ગાંધીનગરના સિનિયર મૅનેજર શ્રી વિકાસ ચાવલાના વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### સર્વ નેતૃત્વ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા 'સર્વ નેતૃત્વ-19' તા. 23-27 નવેમ્બર, 2016 દરમિયાન કડીમાં યોજાઈ ગયો, જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસની જુદીજુદી 15 કૉલેજોના 69 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિષ્ણાત ટ્રેઈનર સુરેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ ઈવનિંગ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશીપ, ઇવેન્ટ મૅનેજમેન્ટ, ટીમવર્કિંગ વગેરે વિશે પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. શિબિર દરમિયાન ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબહેન ઠાકર અને રોડ સેફ્ટી નિષ્ણાત શ્રી અમિતભાઈ ખત્રીએ પોતાના જીવનપ્રસંગો વર્ણવ્યા હતા અને વિદ્યાર્થીઓને નાની-નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા જણાવ્યું હતું. શિબિરના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપુરા સ્થિત ''મંથન'' – અપંગ કન્યા સેવાસંકુલની મુલાકાત કરાવી હતી. સંસ્થાનાં સંચાલક શ્રી નીરૂબહેન રાવલ અને તેમની ટીમ દ્વારા દિવ્યાંગ, માનસિક વિશિષ્ઠ બહેનો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી અને દિવ્યાંગો સાથે મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આજનો યુવાન આદર્શ વિદ્યાર્થીની સાથે સાથે આદર્શ નાગરિક બની સમાજને અને રાષ્ટ્રને ઉપયોગી બને એવી અભિલાષા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મંડળના મંત્રી શ્રી ડૉ. મણિભાઈ પટેલ અને સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરનું સંચાલન અને આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે પ્રો. નરેન્દ્રભાઈ

નાઈ, લાઇબ્રેરિયન શ્રીમતી અંજનાબહેન બારોટ અને પ્રા. પાર્થ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

'સર્વ નેતૃત્વ ટીમ' દ્વારા સમાજના વિવિધ વર્ગના લોકોની જરૂરિયાતો જાણીને મદદરૂપ નીવડી શકાય એ ઉદ્દેશ્યના ભાગ રૂપે તા. 1 ડિસેમ્બરના રોજ Right to Food વિશે જાગૃકતા અભિયાન કાર્યક્રમનું આયોજન સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજ, સેક્ટર-12 ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં LDRPના મિકેનિકલ વિભાગમાં અભ્યાસ કરતા મનન પટેલ દ્વારા હૉસ્ટેલમાં રહી વિવિધ કૉલેજોમાં અભ્યાસ કરતી 250 બહેનોને સ્લાઈડ અને વીડિયો પ્રેજન્ટેશન થકી અન્નનો બગાડ અટકાવવા માટે શું શું કરી શકાય અને ભોજન થાળી સુધી પહોંચે ત્યાં સુધીના શ્રમનું મહત્ત્વ સમજાવ્યું હતું તેમજ અન્નનો બગાડ ન કરવા સંબંધી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## સાઈબર ક્રાઈમ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં લાયન્સ ક્લબ, અમદાવાદ સેન્ટ્રલ અને આઈ. ક્યુ. ફોરમ ફૉર જસ્ટીસના સંયુક્ત ઉપક્રમે આયોજિત સાઈબર ક્રાઈમ અવેરનેસ પ્રોગ્રામમાં શ્રી અર્પિત ગાંધી અને શ્રી શરદ રાવલ દ્વારા વિદ્યાર્થીઓને આ સંબંધી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, અતિથિવિશેષ તરીકે જિલ્લા સંયોજક લાયન શ્રી મગનભાઈ પટેલ, લાયન્સ ક્લબ અમદાવાદ સેન્ટ્રલના પ્રમુખ શ્રી ભારતીબહેન બલદાનિયા અને આઈ. ક્યુ ફોરમ ફૉર જસ્ટીસના ચેરમૅન શ્રી રજનીભાઈ પટેલ અને વાઈસ ચેરમૅન આઈ. એમ. પંડ્યા તથા આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા હાજર રહ્યાં હતાં.

## સામાજિક પ્રવૃત્તિ

ઓમ ભોલે ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત સામાજિક પ્રવૃત્તિ અંતર્ગત જરૂરતમંદોને જૂનાં કપડાં વગેરેની વહેંચણીના કાર્યમાં તા. 17-7-16ના રોજ એસ. વી. બી. એડ્. કૉલેજના તાલીમાર્થીઓએ સેવાઓ આપી હતી.

## સુરક્ષા સેતુ રથ

ગુજરાત સરકાર દ્વારા સંચાલિત 'સુરક્ષા સેતુ રથ' દ્વારા મહિલાઓમાં ટ્રાફિક, સ્વરક્ષણ તેમજ મહિલા સશક્તિકરણ માટેના જુદાજુદા પ્રકારના વીડિયો બતાવી તાલીમાર્થીમાં સેવા, સુરક્ષા, શક્તિનો સંચાર થાય તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ અને એસ. વી. બી. એડ્. કૉલેજ, કડીની તાલીમાર્થીઓએ આ કાર્યક્રમ નિહાળી સ્વરક્ષણ માટેની જાગૃતિ મેળવી હતી.

## સ્વાસ્થ્ય યોજના

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગરના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે GVK - EMRIની સ્વાસ્થ્ય સુવિધામાં ગુજરાત સરકાર તેમજ ભારત સરકારની વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન મેળવવા મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે ઇમરજન્સી મૅનેજમેન્ટ રિસર્ચ સેન્ટરની મુલાકાત પણ મૅનેજમેન્ટનો એક ભાગ હોવાથી વિદ્યાર્થીઓને તેની મુલાકાત કરાવી હતી. તમામ વિદ્યાર્થીઓને ૧૦૮ તત્કાલ સેવા યુનિટ ખાતે રાજેન્દ્ર પારધી તેમજ નિસર્ગ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ખીલ ખીલાટ સુવિધા અંતર્ગત પ્રસૂતા તેમજ બાળકની માવજત તેમજ પ્રસૂતિ માટે અને ત્યાર બાદ ઘર સુધી પહોંચાડવા માટે સેવા આપવા ઉપરાંત પૌષ્ટિક સુખડી પણ પ્રસૂતાને આપવામાં આવે છે. ૧૮૧ મહિલા સુરક્ષા માટેની સુવિધા આપે છે, જ્યારે ૧૦૦ નંબર સુવિધા રાજ્યના તમામ નાગરિકોને પોલીસની સેવા મેળવવા માટે છે. જમવા તેમજ આવવા તેમજ જવા માટે વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૧૧૭ શાળા તથા કૉલેજો મળીને તેના ૧૬૧૫૩૭ વિદ્યાર્થીઓ અદાણી ફાઉન્ડેશન દ્વારા ચાલતા ઉડાન પ્રોજેક્ટ હેઠળ પ્રાયોગિક તાલીમ મેળવી ચૂક્યા છે.

## શહીદોને શ્રદ્ધાંજલિ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. 27-9-16ના રોજ ઉરી (જમ્મૂ-કાશ્મીર)માં સેનાના વીર 18 શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે મૌન પાળવા ઉપરાંત પ્રત્યેક વર્ગખંડમાં બબ્બે વિદ્યાર્થીઓએ સૈનિકજીવન વિશે અભ્યાસપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા હતા.

# શાળા વિભાગ

## આનંદમેળો

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨-૧૦-૧૬ના રોજ વાલી મીટિંગનું તથા બાળકો નિર્ભયતાથી પોતાની રજૂઆત કરી શકે તેમજ વિવિધ કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર્ટ ગેલેરી, હેન્ડીક્રાફ્ટ, ડ્રેસ મટીરિયલ્સ, મુખવાસ, ખાણીપીણી, વેસ્ટમાંથી બેસ્ટ વગેરે વસ્તુઓના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આર. ટી. આઈ.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં બાળકોમાં આર. ટી. આઈ. અંગે જાગૃતિ આવે તે હેતુથી તા. ૨-૮-૧૬ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આર. ટી. આઈ.ની પ્રારંભિક માહિતી શાળાના શિક્ષક શ્રી સુહાસ ચૌધરી અને નિશા સિંગે આપી હતી. ત્યાર બાદ ગાંધીનગર સિવિલ કોર્ટના એડ્વોકેટ શ્રી રવિ પંડ્યાએ આર. ટી. આઈ.ની માહિતી અંતર્ગત સમાનતાનો અધિકાર, માહિતીનો અધિકાર અંગેની માહિતી મેળવવા કોને મળવું, ફોર્મ ક્યાંથી લેવું, કોને આપવું અને કેટલા દિવસમાં માહિતી મેળવી શકાય તે અંગેની જરૂરી જાણકારી દૃશ્ય-શ્રાવ્ય સાધનોથી આપી હતી.

## ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે

શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરની ધોરણ-૩ની વિદ્યાર્થિનીઓને તા. ૯-૧૨-૧૬ના રોજ ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જતાં વિદ્યાર્થિનીઓએ વિવિધ પ્રાણીઓ તથા પક્ષીઓ નિહાળ્યાં તેમજ પ્રકૃતિ સૌંદર્ય માણ્યું હતું.

## એઈડઝ જાગૃતિ

શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ઉપક્રમે 'એઈડઝદિન' નિમિત્તે એઈડઝ સંબંધી જાગૃતિ આવે તે અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અસાધ્યરોગ એઈડ્ઝ વિશેની માહિતી વિજ્ઞાન શિક્ષિકા શ્રી ભાવનાબહેન સ્વામીએ ઓડિયો-વીડિયોક્લિપ્સ દ્વારા ધોરણ-૮નાં વિદ્યાર્થીઓને આપી હતી. આ ઉપરાંત રોગી હોય તેવી માતાના ગર્ભસ્થ બાળકને, સ્તનપાન દ્વારા બાળકને ચેપ લાગી શકે વગેરે જેવા પરિબળોથી માહિતગાર કર્યા હતા. આ રોગ ચામડીના સ્પર્શ દ્વારા, દર્દીના વાસણ - કપડાં દ્વારા ફેલાતો નથી તે પણ સમજાવ્યું હતું. એઈડ્ઝના નિદાન માટેની એલીઝા ટેસ્ટ અને વેસ્ટર્ન બ્લોટ ટેસ્ટની માહિતી પણ આપી.

## ગણિત સંમેલન

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, પ્રમુખસ્વામી સાયન્સ અને એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી તથા અખિલ ભારતીય રામાનુજ ગણિત ક્લબના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૨૭ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગણિત સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સમગ્ર ભારતમાંથી ૧૯ રાજ્યોના વિદ્યાર્થીઓએ ગાણિતિક નમૂનાઓ રજૂ કર્યા હતા, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની કૃતિએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો.

## ચિત્ર સ્પર્ધા

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૩૦-૧૧-૧૬ના રોજ ધો.૪થી ૮ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધો. ૪ અને ૫ માટે ચિત્રનો વિષય 'કુદરતી દૃશ્ય અને રંગોળી' તથા ૬થી ૮ 'સ્વચ્છ ભારત અને ઉત્તરાયણ પર્વ' રાખવામાં આવ્યો હતો. જેમાં સુંદર ચિત્રકામ કરનારને ધોરણ દીઠ પ્રથમ અને દ્વિતીય નંબર આપવામાં આવ્યા હતા.

એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૭-૧૨-૧૬ના રોજ વિદ્યાર્થીઓ માટે ફ્લોર પેઇન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં રહેલી ચિત્રકળા નિખારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## નિબંધ સ્પર્ધા

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧-૧૦-૧૬ના રોજ 'સ્વચ્છતા દિનની ઉજવણી' વિષય પર નિબંધ લેખન તથા ૨૫-૧૦-૧૬ના રોજ 'દિવાળી કાર્ડ' બનાવવાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નૅશનલ સાયન્સ કૉંગ્રેસ-૨૦૧૬

● ગાંધીનગર જિલ્લા કક્ષાની નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ-૨૦૧૬ની સ્પર્ધામાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્ય, પોષણ અને સ્વચ્છતા વિષય અંતર્ગત ઘ-૫, ગાંધીનગર, ખાણી-પીણી વિસ્તારની સ્વચ્છતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જેની પસંદગી રાજ્યકક્ષાના નૅશનલ સાયન્સ કૉંગ્રેસ-૨૦૧૬ માટે કરવામાં આવી છે.

## પુસ્તકાલય મુલાકાત

તા. ૨-૧૨-૧૬ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૬ના વિદ્યાર્થીઓમાં વાંચન વૃત્તિ કેળવાય અને પુસ્તકાલયના વિવિધ ભાગો તથા કાર્યોથી માહિતગાર થાય તે હેતુથી સંસ્થાના કેન્દ્રિય પુસ્તકાલયની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથપાલ શ્રી સુરજીતભાઈ વાઘેલા અને શ્રી સીમાબહેન દેસાઈએ ગ્રંથાલયની માહિતી આપીને બાળકોને વાચનના ફાયદા તથા શું શું જોઈએ તે વિશે સમજાવ્યું હતું.

## બાંધણી

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૦-૧૦-૧૬ના રોજ શાળાનાં શિક્ષિકા દિવ્યા પંડ્યાએ સુતરાઉ સફેદ કાપડ પર ફેબ્રીક કલરનો ઉપયોગ કરી પ્રિન્ટ કરીને બાંધણી કેવી રીતે બનાવાય તેનું વિદ્યાર્થીઓ સમક્ષ નિદર્શન કર્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ કઠોળ તેમજ ફેબ્રીક કલરનો ઉપયોગ કરી બાંધણીના વિવિધ નમૂના તૈયાર કર્યા હતા.

## બૅંક મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૮ની ૨૦૫ વિદ્યાર્થિનીઓએ તા. ૨૩-૧૧-૧૬ના રોજ સેક્ટર-૨૨માં આવેલ શ્રી માણસા નાગરિક કો. ઓ. બૅંકની તથા ૧૪૫ વિદ્યાર્થિનીઓએ સેક્ટર-૨૩માં આવેલ મહેસાણા અર્બન કો. ઓ. બૅંકની મુલાકાત લઈ બૅંકની કામગીરી, ખાતાઓના પ્રકાર, ચેક, ડી. ડી. તથા એ. ટી. એમ. વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

## ભજન સ્પર્ધા

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૩૦-૧૧-૧૬ના રોજ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સુંદર રાગમાં અલગ-અલગ ભજનો રજૂ કર્યાં હતાં.

## રમતગમત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૮ની ભાભોર પીનલ-૧૦૦ મીટર દોડમાં પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં ત્રીજો નંબર તથા લાંબીકૂદમાં બીજો નંબર, ધોરણ-૮ની સૈયદ હીનાબાનુ ૪૦૦ મીટર દોડમાં બીજો નંબર અને ધોરણ-૭ની સૈયદ અરબીનાબાનુ ઊંચીકૂદમાં બીજો નંબર પ્રાપ્ત કરતાં રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે. ધોરણ-૮ની દેસાઈ માનસીએ હૅન્ડબૉલમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર તથા રાજ્યકક્ષાએ બીજો નંબર તથા આર્ચરીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

● તા. ૯-૭-૧૬ના રોજ મકતુપુર ખાતે કીક બોક્સીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીની વિદ્યાર્થિનીઓ પૈકી યાદવ રવિન આર, પટેલ ઋતુ પી. તથા પટેલ અર્ચના એ. (U.૧૭) રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે. આંબલિયાસણ ખાતે જિલ્લાકક્ષાની ચેસ સ્પર્ધામાં ચૌધરી રાજીવ એ. (U. ૧૪), પટેલ જય એ. (U. ૧૭) તથા લોઢ સંજય જી. પટેલ, તરુણ પી. અને યાદવ દીપક (U. ૧૯) રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની ધોરણ-૧૧/એની વિદ્યાર્થિની વૈદેહી સુરેશભાઈ ચૌધરીએ તુર્કીમાં યોજાયેલ વર્લ્ડ સ્કૂલ ગૅમ્સ લોન ટેનિસમાં સિંગલ્સની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો. તેમજ આ શાળામાં અભ્યાસ કરતી ઋત્વી રમેશભાઈ ચૌધરીએ તેની સાથે લૉન ટેનિસની ડબલ્સ મૅચમાં જોડીમાં રમીને ફ્રાન્સની ટીમને પરાજય આપીને ચૅમ્પિયનશિપમાં બ્રોન્જ મેડલ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે અંડર-૧૬માં રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે નંબર-૧નું સ્થાન ધરાવતી ઋત્વીનાં માતા શારદાબહેન ચૌધરી આર. જી. પટેલ કન્યા શાળામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં હતાં, જેમણે ગત વર્ષે જ સ્વૈચ્છિક – સેવાનિવૃત્તિ લીધી છે. આ ઉપરાંત ધોરણ-૧૧/ડીની વિદ્યાર્થીની પરમાર જૈમિની રોપસ્કીપીંગમાં પ્રથમ નંબર, U-૧૯ જૂડો સ્પર્ધામાં ધો.-૧૧/ડીની વિદ્યાર્થિની ઠક્કર ભૂમિ એમ. અને ધો-૧૧/

એની વિદ્યાર્થિની રાઠોડ ફાલ્ગુની એમ. જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર મેળવી વિજેતા થતાં રાજ્યકક્ષાએ પસંદગી પામ્યાં છે. જિલ્લાકક્ષાની રસ્સાખેંચની સ્પર્ધામાં શાળાની ટીમ રનર્સ અપ બનેલ છે. જિલ્લાકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાઓ પૈકી ચંપાવત ભાગ્યશ્રી એસ. (૯-અ) : ત્રિપલ જમ્પ, ચૌહાણ ભુવનેશ્વરી એચ. (૧૨-અ) – ગોળા ફેંક, પટેલ યાત્રી એચ. (૯-સી) – લાંબી કૂદ, ૧૦૦મી હડલ્સ તથા હાઈ જમ્પ અને રાઠોડ પ્રિયંકા એચ. (૧૧-અ), ૩૦૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન મેળવતાં રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યાં.

● જિલ્લાકક્ષાની તરણ સ્પર્ધામાં શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૮નો વિદ્યાર્થી પટેલ સ્નેહ કીર્તિકુમાર ૨૦૦ મીટર બેસ્ટ-સ્ટ્રોક ઈવેન્ટમાં પ્રથમ અને ૧૦૦ મીટર બેસ્ટ-સ્ટ્રોક ઈવેન્ટમાં બીજો નંબર તથા ત્રિવેદી દેવ ચેતન બોક્સિંગ તથા સ્કાયમાર્શલ આર્ટમાં પ્રથમ ક્રમે વિજેતા થયા.

● તા. ૧૯-૯-૧૬ના રોજ વડોદરામાં રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી ચૌધરી ચેતન એન. U-૧૪ લાંબી કૂદમાં તૃતીય નંબર અને પંચોલી હર્ષ એસ. U-૧૪ ૬૦૦ મીટર દોડમાં પાંચમો નંબર પ્રાપ્ત કરી નૅશનલ કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

## રમતોત્સવ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. શ્રી પુરુષોત્તમદાસ આર. પટેલ (પૂજ્ય દાસકાકા) સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ સી. એમ. સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલ તથા ક્રિએટીવ ઝોનનાં ઇન્ચાર્જ શ્રીમતી કિરણબહેન પટેલે મહેમાન તરીકે ઉપસ્થિત રહી કેમ્પસમાં સ્થાપિત પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ દોડ, જંપદોડ, સ્લો સાઇકલ, ગોળાફેંક, સંગીતખુરશી, ઝેરી ઢીંગલી, માટલા ફોડ, બુકબેલેન્સ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવ અંતર્ગત રંગોળી, વક્તૃત્વ, ચિત્રસ્પર્ધા, ગીત, એક પાત્રીય અભિનય, નિબંધ વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. સાથે સાથે શાળાનાં શિક્ષકો પણ ગોળાફેંક, મટકાદોડ, સંગીતખુરશી તથા દોરડાકૂદ જેવી સ્પર્ધાઓમાં જોડાયા હતા.

## રંગપર્વ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧-૭-૧૬ના રોજ ધો.-૧થી ૩નાં બાળકો માટે 'કલર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી. આ અંતર્ગત બાળકો અલગ અલગ સાત રંગનાં કપડાં પહેરીને આવ્યાં હતાં અને તે રંગ અનુસાર એક એક વસ્તુ લાવ્યા હતા, તેમજ તે કલર વિશે એક એક વાક્ય બોલ્યાં હતાં. ઓટો વર્લ્ડ મ્યુઝિયમની મુલાકાત અંતર્ગત ધો.-૪નાં બાળકોએ જૂના જમાનાની અલગ-અલગ દેશોની કારો કુતૂહલપૂર્વક નિહાળી હતી.

## રાઇફલ શુટિંગ સ્પર્ધા

● તા. ૩-૭-૧૬ના રોજ કડી ખાતે રાઇફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના પટેલ આદિત્ય કે, પંચાલ ધ્રુવ બી., પટેલ કૃષા એસ. રાવલ, સલોની કે. પટેલ, મહિમા કે. અને ગજ્જર મીતાલી (U.૧૪)માં; સિંધ રાકેશ સેમોન સુખવીર, શેખ સાહિલ પારેખ નિકીતા, વર્મા વિશ્વેશા, પટેલ કૃણાલી અને પરમાર ગ્રીષ્મા (U.૧૭)માં રાજ્યકક્ષા માટે પસંદગી પામેલ છે.

## રાંધણકળા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૫-૧૦-૧૬ના રોજ નોનફાયર કુકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ પ્રકારનાં રાયતાં, ગ્રીન સલાડ, ફળ-ફળાદી અને ફણગાવેલાં વિવિધ કઠોળ દ્વારા થાળીને સજાવી પૌષ્ટિક ડિશ તૈયાર કરી હતી.

## લોકનૃત્ય

● ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ અને જીસીઈઆરટીની હેલ્થ શાખાના સંયુક્ત ઉપક્રમે તમામ જિલ્લામાં રોલ પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા

શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ભ્રૂણહત્યા અટકાવો, બેટી બચાવો, બેટી ભણાવો વિષય પર ફોક ડાન્સ કરવામાં આવતાં દ્વિતીય ક્રમે વિજેતા થઈ.

## વાલી ચિંતન શિબિર

શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૧૦-૧૨-૨૦૧૬ના રોજ ધો. ૧, ૨ના વાલીઓની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા શ્રી નીરૂબહેન પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વાલીશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવેલ તથા કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## વિજ્ઞાનમેળો

● શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં સર્વ વિદ્યાલય કેળવણીમંડળના ઉપક્રમે સર્વ વિદ્યાલય ઇન્ડોર સ્ટેડિયમમાં વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૪૫ વિદ્યાર્થીઓએ ૪૫ વિવિધ વર્કિંગ મોડેલ જેવાં કે ડ્રીપ ઇરીગેસન, હાઈડ્રોલિક જેસીબી, અનલિમિટેડ એનર્જી વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉત્સાહ પૂરો પાડ્યો હતો.

## વિધાનસભાની મુલાકાત

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધો.-૮ના વિદ્યાર્થીઓને વિધાનસભાની અભ્યાસલક્ષી મુલાકાતે તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સચિવાલય અને વિધાનસભામાં થતી કામગીરી સંબંધી માહિતી મેળવી હતી.

## વૃક્ષારોપણ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૪-૬-૧૬ના રોજ આચાર્યા શ્રી મિલીસિંહના માર્ગદર્શન હેઠળ ધો.-૧થી ૪નાં બાળકોએ શાળા પરિસરમાં ૬૦ છોડવાઓ રોપ્યા.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થિનીઓ દ્વારા વૃક્ષારોપણની ઉજવણી અંતર્ગત આચાર્યાશ્રી, શિક્ષકમિત્રો અને વિદ્યાર્થિનીઓ દ્વારા ૧૦૦ જેટલાં વૃક્ષો રોપવામાં આવ્યાં. આ વૃક્ષોનું જતન કરવાની જવાબદારી પણ સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થિનીઓએ જ સ્વીકારેલ છે. આ પ્રસંગે વૃક્ષોનું જતન અને જીવનમાં મહત્ત્વ વિશે તથા વૃક્ષો બચાવો સંબંધી ગીતોના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વૃક્ષારોપણનું આયોજન તા. ૩૦ જુલાઈ, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞમાં સમગ્ર શાળા પરિવારે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી વૃક્ષોનું જતન કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## શિષ્યવૃત્તિ

● પ્રતિવર્ષ ધો.-૧૨માં બોર્ડની પરીક્ષામાં ઊંચી ટકાવારી સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશન તરફથી કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ અપાય છે. આ અન્વયે ચાલુ વર્ષે શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા, ગાંધીનગરની દિવ્યાંગ વિદ્યાર્થિની કુ. બંસરી ભદ્રેશભાઈ રાઠોડ બૉર્ડમાં પ્રથમ ક્રમે પાસ થતાં ઉપરોક્ત સ્કોલરશિપ માટે પસંદગી થઈ છે. તેને ઉચ્ચ અભ્યાસ માટે પ્રતિવર્ષ ૧૨૫૦૦ રૂ. સ્કોલરશિપ મળશે.

## શૈક્ષણિક પ્રવાસ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૪નાં બાળકોને હેડ પોસ્ટ ઑફિસ, અડાલજની વાવ તથા ત્રિમંદિરની મુલાકાતે તા. ૨૮-૭-૧૬ રોજ લઈ જવામાં આવ્યાં હતાં. આ મુલાકાત દરમિયાન બાળકોને જે તે પર્યટન સ્થળ વિશે માહિતી આપવામાં આવી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૭થી ૧૯-૧૦-૨૦૧૬ દરમિયાન શ્રીનાથદ્વારા, ચિત્તોડગઢ, હલ્દીઘાટી, આબુ અને અંબાજી વગેરેના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૪ વિદ્યાર્થિનીઓ અને ૮ શિક્ષકો જોડાયાં હતાં. આ ઉપરાંત તા. ૧૯-૧૦-૧૬ના રોજ ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે કાંકરિયાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા તથા એસ. જી.

અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે એક દિવસનો સરદાર સરોવર અને પોઈચા શ્રી સ્વામીનારાયણ મંદિરનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુજરાતનું પ્રવાસન સ્થળ અને જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ અને જળવિદ્યુત મથકની મુલાકાત લેવાની સાથે સાથે પ્રાકૃતિક સૌંદર્યને પણ માણ્યું હતું. સાથે-સાથે પોઈચા શ્રી સ્વામીનારાયણ મંદિરમાં ભગવાનનો મહાઅભિષેક, આરતી વગેરેના દર્શન કર્યાં હતાં. તેમજ પ્રદર્શન જોઈ શૈક્ષણિક તેમજ ધાર્મિક માહિતી મેળવી હતી.

## સમય વ્યવસ્થાપન

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ શાળા, કડીના પ્રાથમિક, માધ્યમિક અને ઉ. મા. વિભાગના શિક્ષકો માટે ટાઇમ મૅનેજમેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટાઇમ મૅનેજમેન્ટ વિશે સમજણ આપવા ઉપરાંત આ સંબંધી કોયડા તથા રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સાબરમતી આશ્રમની મુલાકાત

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૬ના વિદ્યાર્થીઓને તા. ૨૧-૭-૧૬ના રોજ સાબરમતી આશ્રમ, અમદાવાદની મુલાકાત લઈ જતાં ગાંધીજીના જીવનચરિત્ર અને ગાંધીજીનાં સિદ્ધાંતો અને વ્રતો-સત્ય, અહિંસા અને સ્વચ્છતા વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત કપડાનાં વેસ્ટમાંથી કાગળ બનાવવાની પેપર મિલની મુલાકાત લઈ કાગળ બનાવવાની મશીનરી અને પદ્ધતિ વિશે રસપ્રદ માહિતી મેળવી હતી.

## સ્વચ્છતા અભિયાન

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૩-૧૧-૧૬ના રોજ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર બસ પાર્કિંગ, શાક માર્કેટ વગેરે સ્થળોની સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો પણ જોડાયા હતા.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ, ગાંધીનગર દ્વારા તા. ૧-૧૦-૧૬ના રોજ ગાંધીજયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન તથા તે સંબંધી પ્રભાત ફેરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ ગાંધીબાપુ સંબંધી વિવિધ નારાઓથી સમગ્ર કેમ્પસ ગજાવી મૂક્યું હતું. દરેક બાળકના ગળામાં સ્વચ્છતા સંબંધી સૂત્રનાં પૂઠાંના બોર્ડ પણ લટકાવવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ બધાં બાળકોને ડી. એસ. પી. ઑફિસની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યાં હતાં.

## સ્વાસ્થ્ય જાગૃતિ

દિવાળીના તહેવારોના પ્રારંભ પૂર્વે શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા ફટાકડા અને બજારૂ મીઠાઈથી સ્વાસ્થ્ય પર થતી માઠી અસરોની જાણકારી આપી તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપતી પત્રિકાઓ વિદ્યાર્થીઓ દ્વારા ગામડાંઓ સુધી પહોંચાડી જન-જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ફટાકડામાં વપરાતા ગંધક, સલ્ફર જેવા પદાર્થોના દહનથી સલ્ફર ડાયોક્સાઈડ, ફોસ્ફરસ પેન્ટોક્સાઈડ જેવા ઝેરી વાયુઓ ઉત્પન્ન થાય છે જે શ્વસનતંત્રના રોગો માટે જવાબદાર છે. ધુમાડાથી થતા હવાના પ્રદૂષણથી પર્યાવરણને થતું નુકસાન, આગ લાગવાની કે દાઝી જવાની ઘટનાઓ અંગે જાણકારી આપી સમસ્યાઓને દૂર કરી સ્વાસ્થ્યને ટકાવી રાખવાની અપીલ કરવામાં આવી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૬, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૬, સળંગ અંક : ૩૬**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત ભજન સ્પર્ધાનાં બે દ્રશ્યો







એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનનું એક દ્રશ્ય



કડીમાં આયોજિત પૂ. છગનભા રમતોત્સવમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિજેતા વિદ્યાર્થીઓ.









શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત રમતોત્સવનાં દ્રશ્યો



શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ ખેતરને ખોળે.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 6, Issue No. 6 November-December 2016**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત બાલોત્સવનું એક દ્રશ્ય

